Super Visa/ Visitor to Canada Insurance
- Best Mortgage Rates
- 1st and 2nd Mortgages
- Life and Critical Illness Insurance
- RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH
Sales Representative
Dir: 647-995-5640
KOMAL SHAH
Sales Representative
Dir: 647-624-5640
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 12 AUGUST, 2022 Vol. 19, No. 32 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# મહારાષ્ટ્રમાં ITના દરોડા : 390 કરોડની બેનામી સંપતિ જપ્ત

## 58 કરોડ રોકડા, 32 કિલો સોનાના, 16 કરોડના હીરા જોઈ અધિકારીઓ પણ દંગ રહી ગયા

**મુંબઈ**

આઈટી વિભાગને બંગાળ બાદ હવે મહારાષ્ટ્રમાંથી પણ મોટા પ્રમાણમાં રોકડ મળી આવી છે. ગુરુવારે મહારાષ્ટ્રના જાલના ખાતે સ્ટીલ, કાપડના વેપારી અને રિયલ એસ્ટેટ ડેવલપરની ઓફિસ, ફેક્ટરી તથા ઘર સહિતના સ્થળોએ પાડવામાં આવેલા દરોડામાં મોટા પ્રમાણમાં બેનામી સંપત્તિ મળી હતી. આવકવેરા વિભાગે આશરે ૩૯૦ કરોડની બેનામી સંપત્તિ જપ્ત કરી છે. જેમાં ૩૨ કિગ્રા સોનું, હીરા-મોતીના દાગીના, અનેક પ્રોપર્ટીના દસ્તાવેજો સહિત ૫૮ કરોડ રૂપિયાની રોકડનો સમાવેશ થાય છે. દરોડા દરમિયાન મળેલી રોકડને ગણવા માટે આશરે ૧૩ કલાક જેટલો સમય લાગ્યો હતો. આવકવેરા વિભાગે ૧થી ૮ ઓગષ્ટ દરમિયાન આ કાર્યવાહી કરી હતી. આઈટીની નાસિક બ્રાન્ચે આ ઓપરેશન પાર પાડયું છે. રાજ્યના ૨૬૦ અધિકારીઓ અને કર્મચારીઓ આ કાર્યવાહીમાં સામેલ થયા હતા. આવકવેરા વિભાગની ટીમોએ તેમના વાહનો પર 'દુલ્હન હમ લે જાયેંગે' તેવા સ્ટીકર લગાવ્યા હતા. તેના કારણે લોકોને લાગ્યું હતું કે આ કોઈ લગ્ન પ્રસંગે જઈ રહેલી ગાડીઓ છે અને કોઈને આવકવેરાની ટીમો હોવાની શંકા નહોતી ગઈ. કાપડ અને સ્ટીલના વેપારીના ઘરેથી મળી આવેલી નોટોને જાલનાની સ્થાનિક સ્ટેટ બેંકની શાખામાં લઈ જવામાં આવી હતી અને તેની ગણતરી કરવામાં આવી હતી. સવારે ૧૧:૦૦ વાગ્યાથી રોકડની ગણતરી શરૂ થઈ હતી જે રાત્રે લગભગ ૧:૦૦ વાગ્યા સુધી ચાલી હતી. આઈટીની ટીમને ઘરમાં કંઈ નહોતું મળ્યું પરંતુ શહેરની બહાર ફાર્મહાઉસમાંથી રોકડ, સોનું અને હીરા સહિતના અનેક દસ્તાવેજ મળી આવ્યા હતા.





ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

# રાજૌરીમાં રક્ષાબંધને આત્મઘાતી હુમલો : 2 આતંકી ઠાર, 3 જવાન શહીદ, 6 ઈજાગ્રસ્ત

શ્રીનગર : સ્વતંત્રતા દિવસ પહેલાં દેશ રક્ષાબંધન તહેવારની ઊજવણી કરી રહ્યો હતો તેવા સમયે જમ્મુ-કાશ્મીરના રાજૌરી ખાતે સૈન્યના જવાનોએ પારઘલ આર્મી કેમ્પમાં ઉરી જેવા હુમલાનું કાવતરું નિષ્ફળ કર્યું હતું. અહીં કેટલાક આત્મઘાતી હુમલાખોરોએ પારગલ આર્મી કેમ્પમાં ઘૂસવાનો પ્રયત્ન કરતાં સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો હતો, જેમાં બે આતંકી ઠાર થઈ ગયા હતા. લગભગ ચાર કલાક ચાલેલા આ એન્કાઉન્ટરમાં ત્રણ જવાન શહીદ થયા હતા અને ૬ જવાનો ઈજાગ્રસ્ત થયા હતા તેમ પીઆરઓ જમ્મુ લેફ્ટનન્ટ કર્નલ દેવેન્દર આનંદે કહ્યું હતું. આતંકીઓ પાસેથી બે એકે-૪૭, ૯ મેગેઝીન, ૩૦૦ રાઉન્ડ અને ૫ ગ્રેનેડ જપ્ત કરાયા છે. પારગલ આર્મી કેમ્પ રાજૌરીથી ૨૫ કિ.મી. દૂર છે. ૧૧ રાષ્ટ્રીય રાઈફલ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ આર્મી કેમ્પમાં આતંકીઓએ આત્મઘાતી હુમલો કર્યો હતો. આ હુમલામાં ત્રણ જવાન શહીદ થયા છે.

સ્વદેશ પરિવાર તરફથી વાંચકો તથા વિજ્ઞાપન દાતાઓને ભારતના ૭૬માં સ્વાતંત્ર્ય દિનની હાર્દિક શુભકામના

– તંત્રી શ્રી

AIR CANADA
KLM
AIR FRANCE
QATAR
SWISS
LUFTHANSA
BRITISH AIRWAYS
Airline Tickets - Whole Sale Price
Travel insurance With Discount
Free Oath Commissioner Services
All Inclusive Vacation Tour Packages
Fast + Best Services
VISA, PASSPORT, OCI
INTERSKY TRAVEL
514-389-7070
20 YEARS

Closing down sale !
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Upto 80% off
• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees. • 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

- Residential
- New Condos
- Investments
- Commercial
દુઃખમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

ROMULUS IMMIGRATION
RCIC
GLOBAL REACH ..... CANADIAN CORE...
STUDY PERMITS, VISITOR VISA, PR & CITIZENSHIP APPLICATION
• Refugee Case and Appeal
• P.R. Applications
• Citizen Applications
• Work Permit applications
• Family Sponsorships
• Super visa • Student Visa
• Humanitarian & Compassionate
• Grounds Applications ( H&C) Immigration Appeals
• Express Entry • Business visitor
• Post Graduate
• Work Permit ( P.G.W.P)
• Canadian Experience Class
• Oath commissioner Services
• Provincial Nominee Application (PNP)
RCIC MOHIT AHUJA
RCIC ANKITA AHUJA
info@romulusimmigration.com, 438-795-4690, 438- 836-7400

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# વર્ક વિઝામાં વિલંબથી બિઝનેસ ઉપર નકારાત્મક અસર

## અભ્યાસમાં તારણ નીકળ્યું કે 94% સંસ્થાઓએ પ્રોજેક્ટ્સ રદ કર્યા, કામદારોની અરજીઓનો પણ ભરાવો

**ઓન્ટેરિયો**

કેનેડિયન એમ્પ્લોયી રિલોકેશન કાઉન્સિલ (CERC), એક બિન-નફાકારક કે જે ખાસ કરીને કર્મચારીઓની ગતિશીલતાની બાબતોમાં રસ ધરાવે છે, તેણે જૂન 2022 મહિના દરમિયાન એક સર્વે હાથ ધર્યો હતો. જેમાં કેનેડિયન કંપનીઓ, શૈક્ષણિક ઈન્ટરનેશનલ મોબિલિટી પ્રોગ્રામ (IMP)ને નિયમિતપણે એક્સેસ કરતી કુલ 33 સંસ્થાઓએ પ્રતિભાવ આપ્યો હતો.

જાન્યુઆરી 2021થી તુલનાત્મક સર્વેક્ષણ થતા જણાયું કે, સંસ્થાઓ અને સરકાર દ્વારા ભંડોળ મેળવતી સંસ્થાઓ કે જેઓ ઈમિગ્રેશનનો ઉપયોગ કરે છે તેના ઉપર ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા (IRCC)માં વિલંબને કારણે નકારાત્મક અસર થાય છે. જૂન અને જુલાઈ વચ્ચે, IRCC ખાતે અરજદારોનો એકંદર ભરાવો 2.4 મિલિયનથી વધીને 2.7 મિલિયન થયો, જે 12% નો વધારો હતો. તે જ સમય દરમિયાન અસ્થાયી વિદેશી કામદારોની અરજીનો ભરાવો 408,733થી 21% વધીને 493,746 અરજદારોનો થઈ ગયો છે.

IRCCના નિયત ધોરણો કરતાં ઓછા સમયમાં આ પ્રક્રિયાને આગળ વધારાઈ છે. સર્વેક્ષણમાં ભાગ લેનારા તે નોકરીદાતાઓમાંથી, 97% વર્ક પરમિટ પ્રોગ્રામ્સ દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રતિભાને હાયર કરે છે અને 53% આર્થિક ઈમિગ્રેશનનો ઉપયોગ કરે છે. મોટાભાગની એટલે કે, 90%, સહભાગી સંસ્થાઓ 2,000થી વધુ કામદારો અને 31% એટલે કે 10,000થી વધુ કામદારોને રોજગારી આપે છે.

IRCC ઉપર પ્રક્રિયામાં વિલંબ થતા વર્ષે ઉત્તરદાતાઓની 97% કામગીરી ઉપર નકારાત્મક અસર થઈ રહી છે. પ્રક્રિયામાં વિલંબને કારણે લગભગ 94% સંસ્થાઓએ પ્રોજેક્ટ્સ રદ કર્યા અથવા વિલંબિત કર્યા છે.

55% સંસ્થાઓને આ વિલંબને પરિણામે આવકમાં નુકસાન થઈ રહ્યું છે. કેટલીક કેનેડિયન યુનિવર્સિટીઓએ સર્વેમાં ભાગ લીધો હતો, જેમાંથી 29 ટકાએ શૈક્ષણિક કાર્યક્રમોને રદ કરવા અથવા મુલતવી રાખવા તેમજ સંશોધન પ્રોજેક્ટ્સમાં વિલંબની જાણ કરી હતી.

# ઓન્ટેરિયોમાં આરોગ્ય કર્મચારીઓની અછત નિવારવા ખાનગીકરણ સંભવ

## ડેમોક્રેટીક પાર્ટીના હેલ્થકેર સમીક્ષકે સરકારના વલણની નિંદા કરી

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો પ્રાંતની હોસ્પિટલોમાં સ્ટાફની તંગીની સમસ્યાના ઉકેલ માટે આરોગ્ય વિભાગ ઘણાં વિકલ્પો પર વિચારણા કરી રહ્યો છે. હેલ્થ મિનીસ્ટર પણ આ સમસ્યાના ઉકેલ માટે ખાનગીકરણના વિકલ્પને નકારતા નથી.

સિલ્વીયા જોન્સે કહ્યું હતું કે, સરકાર ઈમરજન્સી વિભાગ બંધ ન કરવો પડે એ વિશે ઘણા વિકલ્પોનો વિચાર કરી રહી છે. શું સરકાર ખાનગીકરણ વિશે વિચારે છે ? એવા સવાલના જવાબમાં તેણે કહ્યું હતું કે, સરકાર સમક્ષ ઘણાં વિકલ્પો છે. ઓન્ટેરિયોમાં હજુ ઘણાં નવીન વિચારો અને તકો ઉપલબ્ધ છે અને અમે એ બધાનો ઉપયોગ કરવા તૈયાર છીએ. તેમણે આ વાત બુધવારે વિધાનસભામાં વાતચીત દરમિયાન કરી હતી. આ ઉનાળામાં ઘણીવાર ઈમરજન્સી વિભાગ કલાકો સુધી કે દિવસો સુધી બંધ રહ્યો હતો. જેનું મુખ્ય કારણ સ્ટાફની તંગી જ હતું. તેણે કહ્યું કે તે પ્રાંતના હોસ્પિટલ કોર્પોરેશનો સાથે પણ ચર્ચા કરી રહી છે. અને સરકાર પણ કેટલાક નિયમોમાં ફેરફાર કરવા તૈયાર છે. એટલે આરોગ્ય ક્ષેત્રની સમસ્યાનો ઉકેલ ઝડપથી મળી શકશે. એનડીપીના વચગાળાના નેતા પીટર ટેબુન્સે કહ્યું હતુ કે, હેલ્થ કેર સેકટરના ખાનગીકરણથી ઓન્ટેરિયોને ભારે નુકસાન થઈ શકે છે. ઓન્ટેરિયોના વિરોધપક્ષની એક અન્ય પાર્ટી ડેમોક્રેટીક પાર્ટીના હેલ્થકેર સમીક્ષક ફ્રાન્સ જીડીનાસે કહ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રના ખાનગીકરણની વાત જ ચિંતાજનક છે. જોન્સ અને ફોર્ડ મંગળવારથી જ હોસ્પિટલોમાં નર્સિંગ સ્ટાફની તંગી વિશેનો ઉકેલ શોધવા માંડયા હતા અને કહ્યું હતું કે, જો એ જ વાત હોય તો અમે ૫૦૦૦ નર્સોને નોકરી આપવા તૈયાર છીએ.

# વડાપ્રધાન ટ્રુડોને ધમકી આપવા મામલે કિચનરનો શખ્સ દોષી ઠર્યો

## ચૂંટણી પ્રચાર સમયે વિરોધ પ્રદર્શન કરનારાઓએ અભદ્ર ભાષામાં બૂમો પાડી હતી

**કેમ્બ્રિજ**

ઓન્ટારિયોના કિચનરનાં શખ્સે ગયા ઉનાળામાં કેમ્બ્રિજમાં ચૂંટણી પ્રચાર માટે આવેલા વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને ધમકી આપી હોવાની ફરિયાદ થઈ હતી. આ કેસમાં આરોપીને અદાલતે દોષી ઠેરવ્યો છે. ગયા અઠવાડિયે, ડાયરને હત્યાની ધમકીના આરોપમાં દોષિત ઠરાવવામાં આવ્યો હોવાનું કોર્ટના દસ્તાવેજો ઉપરથી સ્પષ્ટ થયુ છે.

29 ઓગસ્ટ, 2021ના રોજ, ટ્રુડોએ ભાષણ આપવા માટે કેમ્બ્રિજમાં એક બિઝનેસ હાઉસની મુલાકાત લીધી હતી. તે સમયે તેણે કરેલા વિરોધ પ્રદર્શનને કારણે વડાપ્રધાનના કાર્યક્રમમાં વિલંબ થયો હતો, જેમાં 200 જેટલા લોકો સામેલ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

વિરોધ પ્રદર્શન દરમિયાન લોકોએ અભદ્ર ભાષામાં બૂમો પાડી અને ટ્રુડોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી અને તેમના ઉપર ખોટા આક્ષેપો મૂક્યા હતા. 10 સપ્ટેમ્બર, 2021ના રોજ, વોટરલૂ પ્રાદેશિક પોલીસે જણાવ્યું હતું કે, 32 વર્ષીય કિચનરના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી અને તેની સામે ધમકીઓ આપવાના બે ગુના નોંધાયા હતા.

# સમસ્ત બ્રાહ્મણ સોસાયટી ઓફ કેનેડા દ્વારા સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો







**ઓન્ટેરિયો**

સમસ્ત બ્રાહ્મણ સમાજ ઓફ કેનેડાની સ્થાપના 2020માં બ્રામ્પટનના ઉત્સાહી મહિલા જાગૃતિબેન ભટ્ટ દ્વારા થઈ હતી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિના યુવક-યુવતીઓનો મેળાપ કરી લગ્ન માટે પ્રોત્સાહિત કરવાનો હતો. જેને પણ ઉત્તરોત્તર સારો પ્રતિસાદ મળતો રહ્યો છે. બ્રાહ્મણ જ્ઞાતિઓના બાળકોને હિન્દુ સંસ્કૃતિ મુજબ પરદેશમાં પણ યજ્ઞોપવિતના સંસ્કાર મળતા રહે તે આશયથી સમૂહ યજ્ઞોપવિતનો કાર્યક્રમ રાખવાનું સૂચન થતાં આ કાર્યક્રમ ઓગસ્ટ-2022માં નક્કી કરાયો હતો.

કાર્યક્રમમાં સાત બટૂક તૈયાર થાય તેના પ્રયત્નો શરૂ કરાયા, પરંતુ આ સારો પ્રતિસાદ મળતા 33 બટૂકોએ યજ્ઞોપવિત ધારણ કરવા તૈયારી દાખવી હતી. જે મુજબ તા.7મી ઓગસ્ટ-2020ને રવિવારે બ્રામ્પ્ટન ફેર ગ્રાઉન્ડ્સ કેલેડોન ખાતે કાર્યક્રમનું આયોજન થયુ હતુ. 33 બટૂકોમાં 1 બટૂક કેલગીરીથી અને અન્ય 1 બટૂક ન્યૂજર્સીથી આવ્યો હતો. સવારે યજ્ઞોપવિત ધારણ કરી ભૂદેવોને યજ્ઞોપવિત શાસ્ત્રોક્ત વિધી બદલવાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ સમૂહ યજ્ઞોપવિતના બટૂકો અને તેના વાલીજનોએ ગણેશ સ્થાપન, મંડપ મૂહુર્ત, ગૃહશાંતિ કરી હતી. ભોજન અને વિરામ બાદ યજ્ઞોપવિત સંસ્કાર અપાયા હતા. યજ્ઞોપવિત લીધેલા સંસ્કાર બટૂકોને જ્ઞાતિની પ્રથા મુજબ બળવાની વિધી પણ કરવામાં આવી હતી. આ તકે ગરબાનું આયોજન પણ નીક પંડ્યાના ગરબા વૃંદ દ્વારા કરાયુ હતુ.

આચાર્ય દિપક વ્યાસજી અને તેમની ટીમે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધીથી યજ્ઞોપવિત સંસ્કારની વિધિ સંપન્ન કરાવી હતી. રીજીયોનલ કાઉન્સેલર ગુરૂપ્રિત ધીલ્લોન સહિતના આગેવાનોએ બટૂકોને આશીર્વચન આપ્યા હતા. સંસ્થાના પ્રમુખ જાગૃતિબેન ભટ્ટ, ગેરી ભટ્ટ તથા સંસ્થાના કમિટીના સભ્યોએ અથાગ પ્રયત્નો કરી આયોજન કરતા બટૂકોના કુટુંબીજનો પાસેથી કોઈપણ પ્રકારનો ફાળો લીધા વગર કાર્યક્રમ પાર પડાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ સાથે ગેરી ભટ્ટ તથા અન્ય કમિટી મેમ્બરો તથા સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.



# હાઉસિંગ કટોકટી વચ્ચે ડેવલપમેન્ટ ફીમાં વધારો કરવો તદ્દન અયોગ્ય : ડેવલપર્સ

## સિંગલ-ડિટેચ અથવા સેમી-ડિટેચ ઘર બનાવનારા ડેવલપર્સ વધારાના 43,062 ડોલર ચૂકવશે

**ટોરોન્ટો**

ડેવલપમેન્ટ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ અને હાઉસિંગ બાબતના જાણકાર એડવોકેટ ચેતવણી આપી રહ્યા છે કે, ટોરોન્ટો સિટી કાઉન્સિલ દ્વારા નવા આવાસ બનાવવાની કિંમતમાં વધારો કરવાનો તાજેતરનો નિર્ણય શહેરના પુરવઠાને વધુ અસર કરી શકે છે. આ સાથે જ પોષણક્ષમ ભાવે મળનારા આવાસમાં એની અસર વર્તાઈ શકે છે.

કાઉન્સિલે જુલાઈમાં નવા મકાનો માટેની ડેવલપમેન્ટ ફીમાં 46 ટકાનો વધારો કરવાનું નક્કી કર્યું હતું, જે મુજબ આગામી બે વર્ષમાં તબક્કાવાર વધારો કરવામાં આવશે. જ્યારે બિલ્ડિંગ પરમિટ આપવામાં આવે ત્યારે ફી લેવામાં આવે છે અને તેનો ઉપયોગ પરિવહન, રસ્તાઓ અને આવાસ સહિત વધતી જતી વસ્તીને ટેકો આપવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે કરવામાં આવે છે.

સિંગલ-ડિટેચ અથવા સેમી-ડિટેચ ઘર બનાવનારા ડેવલપર્સ 93,978 ડોલરના વર્તમાન દર કરતાં વધારાના 43,062 ડોલર ચૂકવશે. જ્યારે બે કે તેથી વધુ બેડરૂમ સાથે કોન્ડો બાંધવાનો ચાર્જ 77,679 ડોલરથી વધીને 35,592 ડોલર થશે અને બે કે તેથી વધુ બેડરૂમવાળા એપાર્ટમેન્ટની ફી 55,012 ડોલરથી 25,206 ડોલરે પહોંચી જશે. ઓન્ટેરિયોના રેસિડેન્શિયલ કન્સ્ટ્રક્શન કાઉન્સિલના પ્રમુખ રિચાર્ડ લાયલે જણાવ્યું હતું કે, આ વધારો હાલમાં હાઉસિંગ પ્રોજેક્ટ્સને આર્થિક રીતે અસર કરનારો નિવડી શકે છે. તેના પરિણામે આગળ જતા પ્રોજેક્ટ્સ રદ થશે. લાયલે જણાવ્યું હતું કે, ડેવલપર્સ પહેલેથી જ ગગનચુંબી ઈમારતોના બાંધકામનો ખર્ચ અને કુશળ મજૂરોની અછતનો સામનો કરી રહ્યા છે. શહેરની સમાવિષ્ટ ઝોનિંગ નીતિ હેઠળ ટ્રાન્ઝિટ સ્ટેશનોની નજીકના નવા પ્રોજેક્ટ્સમાં પોષણક્ષમ એકમોનો સમાવેશ કરવાની જરૂરિયાત છે. જેને માટે ડેવલપર્સને સબસિડી આપશે. લાયલે જણાવ્યું હતું કે, ઘર ખરીદનારા અને ભાડે લેનારાઓ માટે આ ફી વધારો આવાસની પહેલેથી જ ઊંચી કિંમતમાં હજુ વધારો કરશે.

# 2022ના બજેટમાં ઓન્ટેરિયોના માતા-પિતાને બીજું પે-આઉટ મળશે


## અભ્યાસમાં પડતી મુશ્કેલીઓને દૂર કરવાની સરકારની નેમ

**ઓન્ટેરિયો**

કેટલાક વાલીઓને આ વર્ષે ફરીથી ઓન્ટેરિયો સરકાર તરફથી સીધી ચૂકવણી મળી શકે છે. જે અગાઉ 2022ના બજેટમાં સામેલ ન હતી. જેનો ઉલ્લેખ મંગળવારે સરકારની એક જાહેરાતમાં કરવામાં આવ્યો હતો. વિધાનસભામાં બોલતા, લેફ્ટનન્ટ-ગવ. એલિઝાબેથ ડાઉડેસવેલે જણાવ્યું હતું કે, જ્યારે બજેટ ફરીથી રજૂ કરવામાં આવશે, ત્યારે તેમાં માતા-પિતાને તેમના બાળકોના ઉછેરમાં મદદ કરવા માટે આ સીધી ચૂકવણીમાં બે વર્ષમાં વધારાના 225 મિલિયન ડોલર અપાશે.

આ ભંડોળ સીધું માતા-પિતાને મળશે. પ્રાંતનાં જાહેર શિક્ષણમાં 26.6 બિલિયન ડોલર કરતાં વધુનું રોકાણ થયુ છે, જે ઓન્ટેરિયોના ઈતિહાસમાં સૌથી વધુ છે. નાણા મંત્રાલયના પ્રવક્તાએ પુષ્ટિ આપી હતી કે આ ભંડોળ બજેટમાં એક નવો ઉમેરો છે અને તે વિગતોને હજુ અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે, જેમાં તમામ માતા-પિતાને ચૂકવણી કરવામાં આવશે કે અમુક ચોક્કસ વર્ગને જ મળશે એ નક્કી કરવામાં આવ્યું નથી. બે વર્ષના રોગચાળાના વિક્ષેપ પછી વિદ્યાર્થીઓને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓને દૂર કરવામાં મદદ કરશે. અમે આ પ્રોગ્રામને કેવી રીતે આગળ વધારવા જઈ રહ્યાં છીએ તે અંગે અમારી પાસે વધુ વિગતો છે. પરંતુ એ પહેલાં અમે માતા-પિતાને સાંભળીશું અને તેમની જરૂરિયાત મુજબનું ભંડોળ અમે તેમને કેવી રીતે પૂરું પાડી શકીએ એ નક્કી કરીશું.

# કેનેડાના હાઉસિંગ માર્કેટમાં વિસંગતતા, મકાનોનું વેચાણ ઘટ્યું, પણ ભાડામાં વધારો



વર્ક ફ્રોમ હોમની પદ્ધતિ નાબૂદ થવા માંડતા કામદારોને રોજગાર કેન્દ્ર નજીક મકાનોની શોધ

**ઓન્ટેરિયો**

કેનેડામાં તાજેતરમાં વિરોધાભાસી હાઉસિંગ માર્કેટ ઉભરી આવ્યું છે. એક તરફ મકાનોના ભાવ અને વેચાણ ઘટી રહ્યા છે, તો બીજી તરફ ભાડામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. જેને કારણે મકાન ભાડે આપનારા લોકો પર દબાણ વધ્યું છે.

ટોરોન્ટો રિજનલ રિયલ એસ્ટેટ બોર્ડ (TRREB) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા ડેટામાં જાણવા મળ્યું છે કે, 2022ના બીજા ત્રિમાસિક ગાળામાં સૌથી સામાન્ય એવાં એક બેડરૂમનાં ફ્લેટનું સરેરાશ ભાડું દર વર્ષે વધતાં વધતાં 20 ટકા વધી ગયું છે, જ્યારે બે અને ત્રણ બેડરૂમનાં એપાર્ટમેન્ટના ભાડામાં અનુક્રમે 15.3 અને 12.8 ટકાનો વધારો થયો છે. તે જ સમયે, પુરવઠામાં ઘટાડો થયો છે. TRREB પ્લેટફોર્મમાં નોંધવામાં આવેલાં ભાડાના એપાર્ટમેન્ટમાં પાછલા વર્ષની સરખામણીમાં બીજા ક્વાર્ટરમાં 30 ટકાનો ઘટાડો થયો છે. લીઝ પર આપેલાં એક બેડરૂમના એપાર્ટમેન્ટની સંખ્યામાં પણ વાર્ષિક ધોરણે 16 ટકાનો ઘટાડો થયો છે.

ટાઉનહાઉસ અન્ય પ્રકારના આવાસોનું નિર્માણ કરે છે, જે ભાડે આપનારાઓમાં લોકપ્રિય છે. ટાઉનહાઉસ ભાડામાં વધારો પ્રમાણમાં ઓછો હતો. બે બેડરૂમનાં ટાઉનહાઉસમાં ગયા વર્ષે 11 ટકાનો વધારો થયો છે. જો કે, ત્યાંનું વલણ એકસમાન નહોતું. બે બેડરૂમના ભાડાના ટાઉનહાઉસમાં થોડો ઘટાડો થયો તેની સરખામણીમાં બીજા ક્વાર્ટરમાં લીઝ ઉપર આપેલા ત્રણ બેડરૂમના ટાઉનહાઉસની સંખ્યામાં 25 ટકાનો વધારો થયો હતો.

# આઈઆરસીસીએ કેનેડિયન ઈમિગ્રેશન માટે નવા ભાષા પરીક્ષણને મંજૂરી આપી

**ટોરોન્ટો**

IRCC એ તાજેતરમાં ઈકોનોમિક ક્લાસ ઈમિગ્રેશન અરજદારો માટે નવી ભાષા કસોટી માટે સૈદ્ધાંતિક રીતે હોદ્દાને મંજૂરી આપી દીધી છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (IRCC) ની ધારણા છે કે, આ ટેસ્ટ 2023ની મધ્ય સુધીમાં લાગુ કરવામાં આવશે. નવી ભાષા કસોટીનું નામ 10 મેના રોજ મીડિયા દ્વારા મેળવેલી એક નોંધમાં સુધારવામાં આવ્યું હતું. આ માટે હાલમાં માત્ર ચાર નિયુક્ત સંસ્થાઓ છે. જેમાં અંગ્રેજી માટે IELTS અને CELPIP, પછી ફ્રેન્ચ માટે TEF અને TCFનો સમાવેશ થાય છે.

IRCC કહે છે કે, રોગચાળા દરમિયાન કેટલાક પડકારો હોવા છતાં, કેટલીક નિયુક્ત પરીક્ષણ સંસ્થાઓએ ઈમિગ્રેશન અને નાગરિકતા મેળવવા માંગતા અરજદારોની માંગને પહોંચી વળવાનું ચાલુ રાખ્યું છે.

મેમો કહે છે કે IRCC આગામી 12 મહિનાની અંદર સંભવિત પહેલ અને સુધારાની શોધ કરશે. જો અમલમાં મૂકવામાં આવે તો આ ફેરફારોને કારણે વધુ સંસ્થાઓ હોદ્દો મેળવવામાં રસ લેતી થાય તેવી અપેક્ષ છે. હાલમાં, ભાષા પરીક્ષણ પ્રદાતાઓની સંભવિત સંખ્યા અને IRCC જે કરાર કરી શકે છે, તેની કોઈ મર્યાદા નથી. ભાષા પરીક્ષણો સંબંધિત વિભાગીય ભૂમિકાઓ અને જવાબદારીઓ હાલમાં યોગ્ય રીતે પરિભાષિત નથી.

અગાઉ નીતિ અંગેની કેટલીક પ્રાથમિક વિગતો સુધારવામાં આવી હતી. અમે જાણીએ છીએ કે IRCCની પહેલી પ્રાથમિકતા અનામી કંપની સાથે એગ્રીમેન્ટ પૂર્ણ કરવાની છે, જેથી સત્તાવાર હોદ્દો જારી કરવામાં આવે અને અમલીકરણની પ્રક્રિયા શરૂ થઈ શકે.

# ટોરોન્ટો ચૂંટણી માટે 15,000 લોકોની ભરતી કરાશે

**ટોરોન્ટો**

ટોરોન્ટો શહેરમાં 24 ઓક્ટોબર, 2022નાં રોજ યોજાનારી મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીમાં કામ કરવા માટે 15,000 લોકોને નોકરી ઉપર રાખવા વિચારણા થઈ રહી છે. મોટાભાગની નોકરીઓમાં ચૂંટણીના દિવસે કામ કરવા માટે થોડા કલાકોની તાલીમ સાથે 235થી 425 ડોલર ચૂકવવામાં આવે છે. કેટલીક સ્થિતિમાં ઉમેદવારોને અગાઉથી મતદાનના દિવસો માટે કામ સોંપવામાં આવશે. જે ઓક્ટો. 7થી ઓક્ટો. 14 સુધી ચાલશે. આ ચૂકવણી ચેક દ્વારા કરવામાં આવશે, જે ચૂંટણી પછી લગભગ છ અઠવાડિયા સુધીમાં કામદારોના રહેઠાણો પર મોકલી આપવામાં આવશે. અરજી કરવા પાત્રવ્યક્તિઓ કેનેડામાં કામ કરવા માટે લાયક હોવી જોઈએ. ચૂંટણીના દિવસે અથવા તે પહેલાં 18 વર્ષ કે તેથી વધુ ઉંમરની હોવી જોઈએ, માન્ય સામાજીક વીમા નંબર ધરાવતી હોવી જોઈએ અને કોવિડ-19ની રસી મૂકાવેલી હોવી જોઈએ. ઉમેદવારોએ એ પણ જાહેર કરવું પડશે કે, તેઓ 2022ની ચૂંટણીમાં રાજકીય પ્રવૃત્તિમાં જોડાયા નથી અને હાલમાં આવી કોઈ પ્રવત્તિ કરશે પણ નહીં. આમાં ઉમેદવારને ટેકો આપવો કે તેનો વિરોધ કરવો, ચૂંટણીમાં ઉમેદવાર અથવા રજિસ્ટર્ડ થર્ડ પાર્ટીનાં એડવર્ટાઈઝર બનવું અને ટોરોન્ટો મ્યુનિસિપલ રેફરન્ડમ પ્રશ્ન ઉપર પ્રચાર કે પ્રચાર કરવો જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. તેઓએ એ પણ જાહેર કરવું પડશે કે તેઓ નોમિનેશન ઈચ્છતી વ્યક્તિના પરિવારના સભ્ય નથી.

# હિન્દુ કલ્ચરલ સોસાયટી દ્વારા ઉજવાશે ભારતનો સ્વાતંત્ર્ય દિન

**સ્કારબોરો**

હિન્દુ કલ્ચરલ સોસાયટી 15મી ઓગસ્ટ, 2022ના રોજ ભારતના સ્વતંત્રતા દિવસની ઉજવણી કરનાર છે. હિંદુ કલ્ચરલ સોસાયટી એ 1983થી સ્કારબોરોમાં સ્થિત એક સખાવતી સંસ્થા છે. આ સંસ્થા શૈક્ષણિક, માનવતાવાદી, દયાળુ, નૈતિક અને સામાજિક મૂલ્યો પ્રદાન કરે છે.

હિન્દુ કલ્ચરલ સોસાયટી આઠ વર્ષથી ઈન્ડો-કેનેડિયન સાંસ્કૃતિક ઉત્સવોનું આયોજન કરાય છે. આ વર્ષે HCS 15મી ઓગસ્ટ, 2022ના રોજ ભારતના સ્વતંત્રતા દિવસે ઉજવણી થશે. જેમાં સ્કારબોરો સિવિક સેન્ટર, આલ્બર્ટ કેમ્પબેલ Sq. 150 Borough Dr.Scarborough, ON.M1P 4N7. ખાતે સાંસ્કૃતિક ઉત્સવ થશે અને કેનેડાના રાષ્ટ્રગીત અને ભારતનું રાષ્ટ્રગીત બંને ગવાશે. આ સાથે ભારતનો ધ્વજને લહેરાવવામાં આવશે. આ કાર્યક્રમ સાંજના 5:30 વાગ્યાથી છે અને ધ્વજવંદન સમારોહ સાંજે 6:30 વાગ્યે મેયર જોન ટોરી તથા સ્કારબોરોના રાજકારણીઓ અને આગેવાનોની હાજરીમાં યોજાશે. સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત બાળકો દ્વારા કરવામાં આવશે. કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે અશ્વની ભારદ્વાજ (અધ્યક્ષ, સ્વતંત્રતા દિવસ સમિતિ, હિન્દુ કલ્ચરલ સોસાયટી Ashwani. bhardwaj@rogers.com, (416) 505-2670)નો સંપર્ક કરી શકાશે.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com

તંત્રી સ્થાનેથી

# નીતિશ પણ ખંધા રાજકારણી ભાજપનો જ ખેલ પાડી દીધો

બિહારમાં પાંચ વર્ષ પહેલાં નીતીશકુમારે આરજેડી અને તેજસ્વી યાદવને કોરાણે મૂકીને ભાજપ સાથે જોડાણ કરી સરકાર બનાવી હતી. હવે આ રાજકીય ઘટનાક્રમને પાંચ વર્ષ વીતવા આવ્યા છે ત્યાં નીતીશકુમારે ભાજપ સાથેથી છેડો ફાડી નાંખીને આરજેડી સાથે જેડીયુનું જોડાણ કરીને સરકાર રચવા કવાયત આદરી દીધી છે. ગુરુવારે નીતિશ કુમારે આઠમી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આ સાથે જ આરજેડી નેતા તેજસ્વી યાદવે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા છે. નીતીશકુમારે ભાજપથી છેડો ફાડવાનો નિર્ણય લીધો તેના માટે અનેક કારણો છે. જેમાં સૌથી મોટુ કારણ ભાજપની બિહારમાં ઓપરેશન લોટસની હિલચાલ છે. ગત મહિને ભાજપે મહારાષ્ટ્રમાં શિવસેના, એનસીપી અને કોંગ્રેસની અઘાડી સરકારને તોડી પાડી હતી. શિવસેનામાં જ ઉદ્ધવ ઠાકરે સામે બળવો કરાવીને ભાજપે મહારાષ્ટ્રમાં સત્તા મેળવવાનું સપનુ સાકાર કર્યું છે. હવે મહારાષ્ટ્ર બાદ ભાજપની નજર બિહાર પર હતી.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં નીતિશના જેડીયુને ઓછી બેઠકો મળી, જે પાછળ પણ ભાજપની ગંદી રાજનીતિ હતી. આ બાબત નીતિશકુમાર સમજી ગયા હતા. નીતીશકુમાર બિહાર વિધાનસભાની ૨૦૨૦ની ચૂંટણી ભાજપ સાથે જોડાણ કરીને લડ્યા હતા અને વાસ્તવમાં ભાજપના કારણે જ તેમની આબરુ બચી હતી. ભાજપે નીતીશને સાચવવા પહેલાં જ કહી દીધું હતું કે, નીતીશકુમાર બિહારમાં એનડીએના નેતા હોવાથી બિહારની ચૂંટણીમાં એનડીએ જીતશે તો નીતીશકુમાર જ મુખ્યમંત્રી બનશે. ભાજપને એ વખતે કલ્પના ન હતી કે, પોતે નીતીશ કરતાં વધારે બેઠકો લઈ જશે. તેથી જ ભાજપે તેજસ્વી યાદવ અને નીતીશના મત તોડવા ચિરાગ પાસવાનને તેની સામે મેદાનમાં ઉતાર્યો. પરિણામ આવ્યાં ત્યારે ભાજપે ધારણા કરતાં જોરદાર દેખાવ કરતા ૭૪ બેઠકો અંકે કરી હતી. બીજી તરફ જેડીયુનો દેખાવ અત્યંત ખરાબ રહ્યો અને માત્ર ૪૩ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. ભાજપને વધારે બેઠકો મળતાં ભાજપના અનેક નેતાઓએ પોતાનો મુખ્યમંત્રી બનવો જોઈએ એવું ગાણુ ગાવાનું શરૂ કરી દીધુ હતુ. પરંતુ નીતીશના તેવર જોતા અને પોતે આપેલા વચનને ધ્યાનમાં લઈને ભાજપે નીતીશને ફરી મુખ્યમંત્રી બનાવવા પડ્યા હતા. હવે આજના સંજોગોમાં ઉદ્દવ ઠાકરે જેવા જ હાલ પોતાની નહીં થાય તે માટે તેમણે નિર્ણય કરવો આવશ્યક બનતા જેડીયુના ધારાસભ્યો અને સાંસદોની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં નીતીશકુમારે વિક્ટિમ કાર્ડ ખેલીને એલાન કર્યું કે, ભાજપ હંમેશા આપણને નબળા પાડવાનો પ્રયત્ન કરતો હતો. ભાજપે મને ઘણીવાર અપમાનિત કર્યો અને ૨૦૧૩થી લઈને અત્યાર સુધી ભાજપે જેડીયુને માત્ર દગો જ આપ્યો છે. તેથી ભાજપ સાથે છેડો પાડવા સિવાય હવે કોઈ વિકલ્પ બચ્યો નથી. બિહારમાં જેડીયુના મોટાભાગના ધારાસભ્યો અને સાંસદો પણ ભાજપની દાદાગીરીથી કંટાળી ચુક્યા જ છે. તેથી તેમણે નીતીશનું સમર્થન કરીને ભાજપથી છૂટા થવાનો સંદેશ આપી દીધો.

મંગળવારે નીતીશકુમારે બેઠક કર્યા બાદ સીધા રાજભવન પહોંચીને રાજ્યપાલ ફાગુ ચૌહાણને રાજીનામું સોંપી દીધું. આ સમયે નીતીશકુમાર પોતાની સાથે તેજસ્વી યાદવને પણ રાજ્યપાલ સમક્ષ લઈ ગયા હતા. તેથી નીતીશે રાજીનામું આપતાં વેંત જ ફરી સરકાર રચવાનો દાવો પણ કરી નાંખ્યો. આ તકે, તેમણે ભાજપ સિવાયના બાકીના તમામ પક્ષોના ૧૬૪ ધારાસભ્યોનો સમર્થનપત્ર પણ રાજ્યપાલને સોંપ્યો. નીતીશના આ પગલાથી ભાજપ અને જેડીયુ વચ્ચે છેલ્લા પોણા બે વર્ષથી વર્ષથી ચાલતી ખેંચતાણનો અંત આવ્યો છે. ભાજપની બાગદોર મોદી અને શાહના હાથમાં આવ્યા પછી એનડીએના સહભાગી એવા જેડીયુએ અનેકવાર ભાજપની નીતિઓ સામે ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી છે. આમ ભાજપે નીતીશની મેથી મારવાનો કાર્યક્રમ તો કેટલાય વર્ષોથી ચાલુ કરી દીધો હતો. બિહારમાં નીતીશકુમારને ૨૦૨૦માં ગાદી ઉપર બેઠે દોઢ મહિનો પણ થયો નહતો ત્યારે જ અરૂણાચલ પ્રદેશમાં જેડીયુના સાત ધારાસભ્યોને ભાજપે ખેરવી નાંખ્યા. ભાજપની આ હરકતથી અકળાયેલા નીતીશે મુખ્યમંત્રીપદ છોડવાનું એલાન સુદ્ધાં કરી દીધું હતું. અરૂણાચલ પ્રદેશ વિધાનસભાની કુલ ૬૦ બેઠકોની ચૂંટણી ૨૦૧૯માં યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભાજપને ૪૧ બેઠકો અને જેડીયુને ફાળે સાત બેઠકો ગઈ હતી.

ભાજપને બે તૃતિયાંશ બહુમતી મળતા ભાજપના પેમા ખાંડુને અરુણાચલના સીએમ બનાવાયા હતા. અહીં ભાજપે સત્તા ટકાવવા કશું કરવાની જરૂર ન હતી. આમ છતાં ૨૦૨૦ના ડિસેમ્બરમાં જેડીયુના સાત ધારાસભ્યોમાંથી છ ધારાસભ્યોને પાર્ટીમાં સામેલ કરવાની ભાજપની હરકતથી જેડીયુના મોટાભાગના નેતા ભડકી ગયા હતા. તે સમયે નીતીશકુમારે તેમને શાંત રાખ્યા. કેમ કે, આ ઘટનાના બે દિવસ પછી જેડીયુની રાષ્ટ્રીય કારોબારી હતી. આ બેઠકમાં નીતીશે જેડીયુનું રાષ્ટ્રીય પ્રમુખપદ છોડીને રાજ્યસભામાં જેડીયુના નેતા રામચંદ્ર પ્રસાદ સિંહ ઉર્ફે આર.સી.પી. સિંહને રાષ્ટ્રીય પ્રમુખ બનાવી દીધા. આ સમયે તેઓએ એલાન પણ કરી દીધું કે, મને મુખ્યમંત્રીપદે બેસી રહેવામાં કોઈ રસ નથી. ભાજપને પોતાના માણસને ગાદીએ બેસાડવો હોય તો તેને બેસાડે અને બીજા કોઈને બેસાડવો હોય તો તેને બેસાડે. નીતીશના આ વલણના પડઘા દેશના રાજકારણમાં અનેક દિવસો સુધી પડ્યા હતા. ભાજપે એ વખતે માંડમાંડ નીતીશને મનાવીને આવી હરકત ફરી નહીં થાય તેની ખાતરી આપી હતી. જો કે, ભાજપ પોતાનું બોલેલું પાળવામાં માનતો નથી તેવી વાત હવે દેશમાં જાહેર થઈ ગઈ છે. તેથી જ નીતીશને ઉથલાવીને ભાજપે બિહારમાં પોતાની સરકાર બનાવવા કાવાદાવા શરૂ કરતા નીતીશ ભડકી ગયા. ભાજપ પાવર અને પૈસાના જોરે કોઈપણ ખેલ કરે અને નુકસાન થાય તે પહેલાં જ નીતીશે ભાજપને બિહારની સત્તામાંથી બહાર કરી દીધો છે. ભાજપે મહારાષ્ટ્ર જેવો જ ખેલ બિહારમાં કરવા કવાયત આદરી દીધી તેવો દાવો જેડીયુ કરી રહ્યો છે. રાજકીયસૂત્રોના પ્રમાણે બિહારમાં આર.સી.પી. સિંહને મોહરુ બનાવવાનું હતુ. જેડીયુના છ ધારાસભ્યોને તોડવા ભાજપે કરોડો રૂપિયા ઓફર કર્યા હોવાનો ગંભીર આક્ષેપ જેડીયુએ કર્યો છે. મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે સંગઠનના નેતા છે. રાજકીય કાવાદાવામાં તે ખાસ નિપૂણ નથી તેથી ભાજપ ત્યાં સફળ થયો છે. પરંતુ નીતીશ પીઢ રાજકારણી છે. નીતીશ ફરી બેઠા થવા માટે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીનું કાર્ડ રમવા માગે છે અને તેજસ્વીનો તેમાં સાથ છે. લાલુ-નીતીશે ૨૦૧૫માં હાથ મિલાવીને ભાજપને ધૂળચાટતો કરી દીધો હતો.

તેથી જ બંને માટે આ વખતે કરેલુ સમાધાન પણ ફાયદેમંદ રહેવીની સંભાવના છે.

manoj1968@yahoo. ca






# બનાસકાંઠાની શાળાના આચાર્ય અને પ્યૂન ૧૬ લાખ લેતા રંગેહાથે ઝડપાયા

## ક્લાર્કની સરકારી નોકરી આપવાના બદલામાં લાખો રૂપિયાની માંગણી કરી હતી

**અમદાવાદ**

લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના અધિકારીઓએ પાલનપુર સર્કિટ હાઉસ ખાતે ટ્રેપ ગોઠવીને રૂપિયા ૧૬ લાખની લાંચ લેવાના કેસમાં દાંતાની સરભવાનીસિંહ વિદ્યાલયના આચાર્ય અને પાલનપુર જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસના પ્યુનને ઝડપી લીધા હતા. બંને જણાએ ફરિયાદીના પુત્રને ક્લાર્કની સરકારી નોકરી અપાવવાનું કહીને તેના બદલામાં નાણાંની માંગણી કરી હતી. બનાસકાંઠા જિલ્લાના જીલ્લા શિક્ષણાધિકારી કચેરીના પ્યુન નરેશ જોષીએ પાલનપુર ખાતે રહેતા એક વ્યક્તિના પુત્રને ક્લાર્કની સરકારી નોકરી અપાવવા માટેની ખાતરી આપીને દાંતામાં આવેલી સર ભવાનીસિંહ વિદ્યાલયના આચાર્ય શૈલેષચંદ્ર મહેતા સાથે ઓળખાણ કરાવી હતી. તેમણે પણ શિક્ષણ વિભાગમાં સરકારીનો નોકરીની ખાતરીને આપીને તેના બદલામાં ૧૬ લાખ રૂપિયાની માંગણી કરી હતી. જેમાં કહ્યું હતું કે જો નોકરી ન મળે તો પૈસા પરત આપી દેશે. જેથી ફરિયાદીએ પૈસા આપવાની તૈયારી દર્શાવી હતી. બાદમાં આ અંગે એસીબીમાં જાણ કરી હતી. જેના આધારે પાલનપુર સર્કિટ હાઉસ ખાતે શુક્રવારે છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં શૈલેષચંદ્ર મહેતા અને નરેશ જોષી લાંચ લેતા રંગેહાથે ઝડપાયા હતા. આ અંગે એસીબીએ બંનેની અટકાયત કરીને તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં કોબ્રા-કાળોતરા જેવા સાપ કરડવાના કિસ્સા વધ્યાં : રોજ ત્રણને દંશ

## સિવિલમાં એક મહિનામાં 55 જેટલા વ્યક્તિઓ સર્પદંશના કારણે દાખલ

**ગાંધીનગર**

ગાંધીનગરમાં ઝેરી અને બિનઝેરી સાપ પુષ્કળ પ્રમાણમાં હોવાનું માનવામાં આવે છે પ્રકૃતિપ્રેમીઓ તો ગાંધીનગરને સાપનું ઘર પણ માને છે ત્યારે હાલ જે સિઝન ચાલી રહી છે તેમાં સાપ પોતાના ખોરાકની શોધમાં વધુ પડતા એગ્રેસીવ થયેલા જોવા મળે છે અને તેના કારણે જ ગાંધીનગરમાં સર્પદંશના બનાવોમાં ચિંતાજનકરીતે વધારો જોવા મળી રહ્યો છે. હાલ સાપના બચ્ચા બહાર આવતા હોય છે અને આગામી શિયાળામાં જમીનમાં ઉતરવા માટે સાપને વધુમાં વધુ ખોરાકની જરૂર પડતી હોય છે તેથી સાપ તથા તેના બચ્ચા હાલ ખોરાકની શોધમાં બહાર નિકળતા હોય છે તે દરમિયાન મનુષ્યના સંપર્કમાં આવવાથી કે કોઈ પણ જાતની કનડગતને કારણે તે કરડવા માટે સક્ષમ પણ હોય છે. એક અંદાજ પ્રમાણે, હાલની સિઝનમાં જિલ્લામાં રોજના ત્રણ જેટલા વ્યક્તિઓને ઝેરી તથા બિનઝેરી સાપ કરડે છે જે પૈકી મોટાભાગના દર્દીઓને ગાંધીનગર અથવા તો અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવે છે. ગાંધીનગર સિવિલમાં છેલ્લા એક મહિના દરમિયાન કુલ ૫૫ જેટલા સર્પદંશના દર્દીઓ નોંધાયા છે જેમને જરૂરી એન્ટી વેનમ આપ્યા બાદ આઈસીયુમાં સારવાર આપવી પડે છે. એટલુ જ નહીં, એક મહિલા દર્દીને હોસ્પિટલ લઈ જવામાં મોડું થઈ જતા તેનું મોત પણ ૧૫ દિવસ પહેલા થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL
$14.99 10 items +Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber
Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# કંટાળેલી પત્નીએ પતિનું ગળું દબાવી દીધું, પગે વાયર બાંધ્યા બાદ કરંટ આપી હત્યા

## રાતે હત્યા કરી સૂઇ ગઇ, બાળકોને સ્કૂલે મોકલી હત્યાને કુદરતી મોતમાં ખપાવવા નાટક કર્યું

**વડોદરા**

છાણી વિસ્તારમાં વીએમસી ક્વાટર્સમાં ૪૨ વર્ષનો નવીન ગોરધનભાઇ શર્મા તેની પત્ની રંજન, ૮ વર્ષના પુત્ર અને ૬ વર્ષની પુત્રી સાથે રહેતો હતો.બાજુના જ ફ્લેટમાં નવીનના વયોવૃધ્ધ પિતા ગોરધનભાઈ અને માતા કૈલાસબેન રહે છે.નવીનને તેની પત્ની રંજન સાથે અવારનવાર તકરાર થતી હોવાથી રંજન બાજુમાં આવેલા સસરાના ફ્લેટમાં બાળકો સાથે સૂઈ રહેતી હતી. નવીન કોઈ કામ ધંધો કરતો નહતો.જ્યારે,રંજન આસપાસના બંગલા ઓમાં ઘરકામ કરીને બંને બાળકોને ઉછેરતી હતી.ગઈકાલે રાતે રંજન ઘેર આવી હતી અને સસરાને ખીર ખવડાવી હતી.આ વખતે તેના બંને સંતાનો બાજુના ફ્લેટમાં પતિ નવીન પાસે હતા.જેથી રંજન પણ ત્યાં ગઈ હતી.મધરાતે બાર વાગે તે બાળકોને લઈ સસરાના ફ્લેટમાં પરત આવી હતી. સવારે સાડા છ વાગે રંજન ફરીથી પતિના ફ્લેટમાં ગઈ હતી અને થોડી વારમાં તેણે સસરાને બૂમ પાડી હતી કે,પપ્પા જલ્દી આવો, નવીન નીચે પડી ગયા છે,બોલતા નથી.વૃધ્ધ સસરાએ ત્યાં જઈ નવીનને પાણી પીવડાવ્યું હતું પણ તે પીતો નહતો. જેથી ૧૦૮ને બોલાવી હતી.નવીનના ગળા તેમજ હાથે-પગે ઈજા જોઈ ૧૦૮ના સ્ટાફને શંકા ગઈ હતી. પોલીસની પૂછપરછમાં પત્ની રંજને કબૂલ્યું હતું કે,રાતે ચારિત્ર્ય પર શંકા કરી નવીને મને લાત મારી હતી. જેથી લોખંડના રોડથી તેનું ગળું દબાવી દીધું હતું. ત્યારબાદ પગે વાયર બાંધીને કરંટ આપ્યો હતો.

# કઠલાલમાં કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચેની મારામારી : 1નું મોત થયું

**કઠલાલ**

કઠલાલ કોલેજમાં શૈલેષ ઝાલા તથા તેના મિત્રો પ્રવીણસિંહ, મિતેશ તથા અન્ય મિત્રો ખુરશીઓમાં બેઠા હતા. જ્યારે તેમની પાછળ નીરવ ચૌહાણ અને સાગર વ્યાસ બેઠેલા હતા અને આ લોકો ચાલુ પ્રોગ્રામમાં અવાજ કરતા હતા. જેથી પ્રોફેસર દ્વારા વિદ્યાર્થીઓને અવાજ નહીં કરવા ટકોર કરવામાં આવી હતી. જે અંગે શૈલેષ અને તેના મિત્રોએ પ્રોફેસરને જણાવેલું કે અમે અવાજ કરતા નથી પરંતુ પાછળ બેઠેલા નીરવ ચૌહાણ અવાજ કરે છે અને અપશબ્દ બોલે છે. પ્રોગ્રામ પૂરો થતાં નિરવ ચૌહાણ તથા તેના મિત્ર કિશન દ્વારા શૈલેષ સાથે બોલાચાલી કરી હતી અને જતો રહ્યો હતો. ત્યારબાદ કોલેજ છૂટયા બાદ શૈલેષ ૧૨.૩૦ કલાકની આસપાસ કોલેજથી ચાલતો ચાલતો ફાટક પાસેથી પસાર થતો હતો. ત્યારે નીરવ અને કિશન તથા અન્ય બે શખ્સો ત્યાં આવી શૈલેષ સાથે ગાળા ગાળી કરી હતી અને તમામ લોકો ભેગા થઈ શૈલેષને માર મારવા લાગ્યા હતા. તે દરમિયાન ત્યાંથી પસાર થતો શૈલેષનો મિત્ર રાહુલ ગોતાભાઇ પરમાર વચ્ચે પડી છોડાવવા જતાં રાહુલને ઈજા થઈ હતી. જે બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવતા ત્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

# વડોદરાની ઢાઢર નદીમાં પડેલા યુવાનને મગર પાણીમાં ખેંચી ગયો

**વડોદરા**

પાદરા તાલુકાના સોખદારાઘુ ગામ પાસેથી પસાર થતી ઢાઢર નદીમાં યુવાનનો પગ લપસતા નદીમાં ખાબક્યો હતો. નદીમાં ખાબકતા જ એક મગર આ યુવાનને પાણીમાં ખેચી ગયો હતો. ઈમરાન દીવાન નામના 30 વર્ષના સોખડારાઘુ ગામના યુવાનને બચાવવા સ્થાનિક લોકોની સાથે ફાયર બ્રિગેડની ટિમ પણ જોડાઈ છે. આ ઘટનાને પગલે નદી કિનારે ગ્રામ લોકોના ટોળા જમ્યા હતા. જો કે બપોર સુધી યુવાનનો પત્તો લાગ્યો નથી. બીજી તરફ વિશ્વામિત્રી નદીના સયાજીગંજ વિસ્તારના દર્શનમ્ બિલ્ડિંગ નજીક એક ૧૨ ફૂટ લાંબા અને 200 કિલોથી વઝુ વજન વાળા મગરનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજતાં ફોરેસ્ટ વિભાગે તપાસ હાથ ધરી છે.

# ગોલ્ડી બ્રારના નામે ડોક્ટરને ધમકી આપનાર વડોદરાનો શખ્સ ઝડપાયો

**વડોદરા**

૨૯ મે, ૨૦૨૨ના રોજ પંજાબી સિંગર સિદ્ધૂ મૂસેવાલાની હત્યા થઈ ત્યારથી ઘટનાની જવાબદારી લેનારો અને હાલ કેનેડામાં રહેલો ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર ચર્ચામાં છે. તેના નામે પંજાબના પ્રતિષ્ઠિત ડોક્ટરોને ફોન કરીને મૂસેવાલા જેવી હાલત કરવાની ધમકી આપીને ખંડણી માગનારા મૂળ બિહારી અને વડોદરાના છાણી વિસ્તારમાં રહેતા શરીફ શેખ નામના શખ્સની પોલીસે ધરપકડ કરી હતી.

આ શખ્સ ખરેખર ગોલ્ડી બ્રાર ગેંગનો સભ્ય છે કે પછી ખાલી તેના નામ પર ચડી ખાઈને ખંડણી લેવાનો હેતુ હતો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. પંજાબના અમૃતસરના મજીઠા રોડ પર આવેલા વસંત એવન્યૂમાં રહેતા એક જાણીતા ડોક્ટરને શખ્સે ફોન કરીને મારી નાખવાની ધમકી આપી હતી અને સાથે પાંચ લાખ રૂપિયાની ખંડણી પણ માગી હતી. તપાસ કરતાં આ નંબર વિદેશનો હોવાનું સામે આવ્યું હતું. ડોક્ટરને વોટ્સએપ પર આવેલા ફોન પર ધમકી આપનારે પોતાનું નામ કાલા બ્રાર હોવાનું કહ્યું હતું. પોલીસે તપાસ હાથ ધરતાં બિહારના પૂર્વ ચંપારણ વિસ્તારના લુકારિયા તાલુકાના સિસવા ગામમાં રહેતા પ્રિન્સ કુમાર અને સેવાહણ ગામના વિકાસ કુમાર તરીકેની ઓળખ છતી થઈ હતી. પંજાબ પોલીસની તપાસ બિહાર સુધી પહોંચી હતી.

# નેશનલ સ્પોર્ટ્સની મલખમ સ્પર્ધામાં ગુજરાતની ટીમમાં તમામ સ્પર્ધકો વડોદરાના

**વડોદરા**

વડોદરા- 36 મી નેશનલ ગેમ્સમાં યોજાનાર મલખમ સ્પર્ધામાં ગુજરાતની ટીમમાં તમામ ખેલાડીઓ વડોદરાના છે. વડોદરાની 6 છોકરીઓ અને 6 છોકરાઓ મલખંભમાં ગુજરાતનું પ્રતિનિધીત્વ કરશે. વડોદરાને વ્યાયામનો વારસો ગાયકવાડી શાસનકાળથી મળ્યો છે. શહેરમાં આજે પણ એકાદ સદી જૂના અખાડા પુરાતન વારસાને જાળવવા સાથે વ્યાયામની આધુનિક સુવિધાઓ સાથે ધમધમી રહ્યાં છે. દેશ આઝાદીનું અમૃત પર્વ ઉજવી રહ્યું છે ત્યારે ગર્વ લેવા જેવી વાત એ છે કે આ વ્યાયામ શાળાઓમાં સયાજી મહારાજની કુણી લાગણીથી અંગ્રેજોના વિરોધની પ્રવૃત્તિઓ પણ થતી હતી. પુરાણી બંધુઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા.



# ઉગી નીકળેલા ગીચ ઝાડી અને ઝાંખરાને લીધે સિંહો ગીર જંગલ છોડવા મજબૂર

## સિંહો દોડીને શિકાર કરી શકતા નથી રેવન્યુ વિસ્તારમાં રહેવાનું વધુ પસંદ કરી રહ્યા છે

**વિસાવદર**

૧૦મી ઓગસ્ટે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે વનવિભાગ લાખો લોકો સિંહ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. પણ ખરા અર્થમાં સિંહોને રહેવા માટેના જંગલો એટલી હદે બીન જરૂરી વૃક્ષોથી ગીચતા ભર્યા બની ગયા છે. કે હવે સિંહોને શિકાર કરવું મુશ્કેલ બન્યું છે.તેથી જંગલોને બદલે સિંહો રેવન્યુ વિસ્તારમાં વધુ રહેવાનું પસંદ કરે છે. અને જેના કારણે માનવ અને સિંહો વચ્ચે સહ અસ્તિત્વની લડાઈઓ થઈ



રહી છે. અને હજુ પણ આ બનાવોમાં સતત વધારો થશે.સિંહની વસ્તી વધે તેનું બધાને ગૌરવ છે. પરંતુ આ વસ્તી વધારો સિંહ અને માનવ માટે કેટલો મુશ્કેલ બનશે.તે તો આવનારો સમય બતાવશે તે નક્કી છે. સૌરાષ્ટ્રમાં વસવાટ કરતા સિંહોમાથી ૭૦ ટકાથી વધુ સિંહ જંગલ છોડી બહાર રહેવા મજબૂર બન્યા છે. અને હજુ સિંહોની વસ્તી સતત વધતી જાય છે, તે ખુશીની વાત છે . પરંતુ સિંહો માટે જંગલ કરતાં બહારનો વિસ્તાર તમામ રીતે જોખમી પણ છે. સિંહો શા માટે જંગલ છોડી રહ્યા છે. તે અંગે વન વિભાગના એક ઉચ્ચ અધિકારીએ ચોકાવનારા ખુલાસાઓ કર્યા છે. જેમાં સિંહો માટે ગીરનું જંગલ ગીચતા ભર્યું બની ગયું હોય જેના કારણે સિંહો જંગલો છોડી રહ્યા છે.

# સૌરાષ્ટ્રના મહાકુંભમાં રાષ્ટ્રપિતા અંગે વિવાદિત પઠન કરાતા વિવાદ સર્જાયો

**સૌરાષ્ટ્ર**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કાવ્ય મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં કાર્યરત ગુલાબદાસ બ્રોકર ચેર દ્વારા અખિલ ભારતીય શૈક્ષિક સંઘ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે અખંડ કાવ્ય સંમેલન યોજાયુ હતું. જેમાં વિદ્યાર્થીઓ, કવિઓ સહિત સાહિત્યપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫ કવિઓએ સતત ૨૪ કલાક સુધી કવિતા પઠન કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન એક કવિ દ્વારા રાષ્ટ્રપિતા માટે અપમાનજનક કવિતા રજૂ કરતા મામલો ગરમાયો છે. ગાંધી બાપુ માટે અપમાનજનક કવિતા રજૂ કરાતા ગાંધી પ્રેમીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આ મામલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડીન અને કોંગ્રેસના નેતા નિદત બારોટ દ્વારા વિરોધ ઉઠાવવામાં આવ્યો છે.

આ મામલે તેઓએ જણાવ્યું કે દેવાસથી આવેલા કવિએ રાષ્ટ્રપિતા માટે અપમાનજનક કવિતા રજૂ કરી હતી. જેને ગુલાબદાસ બ્રોકર ચેરના કોર્ડીનેટર મનોજ જોશીએ પણ કવિતાને સારી ગણાવી હતી. આ અંગે મનોજ જોશીનું રાજીનામુ લઈ લેવુ જોઈએ.

# જેતપુરમાં દેશના સૌથી મોટા પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું નિર્માણકાર્ય

**જેતપુર**

દેશનો સૌથી મોટો પાણી શુદ્ધિકરણ ફિલ્ટર પ્લાન્ટ જેતપુરમાં બની રહ્યો છે, ખાસ કરીને પ્રિન્ટિંગ ઉદ્યોગના પ્રદુષિત પાણીને ચોખ્ખુ કરવા માટે ૧૫૦ કરોડના ખર્ચે બની રહેલ આ ફિલ્ટર પ્લાન્ટ કાર્યરત થતા જેતપુરના પાણી પ્રદૂષણનો પ્રશ્ન સંપૂર્ણ નાબૂદ થશે. જેતપુરના પાણી પ્રદૂષણનું મુખ્ય કારણ કોસ્ટિક હોય ડાઈંગ અને પ્રિન્ટિંગ એસોસિયન્સને જેને લઈને જેતપુરના ડાઈંગ અને પ્રિન્ટિંગ ઉદ્યોગ દ્વારા દેશનો સૌથી મોટો કોસ્ટિક રિકવરી રિયુઝ પાણીનો ફિલ્ટર પ્લાન્ટ આકાર લઈ રહ્યો છે. ૧૫૦ કરોડના ખર્ચે બની રહેલ આ કોસ્ટિક રિકવરી અને રિયુઝ પ્લાન્ટમાં રોજનું ૧૫ લાખ લીટર પાણીને ફિલ્ટર કરીને શુદ્ધીકરણ કરવા સાથે સાથે કોસ્ટિક પણ રિકવર કરવામાં આવનાર છે,

# મચ્છુ ડેમ હોનારતના દિવંગતોને 21 સાયરનની સલામી, મૌન રેલી કઢાઈ

**મોરબી**

૧૧ ઓગસ્ટ ૧૯૭૯ના રોજ મોરબીની જીવાદોરી સમાન મચ્છુ-૨ ડેમ તૂટી પડતા જળપ્રલય સર્જાયો હતો. આ હોનારતમાં અસંખ્ય લોકોએ જીવ ગુમાવ્યા હતા અને વ્યાપક માનવ ખુમારી થઈ હતી. આ હોનારતના કાળમુખા દિવસને બુધવારે પણ મોરબીવાસીઓ ભૂલી શકયા નથી, ત્યારે આજે દિવંગતોની યાદમાં ૨૧ સાયરનની સલામી બાદ મૌન રેલી યોજાઈ હતી.

મોરબી નગરપાલિકા દ્વારા મચ્છુ હોનારતની વરસીના દિવસે બુધવારે ૧૧ ઓગસ્ટ બપોરે ૩:૧૫ કલાકે ૨૧ સાયરનની સલામી સાથે દિવંગતોની યાદમાં મૌન રેલી પ્રસ્થાન કરવામાં આવી હતી. આ મૌન રેલીમાં મંત્રી બ્રિજેશ મેરજા, સાંસદ મોહન કુંડારિયા, પૂર્વ ધારાસભ્ય કાંતિ અમૃતિયા, જીલ્લા એસપી, તેમજ નગરપાલિકા પ્રમુખ કુસુમબેન પરમાર, ઉપપ્રમુખ જયરાજસિંહ જાડેજા તેમજ જીલ્લા ભાજપ, કોંગ્રેસ આગેવાનો સહિતના જોડાયા હતા. મૌન રેલી મણીમંદિર ખાતે બનાવવામાં આવેલ સ્મૃતિસ્તંભ ખાતે પહોંચી હતી, જ્યાં તમામ લોકોએ મૃતાત્માઓને સ્મૃતિવંદના કરી હતી અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે મંત્રી બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે એ કાળમુખા દિવસને આજે પણ મોરબી ભૂલી શકયું નથી અને આજે એ ઘટનાને ૪૩ વર્ષ વીત્યા છતાં દર વર્ષે મૌન રેલી યોજાય છે.

# ધોરાજીમાં તાજીયાનાં ઝુલુસ સમયે ડખ્ખા બાદ મારામારી, 10 ઘાયલ

**ધોરાજી**

બે દિવસ પહેલા રાત્રે ત્રણેક વાગ્યે તાજીયાનું ઝુલુસ નીકળ્યું હતું. ત્યારે બહારપુરા વિસ્તારમાં એકબીજાને ધક્કો લાગવા જેવી બાબતે બે મુસ્લિમ જૂથ વચ્ચે બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. ત્યારે આગેવાનોએ સમાધાન કરાવીને મામલો થાળે પાડી દીધો હતો. બાદમાં એક જૂથનાં હુસેન અલીભાઈ ચૌહાણ અને બીજા જૂથનાં મુસ્તકીય ઉર્ફે હાજી સમદભાઈ ગરાણા એકાએક સ્ટેશન રોડ પર ગેલેક્સી ચોક પાસેની કાદરીયા પાન નામી દુકાને ભેગા થઈ જતાં ફરી બોલાચાલી થઈ હતી. જેથી બન્ને જૂથનાં 25-30 શખ્સો છરી, લાકડી, લોખંડના પાઈપ, ધોકા જેવા હથિયારો લઈને ઘસી આવ્યા હતા અને એકબીજા પર હુમલો કર્યો હતો. બન્ને જુથ વચ્ચે સશસ્ત્ર મારામારી થઈ જતાં માહોલ તંગ બની ગયો હતો.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
CANADA IMMIGRATION
iccrc crcic
SPOUSAL SPONSORSHIP SPECIALIST (98 percent success ratio)
Last minute student admission
Please contact us on
416-745-2466 or 91-9428973911
• Conestoga • Fanshawe • Algoma
• Seneca • Georgian • Saskatchewan polytechnic
• Humber • Algoma
• Lambton • Canadore • Mohawk
માર્ગદર્શન મેળવો
RCC ઇમિગ્રેશન લીગલ એડવાઈઝર અમી મેહતા દ્વારા
તો આજે જ સંપર્ક કરો અને સાકાર કરો આપના
કેનેડા જવાનું સ્વપ્ન
સ્ટુડન્ટ વિઝા | જોબ ઓફર
PR | PNP પ્રોગ્રામ | બિઝનેસ વિઝા

અમી મેહતા
Available at Baroda office
10 August to 31 August
Book Your Seats Now
145 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara
98255 56911 | 98256 79911 CANADA (H.O.) | VADODARA / A'BAD
CANADA 94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont. Ph : 416-745-2466, 905-230-7855
VADODARA 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817
AHMEDABAD 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911
: Specialized in :
Job Offer & LMIA
Entrepreneur
Investor Business
Self Employed
Farm Investor
Email.: info@siis.ca Website.: www.siis.ca

# આપઘાતના પ્રયાસોમાં મહિલાઓ અગ્રેસર પણ મૃતકોમાં પુરૂષો વધારે

## આત્મહત્યાના બનાવનું મનોવૈજ્ઞાનિક સર્વેક્ષણ

**રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રનાં સંદર્ભમાં છેલ્લા કેટલાક સમયથી જે વર્ગનાં લોકો આત્મહત્યા કરવા તરફ પ્રેરાયા છે. તેમાં તારણ એવું બહાર આવ્યું છે કે, આત્મહત્યાનાં પ્રયાસો પુરૂષો કરતાં સ્ત્રીઓ વધુ કરે છે જયારે આત્મહત્યાનો પ્રયાસને લીધે મૃત્યુ પામનારામાં સ્ત્રીઓ કરતાં પુરૂષોની સંખ્યા બમણી છે.



સૌરાષ્ટ્ર યુનિ.નાં મનોવિજ્ઞાન ભવનનાં વિદ્યાર્થીઓ દ્વારા આત્મહત્યાની ઘટનાઓ અંગે હાથ ધરવામાં આવેલા ડેટા બેઈઝ સર્વેમાં એવી વિગતો જાણવા મળી હતી કે આપઘાતની પાછળ 18 ટકા કારણ વ્યક્તિની જીવન શૈલી અને મહત્વાકાંક્ષા જવાબદાર હોય છે જયારે 17.10 ટકા પરીબળ આર્થિક ખેંચ, 16.20 ટકા પ્રેમ સંબંધ અથવા તો પારીવારિક સ્થિતિ 9 ટકા લોકો એકલતા અથવા બિમારીથી કંટાળી આપઘાત કરે છે. 27 ટકા લોકો ડીપ્રેશનને લીધે જીવનદોરી ટુંકાવે છે. જયારે 10.7 ટકા લોકો માનસિક બિમારીથી કંટાળી જીવન દોરી ટુંકાવે છે. વ્યક્તિ જયારે પતિનાં અસ્તિત્વની સુરક્ષા જાળવવાને બદલે તેને મિટાવા માટે તત્પર બની જાય તેની પાછળનાં રસપ્રદ કારણો જાણવા મળ્યા હતાં જેમાં યુવાનો જયારે પોતાનાં લક્ષ્યને પ્રાપ્ત કરી શકતા નથી અથવા તો પોતાની લાગણી ઉપર નિયંત્રણ મેળવી શકતા નથી ત્યારે નિષ્ફળ ગયાનું સમજી આત્મહત્યા તરફ પ્રેરાય છે. એ જ રીતે ચિંતા, ડીપ્રેશન અને વિકૃતિ, પતિ પત્ની વચ્ચેનાં ઝઘડાઓ આર્થિક ભીસ, વ્યાજનુ ચક્કર, ધમકી, જેવા કારણો 19થી 40 વર્ષની વય જૂથનાં લોકોમાં આત્મહત્યા માટે જવાબદાર હોવાનું જાણવા મળ્યું હતું.

# રાજકોટનાં વોર્ડ નં.18ના ભાજપ કોર્પોરેટર સામે આખરે ગુનો નોંધાયો

**રાજકોટ**

રાજકોટમાં વોર્ડ નંબર - 18નાં ભાજપનાં મહિલા મોરચાનાં ઉપપ્રમુખ પ્રકાશબા લખધીરસિંહ ગોહીલ (ઉ.વ. 59) પર વીસેક દિવસ પહેલા થયેલા હુમલા અંગે આખરે આજી ડેમ પોલીસે વોર્ડ નંબર- 18નાં ભાજપનાં કોર્પોરેટર સંજયસિંહ ગુલાબસિંહ રાણા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરીયાદમાં પ્રકાશબાએ જણાવ્યું છે કે, તા. 20 ઓગષ્ટનાં રોજ રાત્રે નવેક વાગે કોઠારીયા રોડ પરનાં દેવાયતભાઈ હોલમાં પક્ષની કારોબારી મીટીંગ પૂર્ણ કરી અન્ય મહીલા કાર્યકરો કાન્તાબેન અને ઉર્મીલાબેન વગેરે સાથે પગપાળા ઘરે જતા હતાં ત્યારે પાછળથી વોર્ડ નંબર- 18નાં કોર્પોરેટર સંજયસિંહ રાણાએ ઈરાદાપુર્વક તેની સાથે પોતાનું એક્ટીવા ભટકાડી કહ્યું કે, તમે મારા વિરૂદ્ધમાં મિટીંગમાં કેમ રજુઆત કરો છો. ત્યારબાદ તેને ગાળો ભાંડી, ફરીથી એક્ટીવા પાછળ લઈ ભટકાડી પછાડી દીધા હતાં. એટલું જ નહીં મારકુટ પણ કરી હતી. સાથેનાં મહીલા કાર્યકરોએ વચ્ચે પડીને તેને છોડાવ્યા હતાં. માણસો ભેગા થઈ જતાં રહ્યા હતા.

**બોટાદ એડીશનલ ડીસ્ટ્રીક્ટ-સેસન્સ કોર્ટનો ચુકાદો**

# સગીર સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરનાર 2 શખ્સને 10 વર્ષની જેલ

**ભાવનગર**

કાપડીયાળી ગામના શખ્સોએ આજથી સાડા પાંચ વર્ષ પુર્વે કાયદાના સંઘર્ષમાં રહેલ તરૂણને તેના ઘરે લઈ જઈ મરજી વિરૂધ્ધ બે શખ્સે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરતા ગુનો નોંધાયો હતો. જે કેસ બોટાદ એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા ન્યાયમૂર્તીશ્રીએ બન્ને શખ્સને તકસીરવાન ઠરાવી ૧૦-૧૦ વર્ષના કારાવાસની સજા ફરમાવી હતી.

બરવાળા તાલુકાના કાપડીયાળી ગામે રહેતા વજુ સેફાભાઈ મેર અને કિશન દિપાભાઈ મેર વિરૂધ્ધ ગત તા. ૧૩.૪.૨૦૧૭ના રોજ ફરીયાદ નોંધાવા પામી હતી કે, ઉક્ત બન્ને શખ્સે કાયદાના સંઘર્ષમાં રહેલ તરૂણને અલગ અલગ તારીખે શખ્સોએ ઘરે લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ એકલતાનો લાભ લઈને તેમજ જુદી જુદી જગ્યાએ એકાંતમાં લઈ જઈ તરૂણ સાથે અવાર નવાર સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી ધાક ધમકી આપી હતી. જે અંગ ફરીયાદ નોંધાતા બરવાળા પોલીસ આઈપીસી. ૩૭૭, ૫૦૬(૨), તેમજ પોક્સો એક્ટ કલમ ૩, ૪ તળે ગુનો દાખલ કરી શખ્સો સામે કાનુની કાર્યવાહી હાથ ધરી આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કોર્ટમાં રજુ કરી હતી.

ઉક્ત કેસ બોટાદ એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટના જજશ્રી વી.બી. રાજપુતની અદાલતમાં ચાલી જતા ન્યાયમૂર્તીશ્રીએ ૨૩ સાક્ષી, ૪૧ દસ્તાવેજી પુરાવા અને સરકારી વકિલ કે એમ.મકવાણાની દલીલોને ધ્યાન ઉપર લઈ બન્ને આરોપી વજુ સેફાભાઈ મેર અને કિશન દિપાભાઈ મેરને તકસીરવાન ઠરાવી આઈપીસી. ૩૭૭ મુજબના ગુનામાં બન્નેને ૧૦ વર્ષ સખત કેદની સજા અને રૂપિયા ૧૦ હજારનો દંડ, આઈપીસી. ૫૦૬(૨) મુજબના ગુનામાં સાત વર્ષની સખત કેદ તેમજ પોક્સો એક્ટની જોગવાઈ મુજબ કલમ ૬ મુજબ બન્નેને ૧૦ વર્ષ સખત કેદની સજા અને ૧૦ હજાર દંડનો હુકમ ફરમાવ્યો હતો.

# સીએમના હસ્તે સૌરાષ્ટ્રના સૌથી મોટો રાજકોટનો લોકમેળો ખુલ્લો મુકાશે

## રેસકોર્સ આસપાસ 15 સ્થળે પાર્કિંગ, રીંગરોડ વાહનો માટે બંધ થશે

**રાજકોટ**

રાજકોટમાં તા.૧૭ના સાંજે ૪ વાગ્યે સૌરાષ્ટ્રના સૌથી મોટો લોકમેળો ખુલ્લો મુકાશે જેમાં આ વખતે અનેકવિધ આકર્ષણો ઉમેરાયા છે. જિલ્લા કલેક્ટર અરુણ મહેશ બાબુએ સોમવારે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે મેળાનું નામ 'આઝાદીનો અમૃત લોકમેળો 'નક્કી કરાયું છે જેમાં લોકોને સલામત, સસ્તુ, સ્વચ્છ મનોરંજન મળે અને હાઈજેનિક ફૂડ મળે તે માટે તડામાર તૈયારીઓ કરીને આજે સ્થળ સમીક્ષા કરવામાં આવી હતી. ૧૮ લાખની વસ્તી ધરાવતા મહાનગરમાં આ એકમાત્ર લોકમેળો યોજાય છે જેમાં પૂર્વાનુભવ મૂજબ સૌરાષ્ટ્રભરમાંથી પાંચ દિવસમાં ૧૨થી ૧૫ લાખ લોકો ઉમટતા હોય છે. આ અન્વયે રેસકોર્સ ફરતે અઢી કિ.મી.ના રીંગરોડને તા.૧૭થી ૨૧ મેળા દરમિયાન વાહન વ્યવહાર માટે બંધ કરાશે અને ટૂંક સમયમાં પોલીસનું જાહેરનામુ બહાર પડશે, લોકો માટે આજુબાજુમાં ૧૫ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરાશે. જ્યારે મેળામાં હરવા ફરવાની મોકળાશ રહે તે માટે દર વર્ષે પાથરણાં,ફેરિયાઓને આ વખતે અલગ સ્થળે તેઓ રોજી મેળવી શકે તે માટે જગ્યા ફાળવવા પણ વિચારણા થઈ છે તેમજ હાલ તા.૧૭થી ૨૧ સુધી યોજાનાર લોકમેળાને સમય,સંજોગ જોઈને જરૂર જણાશે તો એક-બે દિવસ લંબાવવા પણ નિર્ણય લેવાશે.

# અનિશ્ચિતતાના ઘેરાતા વાદળ, ફેરી સર્વિસ 21 ઓગસ્ટ સુધી બંધ

ભાવનગર : ઘોઘા-હજીરા વચ્ચે ચાલી રહેલી રો-પેક્સ ફેરી સેવા ઉપર હવે અનિશ્ચિતતાના વાદળો ઘેરાવા લાગ્યા હોય તેમ ફેરી સેવાને રિપેરીંગ કામ માટે બ્રેક મારી દેવાયા બાદ એક-એક સપ્તાહની ટાઈમલાઈન વધારવામાં આવી રહી છે. જેના કારણે ૨૧મી બાદ પણ ફેરી સર્વિસ શરૂ થયા તેવી સંભાવનાઓ દેખાતી નથી. તહેવારોના સમયમાં જ જળમાર્ગે કનેક્ટીવિટી ખોરવાઈ જતાં લોકોને હાલાકી વેઠવી પડી રહી છે. ડાયમંડ સિટી સુરત અને ભાવનગર જિલ્લાને જળપરિવહન સાથે જોડતી ઘોઘા-હજીરા રો-પેક્સ ફેરી સર્વિસ ગત ૧લી ઓગસ્ટથી બંધ પડી છે.

# મનાલીમાં 17350 ફુટનું આરોહણ કરનાર ધ્રુવિ પ્રથમ કચ્છી યુવતી બની

ભુજ : ભુજની ધ્રુવિ સોનીએ મનાલીમાં આયોજિત માઉન્ટેન કલાઈબીંગના કોર્સ પૂર્ણ કર્યા બાદ ૧૭૩૫૦ ફીટનું આરોહણ ક્યું હતું. આ સાથે જ તેઓ કચ્છની પ્રથમ યુવતી છે જેમણે મનાલી માઉન્ટેનિરીંગ ઈન્સ્ટીટયુટ ખાતે માત્ર ૨૬ દિવસમાં ફિઝીકલી ઘણો જ ચેલેન્જીંગ કહી શકાય તેવો માઉન્ટેનિરીંગ ઈન્સ્ટીટયુટ કોર્સ પૂર્ણ કર્યો હતો. તે જણાવે છે કે, અંદાજિત ત્રણ દિવસમાં આરોહરણ પૂર્ણ કર્યું હતું તે દરમિયાન ભારે પવન સાથે વરસાદ, બરફવર્ષા અને સતત બદલાઈ રહેલા મૌસમના મિજાજ સહિતની અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West) | Scarborough WE ARE RE-OPENING | Mississauga WE MOVED TO |
|---|---|---|
| 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM | 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM |

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.



## પ્રતીક ગાંધી હવે રાહુલ ધોળકિયાની ફિલ્મમાં

મુંબઈ: ગુજરાતના ડોન લતીફની જિંદગી પરથી શાહરુખ ખાનની મુખ્ય ભૂમિકા સાથેની રઈસ ફિલ્મ બનાવનારા ડાયરેક્ટર રાહુલ ધોળકિયાની મુંબઈના ફાયર ફાઈટર પરની ફિલ્મમાં બનાવી રહ્યા છે. તેમાં કેટલાક ફેરફારો પણ થયા છે. અગાઉ આ ફિલ્મનું ટાઈટલ કામચલાઉ રીતે 'ફાયર' નક્કી કરાયું હતું. તે બદલીને હવે અગ્નિ કરી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત ફિલ્મમાં સૈફ અલી ખાની જગ્યાએ હવે મુખ્ય રોલ પ્રતીક ગાંધી કરશે આ ઉપરાંત દિવ્યેન્દુ શર્મા પણ મહત્વની ભૂમિકામાં હશે.

## 14 વર્ષની એક્ટિંગ કેરિયર બાદ અવિકાનું બોલીવૂડ ડેબ્યૂ



મુંબઇ : એક્ટ્રેસ તરીકે ૧૪ વર્ષની કારકિર્દી ધરાવતી અવિકા ગોર હવે બોલીવૂડમાં ડેબ્યૂ કરી રહી છે. તે વિક્રમ ભટ્ટની ૧૯૨૦- હોરર્સ ઓફ ધી હાર્ટ ફિલ્મમાં જોવા મળશે.

બાલિકા બધૂની આનંદી તરીકે ઘરે ઘરે જાણીતી બનેલી અવિકા ગૌર બાદમાં યુવાન થયા પછી સસુરાલ સિમર કા અનેક સિરિયલમાં દેખાઈ હતી. તે પછી તે સાઉથની ફિલ્મો તરફ વળી ગઈ હતી. તે ટીવી દર્શકોની સાથે સાથે સાઉથમાં પણ મોટો ચાહક વર્ગ ધરાવે છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર તેની હોટ તસવીરો ધૂમ મચાવતી હોય છે.

અવિકાના જણાવ્યા અનુસાર પોતે ક્યારેય સ્ક્રિનથી બ્રેક લીધો નથી તેના મતે દર્શકો સમક્ષ સતત રજૂ થતા રહેવું અગત્યનું હોય છે. સાઉથની ઈન્ડસ્ટ્રીએ બહુ સારી તકો આપી એટલે તે ત્યાં વળી ગઈ હતી. હવે આટલાં વર્ષો પછી બોલીવૂડના મોટા પડદે ફિલ્મ માટે તે આતુર છે.

## અનન્યાએ નુસરત ભરુચા પાસેથી ડ્રીમગર્લ ટૂ છિનવી લીધી



મુંબઇઃ આયુષ્યમાન ખુરાના તથા નુસરત ભરુચાની ડ્રીમગર્લ ફિલ્મ લોકપ્રિય બની હતી. પરંતુ હવે આ ફિલ્મના બીજા ભાગમાં નુસરતના સ્થાને અનન્યા પાંડે ગોઠવાઈ ગઈ છે. અનન્યાની હજ ગણીગાંઠી ફિલ્મો જ આવી છે અને તેણે કોઈ યાદગાર ફિલ્મો કરી નથી. પરંતુ કરણ જોહર કેમ્પમાં હોવાથી તેને એક પછી એક ફિલ્મો મળી રહી છે. ડ્રીમ ગર્લ ફિલ્મમાં આયુષ્યમાન અને નુસરત ભરુચાની કેમિસ્ટ્રી લોકોએ પસંદ કરી હતી. માત્ર ગ્લેમરસ દેખાવ જ નહીં પરંતુ એક એક્ટ્રેસ તરીકે પણ નૂસરત ભરુચાની પ્રશંસા થઈ હતી. પરંતુ, હવે ડ્રીમ ગર્લ ટૂના પ્રોજેક્ટમાં તેના સ્થાને અનન્યાને સાઈન કરવામાં આવી રહી છે. હિરો તરીકે આયુષ્યમાન ખુરાના યથાવત રહેશે પરંતુ તેની સામે ફિમેલ લીડ બદલાઈ જશે. આ ફિલ્મનું શૂટિંગ આ વરસના અંત સુધીમાં શરૂ કરવાની યોજના છે, અને આવતા વરસની દિવાળી પર રિલીઝ કરવામાં આવે તેવી શક્યતા છે.

## સલમાને વિશાખાપટ્ટનમ ખાતે ભારતીય નૌકાદળના હિરો સાથે સમય વીતાવ્યો



અભિનેતા સલમાન ખાન તેના વ્યસ્ત શેડ્યૂલમાંથી એક દિવસની રજા લીઈ વિશાખાપટ્ટનમ ખાતે જઈ ભારતીય નૌકાદળના INS ખલાસીઓ સાથે સમય વિતાવ્યો હતો. બોલિવૂડ સ્ટારે ખલાસીઓ સાથે વાતચીત કરી અને જહાજમાં વિવિધ પ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધો હતો. સલમાન બાળકો સાથે નૌકાદળના કેપ્ટન સાથે મસ્તી કરતો જોવા મળ્યો હતો. આ ઉપરાંત સલમાને પુશઅપ્સ પણ લગાવ્યા હતા. જોકે, સલમાનને જોવા માટે પણ લોકોની ભીડ જામી હતી. અને લોકો ફોટોગ્રાફ્સ તેમજ ઓટોગ્રાફ માટે પણ પડાપડી કરી રહ્યાં હતા. વિશાખાપટ્ટનમ પહોંચી સલમાને ભારતીય ધ્વજ ફરકાવ્યો હતો. INS વિશાખાપટ્ટનમમાં મધ્યમ અને ટૂંકા અંતરની બંદૂકો, સબમરીન, રોકેટ અને અદ્યતન યુદ્ધના ઈલેક્ટ્રોનિક સામગ્રી અને સંચાર પણ છે. આ જહાજમાં 312 જેટલા ક્રૂને સમાવી શકે છે. સલમાનના બોલીવુડના પ્રોજેક્ટની વાત કરીએ તો તે સાજિદ નડિયાદવાલાની એક્શન કોમેડી ફિલ્મ ‘કભી ઈદ કભી દિવાલી’માં નજરે પડશે.

## લોકપ્રિય કોમેડિયન રાજુ શ્રીવાસ્તવ હાર્ટ એટેક બાદ વેન્ટિલેટર સપોર્ટ પર, સ્થિતિ નાજૂક



લોકપ્રિય કોમેડિયન રાજુ શ્રીવાસ્તવને ગત રોજ દિલ્હીની એક હોટેલના જિમમાં વર્ક આઉટ દરમિયાન છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને તેઓ ટ્રેડમિલ પર પડી ગયા હતા. ત્યાર બાદ તાત્કાલિક તેમને એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. હાલ તેઓ વેન્ટિલેટર સપોર્ટ પર છે. દિલ્હીની એક હોટેલમાં રોકાયેલા રાજુ શ્રીવાસ્તવ બુધવારના રોજ જ્યારે વર્ક આઉટ કરી રહ્યા હતા તે સમયે તેમની છાતીમાં ભારે દુખાવો ઉપડ્યો હતો અને આ ઘટના બની હતી. એઈમ્સના કાર્ડિયોલોજી ડિપાર્ટમેન્ટમાં તેમની સારવાર ચાલી રહી છે. ડોક્ટર્સની એક ટીમ સતત તેમના પર નજર રાખી રહી છે અને જાણવા મળ્યા મુજબ તેમની સ્થિતિ ખૂબ જ નાજુક છે. રાજુ શ્રીવાસ્તવે ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ, કોમેડી સર્કસ, ધ કપિલ શર્મા શો, શક્તિમાન જેવા અનેક ટીવી શો ઉપરાંત અનેક હિન્દી ફિલ્મોમાં પણ કામ કરેલું છે. પોતાના અભિનય દ્વારા દર્શકોનું દિલ જીતનારા રાજુ શ્રીવાસ્તવ ભારતીય જનતા પાર્ટીના નેતા પણ છે અને તે પહેલા તેઓ સમાજવાદી પાર્ટીમાં પણ રહી ચુક્યા છે.

## જહાન્વી કપૂર દક્ષિણ ભારતની ફિલ્મમાં ડેબ્યુ માટે તૈયાર



મુંબઈ : જાન્હવી કપૂરે હાલમાં જ વરુણ ધવન સાથેની ફિલ્મનું શૂટિંગ પુરુ કર્યાનું જણાવ્યુ હતું. આ પછી તેણે પોતાની અન્ય એક ફિલ્મની વાત કરી છે. પરંતુ તેની આ ફિલ્મ સાઉથની હશે. જાન્હવી ટોલીવૂડ સિનેમામાં ડેબ્યુ કરવાની છે. તે જૂનિયર એનટી આર સાથે સ્ક્રીન કરવાની છે. થોડા દિવસો પહેલા જ તેણે કહ્યું હતું કે, હું વાસ્તવમાં દક્ષિણ ભારતીય સિનેમા સાથે કામ કરવા ઉત્સાહિત છું.

તેણે વધુમાં કહ્યું હતું કે, એનટી આર સર સાથે કામ કરવું એ મારા માટે ઉમદા તક છે.

જાન્હવીએ વધુમાં જણાવ્યું હતુ કે, એનટીઆર સર સાથે કામ કરવું એ મારા માટે મહત્વનું છે. મને મણિ સરની ફિલ્મોમાં કામ કરવું છે, જેમાં ઐશ્વર્યા રાય બહુ જ સાધારણ કપડામાં, પહાડ અને ઝરણાઓની આસપાસ રહેમાનના ગીત ગાતી જોવા મળે છે.

## શૂટિંગમાં શિલ્પા શેટ્ટીનો પગ ભાંગ્યો, તબુના ચહેરા પર કાચની કરચો ઊડી



મુંબઈ : બોલીવૂડની બે અભિનેત્રીઓ શિલ્પા શેટ્ટી અને તબુ જુદાં જુદાં શૂટિંગમાં એકશન સિકવન્સમાં ઘાયલ થઈ હતી. યોગાનુયોગે બંને પોલીસ અધિકારીના રોલમાં જ શૂટિંગ વખતે ઘાયલ થઈ હતી. શિલ્પા રોહિત શેટ્ટીની વેબ સિરીઝ ઈન્ડિયન પોલીસ ફોર્સના શૂટિંગ વખતે ઘાયલ થઈ હતી. તેને પગમાં ફ્રેક્ચર થતાં છ સપ્તાહ આરામની સલાહ અપાઈ છે. બીજી તરફ તબૂ અજય દેવગણની ફિલ્મ ભોલાના શૂટિંગમાં ઘાયલ થઈ હતી. તબુ એક ટ્રકમાં હોય છે અને બાઈક સવારો તેનો પીછો કરી રહ્યા છે એવી સિકવન્સ હતી. જેના શુટિંગ વખતે કાચની કરચો તબુના ચહેરા પર ઊડી હતી. તેની જમણી આંખ માંડ માંડ બચી હતી. તેને સેટ પર જ પ્રાથમિક સારવાર આપી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### ઈંધણ અને પ્રદૂષણની સમસ્યામાંથી મુક્તિ માટે હોઈડ્રોજન જ શ્રેષ્ઠ વિકલ્પ હોવાનો વ્યક્ત થતો મત

# હવે હાઈડ્રોજનથી વિમાનો ઉડાડવા મથામણ

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

વાહનો અને વિમાનોના બળતણ તરીકે હાઈડ્રોજનનો ઉપયોગ થઈ શકે છે. પેટ્રોલના વિકલ્પ તરીકે હાઈડ્રોજનનો ઉપયોગ દુનિયામાં વિકટ બનેલી પ્રદૂષણની સમસ્યાને પણ ઓછાવત્તા અંશે ઓછી કરી શકે છે. હકીકતમાં છેલ્લાં બે દાયકાથી દુનિયા ગ્લોબલ વોર્મીંગની સમસ્યા સામે ઝઝૂમી રહી છે. દુનિયામાં વિકસિત અને વિકાસશીલ દેશો દ્વારા ફેલાવાતા પ્રદૂષણને કારણે સમસ્યાની હારમાળા સર્જાઈ રહી છે. આવા સંજોગોમાં ગ્રીન અન્વાયરોની વાતોને ખરા અર્થમાં સાર્થક કરવાની આવશ્યકતા છે. અને પૃથ્વી પર પુષ્કળ માત્રામાં ઉપલબ્ધ હાઈડ્રોજનને ઈંધણનો વિકલ્પ ગણી શકાય તેમ છે. વિમાનના બળતણ તરીકે તે સવિશષ ઉપયોગી બને તો માનવીને મોટો ફાયદો થવાની આશા છે. જો કે, તેને સાકાર કરવાનું એટલું સરળ નથી. તે માટેની ટેકનોલોજી તૈયાર કરવી અથવા બાંધવી તે પણ કોઈ મોટી સમસ્યા નથી. સમસ્યા ખૂદ લિકવિડ અથવા પ્રવાહી હાઈડ્રોજન છે. જેને નાથવાનો, સલામત રીતે કુબામાં લેવા માટેની રીતો શોધવા માટે વિજ્ઞાનીઓ અને ટેકનોલોજીસ્ટો દાયકાઓથી મહેનત કરી રહ્યા છે. થોડી ઘણી સફળતા મળી છે પણ પડકારો પણ સામે આવ્યા છે.

આજકાલ વિમાનમાં જે પેટ્રોલિયમ બળતણ વપરાય છે તે પોતાના વજનના પ્રમાણમાં ઓછી ઉર્જા ધરાવે છે. જયારે નાઈટ્રોજન વજનના પ્રમાણમાં વધુ ઊર્જા ધરાવે છે. તેનો સરળ અર્થ એ થાય કે ઓછા વજન સાથે વિમાન વધુ દૂર સુધી લઈ શકાય છે. પ્રદુષણ બાબતમાં ફાયદો થવાથી પર્યાવરણને પણ મોટી મદદ મળી રહે તેમ છે. આ ઉપરાંત વિમાનોમાં કાર્ગો કે પેસેન્જરો માટે વધુ જગ્યા મળી શકે. આ સિવાય કાર્બન સાથે હાઈડ્રોજનનું મિશ્રણ કરીને તેમાંથી વારંવાર ઉપયોગ થઈ શકે તેવું સસ્ટેનેબલ સિન્થેટિક ઈંધણ પણ તૈયાર થઈ શકે. આ માટે માત્ર હવામાંથી કાર્બન ખેંચવાની જરૂર પડે. કાર્બન ખેંચી લેવાથી પણ પ્રદૂષણ ઘટે તેમ છે. જે સમયે હાઈડ્રોજન ઈંધણ તરીકે વપરાતું થશે ત્યારે પ્રદૂષણ, પર્યાવરણ જગતમાં ખનીજ તેલની મોનોપોલી દૂર થશે. આજે ભવિષ્યના ઈંધણ તરીકે નિષ્ણાતોમાં બે ભિન્ન મત છે.

એક વર્ગ માને છે કે ભવિષ્યનું ઈંધણ ઈલેકિટ્રીસિટી હશે. ખાસ કરીને વાહનોનાં ઈંધણ તરીકે ઈલેકટ્રીક સીટીને ગણી શકાશે. જયારે બીજો વર્ગ માને છે કે હાઈડ્રોજન જ ઈંધણનો ઉત્તમ વિકલ્પ છે. ભારતનું ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન હાઈડ્રોજનના ઉપયોગ અંગે વધુ ભાર મુકે છે. તેના મતે જો ઈલેકિટ્રીસિટી પરંપરાગત ઢબે તેલ, કોલસો બળીને ઉત્પન્ન કરવાની હોય તો તેનાથી પ્રદૂષણ ઘટશે નહીં. આ સિવાય વીજળી ઊર્જા સંગ્રહ કરવા માટે બેટરીઓનું નિર્માણ પ્રદૂષણમાં વધારો જ કરશે. આવા સંજોગોમાં હાઈડ્રોજન વધુ સારો વિકલ્પ બની શકે છે.



હાઈડ્રોજન બાબતમાં પ્રથમ પડકાર એ છે કે તેનો એક વિમાનમાં સલામત રીતે સંગ્રહ કઈ રીતે કરવો. વિમાનમાં તેને 253 ડિગ્રી સેલ્સિયસ માઈનસ તાપમાનમાં રાખવો પડે અને તેનો ઈંધણ તરીકે ઉપયોગ થાય તે અગાઉ તેનું ગેસમાં રૂપાંતર કરવું પડે. જે ગેસ બળે છે તે હાલના જેટ ઈંધણ (પેટ્રોલ) કરતાં પણ ખૂબ પ્રચંડ તાપમાન પેદા કરે છે. તેથી તેને ઠંડો પાડવા માટેની ખાસ વ્યવસ્થા, સાધનો અને કોટિંગ વગેરે વિકસાવવા પડશે. આ બધા પડકારોને પહોંચી વળવા માટે વિમાનોની નવી ડિઝાઈનો અને ત્યાં સુધી કે નવી શૈલીનાં વિમાનમથકો પણ બાંધવાની જરૂર રહેશે.

હાલમાં તો નવી ટેકનોલોજી માટે ઉપમા વાપરીએ તો રનવે તૈયાર થઈ રહ્યો છે. ટેક ઓફ પછી સમજાશે કે વિમાન કેમ અને કેટલું ઊડશે ?

હાલમાં પ્રવાસી અને અન્ય વિમાનોના ઉત્પાદનમાં જગતની નંબર વન ગણાતી ફ્રાન્સની એરબસ કંપની હાઈડ્રોજન - ચાલિત વિમાનો માટે નવી ટેકનોલોજી વિકાસવવાના કામમાં લાગી ગઈ છે. એરબસનું સુપરજમ્બો એ 380 વિમાન જગતમાં જાણીતું છે. પેસેન્જરોને લઈ જતું આ સૌથી મોટું વિમાન છે. મોટર વાહન ઉદ્યોગની જેમ જ વિમાન ઉદ્યોગ સામે પણ કાર્બનનું ઉત્સર્જન ઘટાડવાનો એક સૌથી મોટો પડકાર અને લક્ષ્યાંક છે. હવે એરબસ કંપની એ 3809 વિમાનમાં હાઈડ્રોજનથી ચાલી શકે તેવા એન્જીનોના પ્રયોગો કરવાની તૈયારીમાં છે. અનેક કોમ્પ્યુટરો, અનેક એન્જિનિયરો તે અંગે પ્રયોગો કરવા સાથે ડેટા એકત્ર કરી રહ્યા છે.

## વિમાનને હાઈડ્રોજનથી ઉડાવવા સામે અનેક પડકારો પણ છે કારણ કે તેને સલામત રીતે સંગ્રહ અને તેને ઠંડુ પાડવા વિશેષ વ્યવસ્થા કરવી પડશે

વિમાન નિર્માણ ઉદ્યોગ 2035 સુધીમાં એવા વિમાનો તૈયાર કરીને ઊડાડવા માગે છે જે પ્રદૂષણથી રહિત હોય. એરબેસ, હાઈડ્રોજન એન્જીન ધરાવતા વિમાનોની ટેસ્ટ ફલાઈટ 2026ના અંત સુધીમાં ઊડતી મૂકવા માગે છે. જો કે, હાઈડ્રોજન એન્જીનો વડે સૌપ્રથમ મધ્યમ કે નાનાં કદનાં વિમાનો ઊડાડાશે. તેના પ્રયોગો માટે એ 380 જમ્બો વિમાનની પસંદગી કરવાની તમામ સામગ્રીઓના પ્રયોગો ચાલી રહ્યા છે.

હાઈડ્રોજનની બાબતમાં બોઈંગના પ્રયોગો તકેદારી સાથે આગળ વધી રહ્યા છે. જો કે, પાંચ વર્ષમાં બેથી ત્રણ વિમાનો બોઈંગની ટેકનોલોજિકલ ક્ષતિને કારણે અકસ્માતોનો ભોગ બન્યા છે.

એરબસ વિમાન ઊડયનના ક્ષેત્રે બળતણનાં વિકલ્પો શોધવા ઉપરાંત અન્ય ટેકનોલોજિકલ વિકલ્પ અંગે પણ ગંભીરતાપૂર્વક અધ્યયન અને પ્રયોગો કરી રહી છે. દૂર ઊડીને જતાં યાયાવર પક્ષીઓ, કુંજર, ફલેમિંગો વગેરે એક ત્રિકોણ રચીને ઊડે તેથી તેઓની શક્તિમાં કોઈ બચત થાય કે ખરી? એરબસ દ્વારા આ સવાલનો જવાબ મેળવવા પ્રયોગો કરી સંશોધન હાથ ધરાયું તો આ રીતે ઊડવાથી પક્ષીઓની શક્તિ ઓછી ખર્ચાય છે તેવુ તારણ નીકળ્યુ છે.

આ ઉપરાંત જે રીતે હવા ફંટાય તે સમયે પક્ષીઓ માટે હવાનો માર ઓછો રહે છે. હવે જો વિમાનોને પણ તે જ પ્રમાણે એંગલ બનાવીને ઊડાડાય તો હવાની થપાટ ઓછી સહન કરવી પડે છે. હાઈડ્રોજન એક વિમાનના બળતણ તરીકે સફળ પુરવાર થાય છે કે કેમ? તે નક્કી કરવાનો સમય આવી ગયો છે. તમને જાણીને નવાઈ પણ લાગશે કે, આ પ્રયોગ કરવામાં માત્ર એરબસ જ સક્રિય નથી. પરંતુ તેની હરીફ કંપની બોઈંગ પણ હાઈડ્રોજનની ક્ષમતાઓ અને શકયતાઓ તપાસી રહી છે. બોઈંગની સાથે અન્ય એન્જીન નિર્માણ કંપનીઓ જોડાઈ છે અને અનેક પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઈંધણ તરીકે વિકલ્પો શોધવામાં આવી રહ્યા છે. સંશોધકો હાઈડ્રોજન અને ઈંધણોનાં અનેક સંયોજનો ગોઠવી પ્રયોગો કરીને સફળતા મેળવવા મથામણ કરી રહ્યા છે.

આજે અનેક સંશોધકો માને છે કે હાઈડ્રોજનનો ઉપયોગ ઈંધણ તરીકે કરવામાં આવશે તો પ્રદુષણની માત્રા ઘટવાથી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પણ ધીમેધીમે હલ થશે. ગ્લોબલ વોર્મિંગ મુદ્દે આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતી જી-7 સહિતની બેઠકોમાં દુનિયાના દેશો ચર્ચા કરી રહ્યા છે. જેમાં મુખ્યત્વે પ્રદૂષણની માત્રા ઘટાડવા ભાર મુકાતો રહ્યો છે.પરંતુ હકીકતમાં તેના વિષે વિકસીત કે વિકાસશીલ દેસો નક્કર આયોજન કરતા ન હોવાથી સમસ્યા ઠેરઠની ઠેર રહી જતી હોય છે. દુનિયામાં વાહનોની વધતી જતી સંખ્યા અને ઔદ્યોગિક વિકાસ મોટે પાયે આ સમસ્યા માટે જવાબદાર છે. આવા સંજોગોમાં પેટ્રોલ-ડીઝલનો વિકલ્પ મળે તો અનેક દેશોને મોટી ચિંતામાંથી મુક્તિ મળી જશે તે ચોક્કસ છે.

# શું તમારા ઈ-મેઈલ એકાઉન્ટ પર કોઈની નજર છે?

ઉત્તર કોરિયાના હેકર્સ દ્વારા Chromium-આધારિત વેબ બ્રાઉઝર્સ પર મેલીસીયસ એક્સ્ટેંશન જમાવી રહ્યા છે. જે Gmail અને AOL માંથી ઈ-મેઈલની ચોરી કરવામાં સક્ષમ છે. સાયબર સિક્યુરિટી ફર્મ વોલેક્સિટીએ જણાવ્યું કે માલવેર પ્રવૃત્તિ ક્લસ્ટરને આભારી છે. જે તેને શાર્પટૉન્ગ કહે છે. જે કિમસુકી નામથી જાહેરમાં ઉલ્લેખિત પ્રતિસ્પર્ધી સાથે ઓવરલેપ શેર કરે છે.

સંશોધકો પૌલ રાસ્કેગ્નેરેસ અને થોમસ લેન્કેસ્ટરે જણાવ્યું હતું કે શાર્પટૉન્ગ યુ.એસ., યુરોપ અને દક્ષિણ કોરિયામાં સંગઠનો માટે કામ કરતી વ્યક્તિઓને અલગ પાડવાનો ઈતિહાસ ધરાવે છે. જેઓ ઉત્તર કોરિયાના પરમાણુ મુદ્દાઓ, શસ્ત્રો પ્રણાલીઓ અને ઉત્તર કોરિયાના વ્યૂહાત્મક હિતના અન્ય મુદ્દાઓ પર કામ કરે છે.

કિમસુકી દ્વારા એટેક્સમાં મેલીસીયસ એક્સટેન્શનનો ઉપયોગ નવો નથી. 2018 માં યુઝર્સના એકાઉન્ટને સંક્રમિત કરવા, બ્રાઉઝર કૂકીઝ અને પાસવર્ડ્સની ચોરી કરવા માટે સ્ટોલન પેન્સિલ નામના અભિયાનના ભાગ રૂપે Chrome પ્લગઈનનો ઉપયોગ કરતા જોવા મળ્યો હતો. પરંતુ નવીનતમ જાસૂસી પ્રયાસ અલગ છે કે તે ઈ-મેઈલ ડેટાને લૂંટવા માટે શાર્પેક્સ નામના એક્સ્ટેંશનનો ઉપયોગ કરે છે. સંશોધકોએ નોંધ્યું હતું કે યુઝર્સના વેબમેઈલ એકાઉન્ટને બ્રાઉઝ કરતી વખતે સીધા જ તેની તપાસ કરે છે અને તેને બહાર કાઢે છે.

લક્ષ્યાંકિત બ્રાઉઝર્સમાં Google Chrome, Microsoft Edge અને Naver's Whale બ્રાઉઝર્સનો સમાવેશ થાય છે. જેમાં Gmail અને AOL વેબસાઈટની માહિતી મેળવવા માટે રચાયેલ મેઈલ-ચોરી માલવેર છે. એક્સટેન્શનને ઈન્સ્ટોલ કરતી વખતે વિન્ડોઝ સિસ્ટમના એક્સેસની માંગણી કરે છે



ત્યારબાદ હેકરના સર્વરનો રીમોટ એક્સેસ લઈને મેલીસીયસ ફાઈલ યુઝર્સની સીસ્ટમમાં ઈન્સ્ટોલ કરે છે.

યુઝર્સના મેઈલ બોક્સમાંથી ઈ-મેઈલ અને અટેચમેન્ટ ચોરવા માટે સક્રિય ટેબની અંદર DevTools પેનલને સક્ષમ કરીને સફળ થાય છે. જ્યારે ડેવલપર મોડ એક્સ્ટેન્શન્સ ચલાવવા વિશે કોઈપણ વોર્નિંગ મેસેજ છુપાવવા માટેના પગલાં લેવામાં આવે છે.

વોલેક્સિટીએ જણાવ્યું કે મેઈલ-ચોરી માલવેરથી હજારો યુઝર્સના ઈ-મેઈલ એકાઉન્ટને અસર થઈ છે અને કરોડો ઈ-મેઈલ ડેટાની ચોરી થાય છે. જે યુઝર્સના ઈ-મેઈલ એકાઉન્ટ બ્રાઉઝરમાં ઓટો-લોગીન હોય છે તેવા એકાઉન્ટને વધુ અસર થઈ છે.

કોન્ની તરીકે ઓળખાતા રિમોટ એક્સેસ ટ્રોજનના અપડેટેડ વર્ઝનને પહોંચાડવા માટે રશિયા અને દક્ષિણ કોરિયામાં સ્થિત રાજકીય સંસ્થાઓ સામે ઘૂસણખોરી સાથે જોડાયેલા હોવાના તારણો આવ્યા છે. પછી ગયા અઠવાડિયે સાયબર સિક્યુરિટી ફર્મ Securonix એ કોન્ની માલવેરને વિતરિત કરવા માટે STIFF#BIZON કોડનામના એક ઝુંબેશના ભાગ રૂપે ચેક રિપબ્લિક, પોલેન્ડ અને અન્ય દેશો સહિતના ઉચ્ચ-મૂલ્યના લક્ષ્યોનું શોષણ કરતા હેકર્સના ગ્રુપને બંધ કરી દીધું.

જ્યારે એટેક્સ કરવા માટે વપરાતી યુક્તિઓ અને સાધનો APT37 નામના ઉત્તર કોરિયાના હેકિંગ ગ્રુપ તરફ નિર્દેશ કરે છે. ત્યારે એટેક્સની સૂચીને લગતા એકત્ર કરાયેલા પુરાવા રશિયા સાથે જોડાયેલા APT28 (ફેન્સી બેર અથવા સોફેસી) ટૂલકીટની સંડોવણી સૂચવે છે.

અંતમાં આ ચોક્કસ કેસને જે રસપ્રદ બનાવે છે તે APT 28 સાથે ટ્રેડક્રાફ્ટ સમાનતા સાથે જોડાણમાં કોન્ની માલવેરનો ઉપયોગ છે. સંશોધકોએ જણાવ્યું હતું કે, તે એટ્રિબ્યુશનને ગૂંચવવા અને શોધથી બચવા માટે માસ્કડ કરવાનો કેસ હોઈ શકે છે.

beinghumanmj

## શીર્ષક : સપનું
## કવયિત્રી : હિના મોદી

વર્ષો પહેલાં...
એક સ્ત્રીનાં બધાં જ સપનાં
સામટાં જ અનાથ થઈ ગયેલાં
ને, ભોંય પર વિરવિખેર થઈ ઢળી પડેલાં
એમાનું એક સપનું તેના હાથમાં આવી ચડેલું
કોઈ આશા અરમાન સાથે
ને પછી ...
વર્ષો સુધી તેણે એને ટીપે -ટીપે સેવ્યું, પંપાળ્યું
જીવની જેમ જતન કર્યું.
ફરી પાછું એ,
સાવ ગરીબ થઈ ઢળી પડ્યું.
ત્યારે એ સ્ત્રીએ બીજી સ્ત્રીને પૂછ્યું-
શું....
સપનાંને 'સપનું ' સાકાર કરવાની રજા મંજૂરી નહીં મળતી હોય??
સપનાંની હથેળીમાં આમ અચાનક
ઢોળાઈ જવાનું જ લખ્યું હોય??
કે પછી...
આમ જ,
પીગળતા પીગળતા સમૂળકાં ઓગળી જવાનું
એનું નામ જ' સપનું '
બીજી સ્ત્રી પણ...!!!

# તહેવારો દરમિયાન આ રીતે સાડીમાં મેળવો પરફેક્ટ અને આકર્ષક લૂક

## એસેસરીઝ

રક્ષાબંધન પર ફ્લોરલ પ્રિન્ટેડ સાડી પહેરી રહ્યા છો તો તમારા લૂકને પરફેક્ટ બનાવવા માટે સ્ટાઈલિંગ ટિપ્સને ફોલો કરી શકાય છે. આ અવસરે તમે ફ્લોરલ સાડીને કેરી કરો. આ એવી સ્ટાઈલ છે જે કોઈ પણ ટ્રેન્ડમાં આઉટ રહેતી નથી. આ સિવાય તમારા ફેસ્ટિવ લૂકને પણ પરફેક્ટ બનાવે છે.



## આ રીતે વધશે સ્ટાઈલ

ખાસ વાત એ છે કે તેને વેસ્ટર્ન વિયરથી લઈને ઈન્ડિયન વિયરમાં સરળતાથી કેરી કરી શકાય છે. તે દેખાવમાં સુંદર લાગે છે અને સાથે જ કમ્ફર્ટેબલ પણ રહે છે. સિંપલ અને ફ્લોરલ સાડીમાં તમારો લૂક એલીગન્ટ અને પરફેક્ટ દેખાય છે. તો જાણો કઈ 6 ટિપ્સ કરશે તમારી મદદ.

## સાડીનો કલર

ગરમીની સીઝનમાં તમે ઓફ વ્હાઈટ બેઝ પર મોટી ફ્લોરલ પ્રિન્ટ કે ડાર્ક ફ્લોરલ સાડીની પસંદગી કરી શકો છો. આ સારો ઓપ્શન બની શકે છે. આ એક એવી સ્ટાઈલ છે જે લૂકને સુંદર અને આકર્ષક બનાવે છે.

## બ્લાઉઝનું રાખો ધ્યાન

તમે જે બ્લાઉઝ કેરી કરો છો તેની પર ધ્યાન આપો. તમે લૂકને પરફેક્ટ બનાવવા યોગ્ય બ્લાઉઝ સાથે સાડીને ડિફરન્ટ લૂક આપી શકો છો. ઓફ શોલ્ડર બ્લાઉઝ, પ્લેન બ્લાઉઝ, મેચિંગ ફ્લોરલ પ્રિન્ટેડ બ્લાઉઝની સાથે તમે સાડીને કેરી કરો. આ ફ્લોરલ સાડી ગરમીમાં કૂલ લૂક આપશે. આ સિવાય સ્લીવલેસ કે ટ્યૂબ સ્ટાઈલ બ્લાઉઝ કેરી કરો. આ સિવાય પ્લંજિંગ નેકલાઈન બ્લાઉઝ અને સ્લીવલેસ સીકવન્સ લુક બ્લાઉઝ પણ ફ્લોરલ પ્રિન્ટેડ સાડીની સાથે સારો લાગે છે. આ સાથે એવી જ્વેલરી પસંદ કરો જે ગરમીમાં ઈચિંગથી દૂર રાખશે. તમે ઈચ્છો તો ફ્લોરલ સાડીની સાથે પર્લ જ્વેલરી પહેરો તે ઈચ્છનીય છે.

## બોર્ડર વાળી સાડી

ફ્લોરલ પ્રિન્ટેડ સાડીની બોર્ડર પર ધ્યાન આપો તે જરૂરી છે. જરી, સ્ટોન કે બીડ્સ વર્ક ફ્લોરલ પ્રિન્ટેડ સાડી તમને ફેસ્ટિવ લૂક આપી શકે છે. આ સિવાય તમે શિમરિંગ જરી વર્ક પણ યૂઝ કરી શકો છો. આ દેખાવમાં સ્ટાઈલિશ લાગે છે અને સાથે લુકને સ્ટાઈલિશ બનાવે છે.


## એસેસરીઝનું રાખો ધ્યાન

ફ્લોરલ પ્રિન્ટેડ સાડી લૂકમાં એસેસરીઝનું એક ખાસ કોમ્બિનેશન છે. કેઝ્યુઅલમાં ફ્લોરલ પ્રિન્ટેડ સાડી પહેરી છે તો એસેસરીઝને મિનિમલ રાખી શકો છો. આ સિવાય સ્ટેટમેન્ટ લૂક કેરી કરો. તમે નેક પીસ કેરી કરવા નથી ઈચ્છતા તો એવામાં લોન્ગ ઈયરિંગ્સથી પણ પરફેક્ટ લૂક મળે છે.

## હેયર સ્ટાઈલ

ફ્લોરલ પ્રિન્ટેડ સાડીની સાથે અનેક હેયરસ્ટાઈલને કેરી કરી શકો છો. તમે ઓપન સોફ્ટ વેવ્સ લૂક રાખો એ પણ એક સારો ઓપ્શન બને છે. લોઅર બન બનાવીને સાડીના લૂકને એલીગન્ટ બનાવી શકો છો. હેર સ્ટાઈલમાં વાળને મેનેજ કરવા સારો ઓપ્શન બની શકે છે.

# ફેસ્ટિવલ મેકઅપ કરતી વેળા ધ્યાનમાં રાખો કેટલીક બાબતો



## મેકઓવર

તહેવારોની શરૂઆત થઈ ચૂકી છે. ફેસ્ટિવલ મેકઅપ દરેક યુવતીઓની ખાસ જરૂરિયાત છે. તહેવારમાં મેકઅપ કરવાની સરળ રીત વિશે આજે આપણે વાત કરીશું. એનો ઉપયોગ કરીને તમે જલદી તૈયાર થઈ શકો અને આકર્ષક પણ લાગી શકો.

## ફાઉન્ડેશન

મેકઅપ કરવાની શરૂઆત કરો એ પહેલાં ચહેરો ફેસવોશથી ક્લીન કરી લો. એ પછી મોઈશ્ચરાઈઝર ચહેરા ઉપર લગાવી દો. મોઈશ્ચરાઈઝર બાદ ચહેરા ઉપર ડાઘ-ધબ્બા હોય તો તેને છુપાવવા કન્સીલર લગાવો. કન્સીલર તમારા સ્કિનટોન સાથે મેચ કરતું હોય એનું ધ્યાન રાખો. કન્સીલર લગાવ્યા બાદ ફાઉન્ડેશનની જરૂર લાગે તો જ તેનો ઉપયોગ કરો. જો તમે લાઈટ મેકઅપ કરવા માંગતા હોવ તો ફાઉન્ડેશન નહીં લગાવો તો ચાલશે.

## બીબી ક્રીમ

તમે રેગ્યુલર મેકઅપ ન કરતાં હોવ, ફક્ત તહેવાર દરમિયાન જ મેકઅપ કરતા હોવ તો બીબી ક્રીમનો ઉપયોગ કરી શકો. બજારમાં વિવિધ કંપનીનાં બીબી ક્રીમ મળે છે. એમાંથી તમારી સ્કિનના પ્રકારને અને સ્કિનટોનને ધ્યાનમાં રાખીને બીબી ક્રીમની પસંદગી કરો. સ્કિન ડ્રાય હોય તો હથેળીમાં બીબી ક્રીમ અને મોઈશ્ચરાઈઝર બંને લઈને મિક્સ કર્યા બાદ ચહેરા પર એપ્લાય કરો. આ રીતે ન કરવું હોય તો પહેલાં મોઈશ્ચરાઈઝર લગાવ્યા બાદ બીબી ક્રીમનો ઉપયોગ કરો.

## આઈ મેકઅપ

આઈ મેકઅપમાં સૌથી પહેલાં આઈલાઈનરનો ઉપયોગ કરો. બ્લેક આઈલાઈનરને બદલે બ્લૂ અથવા બ્રાઉન આઈલાઈનર લગાવશો તો ડિફરન્ટ લુક મળશે. ફેસ્ટિવલમાં બહુ હેવી લુક જોઈતો ન હોય તો આઈ શેડો લગાવવાનું ટાળો. મસ્કારામાં બ્લેકને બદલે બ્રાઉન અથવા તો ટ્રાન્સપરન્ટ મસ્કારાનો ઉપયોગ કરી શકો. ટ્રાન્સપરન્ટ મસ્કારાથી તમે આઈ લેશેઝને સેપરેટ કરી શકો છો અને આઈબ્રોઝને પણ સેટ કરી શકો છો. છેલ્લે આંખમાં બ્લેક કાજલ લગાવી દો.

## લિપસ્ટિક-લિપ ગ્લોસ

આઉટફિટને મેચ કરતી લિપ પેન્સિલ ખરીદો. લિપ પેન્સિલથી પહેલાં લિપને આઉટલાઈન આપી દો. પછી લિપસ્ટિક લગાવો. લિપસ્ટિકનો ઉપયોગ ન કરવો હોય તો લિપ ગ્લોસ એપ્લાય કરો. એનાથી તમે લિપસ્ટિક, લિપ બામ અને લિપ ગ્લોસ ત્રણેયનું કોમ્બિનેશન મેળવી શકો છો.

# વળતર નહીં મળતા નારાજ ખેડૂતો નર્મદા નિગમની કચેરીમાંથી સામાન ઉઠાવી ગયા

## પાદરા તાલુકાના અભોર ગામે 1987માં નર્મદા નહેર માટે જમીન સંપાદન કરવામાં આવી હતી



**વડોદરા**

પાદરા તાલુકાના અભોર ગામના ખેડૂતોએ ગત શનિવારે ગાંધીનગર સચિવાલય સ્થિત સરદાર સરોવર નર્મદા નિગમની ઓફિસમાં દરોડો પાડયો હતો અને ઓફિસના કોમ્પ્યૂટર અને ખુરશીઓ જપ્ત કરી લેતા દોડધામ મચી ગઈ હતી. અભોડ ગામમાં ૩૫ વર્ષ પહેલા નર્મદા નિગમે જમીન સંપાદન કરી હતી અને તે પેટેનું વળતર ચુકવવામાં ૩૫ વર્ષથી નિગમ અખાડા કરતુ હોવાથી ખેડૂતોએ કોર્ટના હૂકમના આધારે શનિવારે સામાન જપ્ત કરી લીધો હતો. અભોર ગામમાં ૧૯૮૭ માં નર્મદા નહેર માટે જમીન સંપાદન કરવામાં આવી હતી અને ત્યારે પિયત જમીનના પ્રતિ ગુંઠા રૂ. ૨૨૫ અને બિન પિયત જમીનના પ્રતિ ગુંઠા રૂ. ૧૫૦ વળતર નક્કી કરાયુ હતુ પરંતુ આ વળતર ખૂબ ઓછુ હોવાથી અમે કોર્ટમાં ગયા હતા અને આખરે હાઈકોર્ટે પિતય જમીનના પ્રતિ ગુંઠે ૧૬૨૫ જ્યારે બિન પિયતના પ્રતિ ગુંઠે ૧૩૦૦ વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટના હુકમ બાદ નર્મદા નિગમે પૈસા તો જમા કરાવ્યા પરંતુ પિયત જમીનનુ વળતર ચૂકવવામાં કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને અમને પ્રતિ ગુંઠે રૂ.૧૬૨૫ ના બદલે રૂ.૧૪૦૦ જ ચુકવ્યા હતા અને રૂ.૨૨૫ ચુકવવાના બાકી રાખ્યા હતા. પિતય જમીનવાળા ૨૭ ખેડૂતોના બાકી નીકળતા પૈસા નર્મદા નિગમે ચૂકવ્યા નથી. વર્તમાન બજાર કિંમત પ્રમાણે ૨૭ ખડૂતાના બધું મળીને ૬૮ લાખ રૂપિયા બાકી નીકળે છે.

# સાબરમતી નદીમાં ફરી પ્રદૂષણ વધ્યુ છે : સહાયકે હાઈકોર્ટનુ ધ્યાન દોર્યું

**અમદાવાદ**

સાબરમતી નદીમાં પ્રદૂષણ મુદ્દે થયેલી જાહેરહિતની રિટ અરજીની સુનાવણી દરમ્યાન કોર્ટ સહાયક તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, સાબરમતી નદીમાં ફરી એકવાર પ્રદૂષણનુ પ્રમાણ વધી ગયુ છે. જે અંગે અમ્યુકો સહિતના સત્તાધીશોએ જરૂરી કાર્યવાહી કરવી રહી. સાથે સાથે સાબરમતી નદીમાં ઔદ્યોગિક અને રાસાયણિક કચરાના નિકાલ માટે મેગા-૨ પાઈપલાઈન પણ નાંખવામાં આવનાર હોવા અંગે હાઈકોર્ટને જાણ કરાઈ હતી. દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટને સુધારવા બાબતે પગલાં લેવાઈ રહ્યા હોવા અંગે કોર્ટને જાણ કરાઈ હતી.

# સરકારી જવાબો સાંભળીને કંટાળી ગયા, હવે પરિણામ આપો: ધારાસભ્યનો આક્રોશ

**ગાંધીનગર**

ઘણાં સમયથી આદિવાસીઓના પ્રશ્નોની રજૂઆત કરી ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવા સરકારની નીતિ-રીતિની વારંવાર ટીકાઓ કરી રહ્યાં છે ત્યારે સુરતના વરાછાના ધારાસભ્ય અને પૂર્વ મંત્રીએ પણ ફેસબુક જેવા સોશ્યલ માધ્યમથી પોતાનો રોષ ઠાલવ્યો છે.

સચિવાલયમાં કામો લઈને આવતા સાંસદો અને ધારાસભ્યોની જેવી ફરિયાદ હોય છે તેવી ફરિયાદો હવે રાજ્યના શહેરી વિસ્તારની સંસ્થાઓમાં શરૂ થઈ ચૂકી છે. ખુદ ભાજપના જ નેતાઓ કામ નહીં થતાં હોવાની ફરિયાદો કરી રહ્યાં છે. સચિવાલયના વિભાગોમાં ઘણીવાર કામમાં વિલંબ બદલ અધિકારી અને પ્રજાના પ્રતિનિધિ વચ્ચે ચકમક સર્જાતી જોવા મળે છે.

સુરત મહાનગરપાલિકામાં ભાજપનું શાસન છે. આ સ્થાનિક સંસ્થા સામે ભાજપના જ ધારાસભ્ય કુમાર કાનાનીએ રોષ ઠાલવ્યો છે. તેમણે કહ્યું હતું કે બધાંને જાણ હોવા છતાં પાણીના નિકાલના કોઈ ઉપાય કરવામાં આવતા નથી. પોતાની ફેસબુક પોસ્ટમાં તેમણે લખ્યું છે કે ૨૫ વર્ષથી સરકારી જવાબો સાંભળીને કંટાળી ગયા છીએ. અમને પરિણામ આપો, વાયદા નહીં.

# ડ્રોનથી ખેતરમાં દવા છાંટવાના પ્રોજેક્ટનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આરંભ કરાયો

**અમદાવાદ**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ડ્રોનની મદદથી ખેતરમાં દવાનો છંટકાવ કરવાના ભારતના સૌથી મોટા પ્રોજેક્ટનો ગાંધીનગર નજીક મોટા ઈસનપુર ગામથી આરંભ કરાવ્યો છે.આ પ્રસંગે બોલતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોની આવક બમણી કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સપનાંને સાકાર કરવા ગુજરાત સતત સક્રિય છે. આ માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ખર્ચ ઘટાડવાનો અને ઉત્પાદકતા વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ખેડૂતોને પણ ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અવસર મળે તે માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# ગુજરાતના અનેક શહેરોમાં પાણીમાં "આર્સેનિક"નું વધુ પ્રમાણ : કેન્દ્ર સરકારના અહેવાલમાં ઘટસ્ફોટ

**વડોદરા**

ગ્રાઉન્ડ વોટર (જમીનમાંથી ખેંચાતા પાણી)માં આર્સેનિકની હાજરી એક ગંભીર બાબત છે. ત્યારે કેન્દ્ર સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા દેશભરના અલગ અલગ જગ્યાએથી લીધેલા પાણીના નમૂના પૈકી વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના વેગામાં લેવામાં આવેલા પાણીના નમૂનામાં આર્સેનિકની હાજરી જોવા મળી હતી. આર્સેનિક એક ધાતુ છે અને એનું નિયમિત ગ્રહણ કરવાથી શરીરમાં અનેક પ્રકારની ગંભીર બીમારીઓ થઈ શકે છે. કેન્દ્ર સરકારના મંત્રાલયના તાજેતરના અહેવાલ પછી ભારે ખળભળાટ મચી ગયો છે. એક તરફ તંત્ર નાગરિકોને જરૂર જેટલું પાણી પૂરું પાડી શકતું નથી, જે પાણી આપે છે તે પણ ડ્રેનેજ મિશ્રિત અને ઓછા દબાણથી મળી રહ્યું છે. ત્યારે હવે ડભોઈમાં વિતરણ થતાં પાણીમાં આર્સેનિકની હાજરી જોવા મળતા તંત્ર માટે એક નવી ચિંતા ઊભી થઈ છે.

પીવાના, ખોરાકની તૈયારી અને ખાદ્ય પાકોની સિંચાઈ માટે વપરાતું દૂષિત પાણી આર્સેનિકથી જાહેર આરોગ્ય માટે સૌથી મોટો ખતરો છે. પીવાના પાણી અને ખોરાકમાંથી આર્સેનિકના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી કેન્સર અને ચામડીના જખમ થઈ શકે છે. તે કાર્ડિયોવેસ્ક્યુલર રોગ અને ડાયાબિટીસ સાથે પણ સંકળાયેલું છે. ગર્ભાશય અને પ્રારંભિક બાળપણના સંપર્કમાં જ્ઞાનાત્મક વિકાસ પર નકારાત્મક અસરો અને યુવાન વયસ્કોમાં વધતા મૃત્યુ સાથે સંકળાયેલું છે. માછલી, શેલફિશ, માંસ, મરઘાં, ડેરી ઉત્પાદનો અને અનાજ પણ આર્સેનિકના આહાર સ્ત્રોત હોઈ શકે છે, જો કે આ ખોરાકમાંથી સંસર્ગ સામાન્ય રીતે દૂષિત ભૂગર્ભ જળના સંપર્કની તુલનામાં ઘણો ઓછો હોય છે. સીફૂડમાં, આર્સેનિક મુખ્યત્વે તેના ઓછા ઝેરી કાર્બનિક સ્વરૂપમાં જોવા મળે છે.

# પુત્રના શરીરના છ ટુકડા કરનાર પિતાને અંતિમક્રિયા માટે માનવતાના ધોરણે જામીન

**અમદાવાદ**

શહેરના આંબાવાડી વિસ્તારમાં દારૂના વ્યસની પુત્રની બહુ ક્રૂરતાપૂર્વક ઘાતકી હત્યા કરનારા હત્યારા પિતા નીલેશ જયંતિલાલ જોષીને સ્વ.પુત્રના અંતિમ સંસ્કારમાં હાજર રહેવા દેવા માટે અત્રેની સેશન્સ કોર્ટે આખરે મંજૂરી આપી છે. હત્યારા પિતા તરફથી સ્વ. પુત્રની અંતિમવિધિમાં હાજર રહેવા દેવા વિનંતી કરતી અરજી એડિશનલ સેશન્સ જજ બી.એસ.ચૌહાણે માનવતાના ધોરણે ગ્રાહ્ય રાખી હતી.

સેશન્સ કોર્ટે પોલીસ જાપ્તા હેઠળ હત્યારા પિતાના સ્વ.પુત્રની અંતિમક્રિયા માટે પોલીસ જાપ્તા હેઠળ વચગાળાના જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે જણાવ્યું હતુ કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે દિવસે અરજદારના પુત્રની અંતિમ ક્રિયા કરાય તે દિવસે અરજદારને ત્યાં લઈ જવો અને અંતિમ ક્રિયા પૂર્ણ થયા બાદ તેને જેલમાં પરત મોકલવો. પોલીસ જાપ્તાનો ખર્ચો સરકારને ભોગવવા પણ કોર્ટે તાકીદ કરી હતી. અગાઉ મેટ્રોપોલીટન કોર્ટે હત્યારા પિતાની અરજી આકરા વલણ સાથે ફગાવી દીધી હતી, જેથી હત્યારા પિતાએ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. સરકારપક્ષ તરફથી પબ્લીક પ્રોસીકયુટર સુધીર બી.બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, આરોપી પિતાએ પોતાના જ પુત્રની અત્યંત ક્રૂરતાપૂર્વક હત્યા કરવાનો જઘન્ય અપરાધ કર્યો છે.

# ટેક્ષ લીધા બાદ ફ્રી વીજળી, શિક્ષણ અને સારવાર આપે તો તે રેવડી નથી: કેજરીવાલ

**રાજકોટ**

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ જામનગર આવ્યા હતા અને ઓસવાલ સેન્ટરમાં વેપારીઓ સાથે સંવાદ કાર્યક્રમ લોકો પાસેથી ટેક્સ વસુલીને ઈમાનદારીથી વહીવટ કરીને લોકોને ફ્રી સુવિધા ન આપીએ તો લોકોને ટેક્સ ભરવાનો ફાયદો નથી. તેમણે કહ્યું કે દિલ્હીમાં 400થી વધુ વિદ્યાર્થીએ નીટની પરીક્ષા પાસ કરી, 99 ટકા પરિણામ આવ્યું છે એ બાળકોને ફ્રીમાં શિક્ષણ આપવું ખોટુ નથી. બે કરોડ લોકોનો ઈલાજ મફત કરી દીધો, 200 યુનિટ વિજળી ફ્રીમાં આપી છતાં આ બધુ જ્યાં ફ્રી નથી તે ગુજરાત ઉપર 3.50 લાખ કરોડનું દેવું છે અને દિલ્હી સરકાર ઉપર દેવું નથી. કેગનો રિપોર્ટ છે કે માત્ર દિલ્હી સરકાર ખોટમાં નહીં,નફામાં ચાલે છે. જો સરકાર ઈમાનદારીથી ચાલે તો આ સંભવ છે, આ વચનોની લ્હાણી કે રેવડી નથી. તેમણે કહ્યું એકધારૂ 27 વર્ષથી શાસન હોવાથી ભાજપમાં ઘમંડ આવી ગયો છે,

# રક્ષાબંધને પ્રેરણાદાયી કિસ્સો : ભાઈની પીડા નહીં જોવાતા બહેને કિડની આપી

## રાજકોટમાં અત્યાર સુધીમાં ઓર્ગન ડોનેટનાં 99 કિસ્સાઓ સરકારી ચોપડે નોંધાયા

**રાજકોટ**

રક્ષાબંધનના દિવસે રાજકોટમાં બહેને પોતાનાં લાડલા ભાઈને કિડનીનું દાન કરીને નવી જિંદગી આપી હતી. તબીબોનાં કહેવા મુજબ રાજકોટની યુનિવર્સિટી નજીક આવેલી ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં ગોંડલ તાલુકાનાં એક ગામનોઆશરે ત્રીસેક વર્ષનો યુવાન કિડનીનાં દર્દથી પીડાતો હતો. સપ્તાહમાં ત્રણ વખત ડાયાલીસીસ કરવું પડતુ હતુ. આ ભાઈનું દર્દ રાજકોટમાં રહેતા તેમનાં મોટા બહેનથી જોવાયુ ન હતું અંતે તેમણે તેમનાં પરિવારની સંમતિથી એક કિડની ભાઈને ડોનેટ કરવાનો નિર્ણય લીધો હતો. કિડની ટ્રાન્સપ્લાન્ટની ટીમમાં સામેલ તબીબે કહયું હતું કે આજે ભાઈ સારી જિંદગી જીવી રહયા છે. રાજકોટમાં શાકભાજીનાં ધંધાર્થી એક ભાઈને તેનાં બહેને કિડની આપી હતી અને કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન અમદાવાદમાં કરવામાં આવ્યુ હતુ. કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે સૌથી પહેલા લોહીનો સબંધ હોય તેવા માતા - પિતા , ભાઈ - બહેનને પરમીશન મળતી હોય છે.

# ગુજરાતી સિનિયર્સ સમાજની મીટીંગ, યોજનાઓની ચર્ચા

## મીસીસાગા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં દેશભક્તિના ગીતો સાથે બોલીફીટ કસરત કરાવાઇ, અંતાક્ષરીમાં ગૂંજ્યા સુપ્રસિદ્ધ ગીતો

**મિસીસાગા**

ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની મીટીંગ ગત રવિવાર તારીખ AUG-07-2022ના રોજ યોજાઈ હતી. પ્રાર્થના થયા બાદ mc ઉષાબેનકોટ તથા પંકજભાઈ મહેતાએ વાર્તાલાપ દ્વારા ક્રમ પ્રમાણે કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી. પ્રથમ પ્રમુખ કલાબેન પટેલે સંસ્થાના સદગત સભ્ય મૃદુલાબેન રાજા તથા ધનરાજભાઈ સિહોરા અંગે જાણકારી આપતા સમાજના સભ્યોએ ઊભા થઈ શ્રદ્ધાંજલિ આપી હતી.ત્યારબાદ પ્રમુખ કલાબેને આગામી કાર્યક્રમોની વિગત જણાવી હતી. જેમાં ૨૮ ઓગસ્ટના લેક ફ્રંટ પર પિકનિક રાખી છે. સપ્ટેમ્બર 11ના મિસિસાગા વેલી પર વોકેથોન કાર્યક્રમ તથા જ તે જ સ્થળે પિકનિકનું પણ આયોજન 11:00 વાગ્યાથઈ હોવાની જાહેરાત થઈ હતી. કનુભાઈ પટેલે ટ્રિલિયમ હોસ્પિટલના ડોનેશન માટે સર્વેને હોસ્પિટલના કાર્યે વિશેની માહિતી તથા તેની વિશેષતાઓ જણાવી હતી. સાથે જ રજનીભાઈ પટેલ, દિનેશભાઈ, દર્શનાબેન



પટેલ, ચંપકભાઈ પટેલ તરફથી આવેલા ડોનેશનની માહિતી રજૂ કરી હતી. ઈલાબેન દેવાણીએ બોલીફીટ કસરત સર્વેને કરાવી આજના કાર્યક્રમમાં ભારતનો 76મો સ્વાતંત્રય દિનની ઉજવણીના ભાગરૂપે ભારતીય ધ્વજને સ્ટેજ પર લહેરાવી રાષ્ટ્રગીત તથા દેશભક્તિના ગીતો ગવાયા હતા. આ ગીતોએ બોલી ફીટ કસરતમાં બધાને ખૂબ જ જુસ્સો અપાવ્યો હતો. જે બાદ આ માસમાં જેમની વર્ષગાંઠ આવતી હતી તેઓને સ્ટેજ પર બોલાવી બર્થડે ગીત દ્વારા તથા પુષ્પ અને સંસ્થા વતી વિજયાબેન હુડકા, વનીતાબેન તથા બેલાબેન મહેતાએ કાર્ડ આપી શૂભેચ્છા પાઠવી હતી. કનુભાઈ પટેલે સર્વે સભ્યોને bingo ની રમત રમાડી હતી. વિજેતા મીનાબેન ચંદુલાલ પટેલ, પદ્માબેન ગાંધી, રેખાબેન, ધર્મિષ્ઠાબેન પટેલ સર્વેને શ્રીકલ્પનાબેન દ્વારા સદગત મનુભાઈ પટેલ તેમની સ્મૃતિમાં પ્રાઈઝ આપવામાં આવી હતી.

બાદમાં ઈલાબેન દેવાનીના કો-ઓર્ડિનેશનથી અંતાક્ષરી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રથમ તો તેને ગાવા માટે શબ્દો આપ્યા હતા, તેના પર ગીત રજુ કરવાનું હતું. ત્યારબાદ અંતાક્ષરી ગેમમાં બધાએ ખુબ જ સરસ રસ દાખવ્યો હતો. કાયકર્મમાં ભાગ લેનાર પ્રેમીલાબેન મજીઠીયા, ધર્મિષ્ઠાબેન પટેલ, રેખાબેન ગોઢીયા તથા બીજાપક્ષે પ્રકાશભાઈ શાહ, નરેન્દ્રભાઈ પારેખ તથા બીપીનભાઈ પટેલે ગીતોની રમઝટ બોલાવી હતી.

## 15મી ઓગષ્ટે બ્રામ્પ્ટન સીટી હોલમાં યોજાશે અનેકવિધ કાર્યક્રમ

કેનેડામાં ગુજરાત અને ભારતીય પરિવાર એસોસિએશનના મિત્રો સાથે સંવાદિતા વધે તેવા હેતુસર 15મી ઓગષ્ટે ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક પ્રદર્શનનું આયોજન કરાયુ છે. જેમાં 15મી ઓગસ્ટ 2022ને સોમવારે બપોરે 3.15 થી 4.15 વાગ્યા દરમિયાન બ્રામ્પટન સિટી હોલ ખાતે વિવિધ કાર્યક્રમ યોજાશે. આ અંગે વધુ માહિતી માટે આર.બી. પટેલ પ્રમુખ 647 983, પથિક શુક્લા સેક્રેટરી 416 988 0850, વિનાયક પટેલ (ખજાનચી) 647 222 3549, જયેશ બ્રમભટ્ટ 647 207 1155 તથા અખિલ શાહ 647 203 4411 અને અશ્વની અગ્રવાલ (647 703 0234)નો સંપર્ક કરી શકાશે.

## વડોદરામાં 9 વર્ષના પુત્રનું માતા દ્વારા જ યૌન શોષણ થતું હોવાની ફરિયાદ

**વડોદરા**

એક યુવકે તેની પત્ની સામે જ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે કે 'મારી પત્ની મારા ૯ વર્ષના પુત્રનું યૌન શોષણ કરે છે. આ કરતૂત છુપાવવા માટે મારી પત્નીએ મારી સામે ખોટા આક્ષેપો કરીને ભૂતકાળમાં ફરિયાદો કરી છે.

યુવકે તા.૧૦ મે ૨૦૨૨ના રોજ વડોદરા પોલીસ કમિશનરને લેખિતમાં ફરિયાદ આપી હતી કે 'મારી પત્ની ૨૦૧૫થી અત્યાર સુધીમાં ફેસબુકના માધ્યમથી અનેક પુરૃષોના સંપર્કમાં આવી છે અને તેની સાથે ઘનિષ્ઠ સંબંધો બનાવ્યા છે. વારંવાર સમજાવવા છતા મારી પત્ની અન્ય પુરૃષો સાથે સંબંધો રાખી રહી છે એટલુ જ નહી અમારે પુત્રી અને પુત્ર એમ બે સંતાનો છે, બન્ને સંતાનો ઉપર પણ મારી પત્ની એટલે કે તેની સગી માતા અત્યાચાર કરે છે. મારી પત્નીના કરતૂતોના પુરાવા એકઠા કરવા મે ખાનગી ડિટેક્ટિવને કામ સોંપ્યુ હતુ. જે બાદ ડિટેક્ટિવ પણ મારી પાસે રૃ.૧૦ લાખની માગણી કરીને ધમકી આપી રહ્યો છે. આખરે મારી પત્નીના ચારિત્રયને ઉઘાડુ પાડવા મેં ઘરમાં સીસીટીવી કેમેરા લગાવ્યા તો તેની પણ તેને જાણ થઈ જતા તેણે સીસીટીવી કેમેરા તોડી નાખ્યા હતા જો કે તે દરમિયાન કેટલાક ફુટેજ રેકોર્ડ થઈ ગયા છે જેમાં મારી પત્ની ૯ વર્ષના પુત્રના ગુપ્તાંગ સાથે છેડછાડ કરતી દેખાય છે.

## સુરતના ઐતિહાસિક કિલ્લાને પણ હવે પીપીપી ધોરણે વહિવટ માટે સોંપાશે

**સુરત**

ચોક બજાર ખાતે તાપી નદીના કાંઠે 16મી સદીના જર્જરિત થઈ ચુકેલા ઐતિહાસિક કિલ્લાના ડેવલપમેન્ટ અને રિસ્ટોરેશન માટે પાલિકાએ કામગીરી કરી છે. કરોડો રૂપિયાના ખર્ચે કિલ્લાના સંરક્ષણની કામગીરી પૂર્ણ થયા બાદ 2018માં કિલ્લો જાહેર જનતાની મુલાકાત માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. હવે કિલ્લાના વહીવટ માટે ખાનગી એજન્સીને કામગીરી સોંપવા કવાયત કરી રહી છે. ઐતિહાસિક કિલ્લાના સંરક્ષણી કાર્ય પૂર્ણ થયા બાદ મુલાકાતીઓ માટે ટિકીટ વિન્ડો, ક્લોક રૂમ, સોવેનિયર શોપ, મુખ્ય પ્રવેશ પહેલા મોટ, ડ્રો બ્રીજ અને પાર્શીયલ બુર્જની સુવિધા ઉભી કરવામાં આવી છે.

## સુંદરકાંડ એ માનવજીવનમાંથી અવરોધ દૂર કરી સુખ શાંતિ આપે છે : અશ્વિનકુમાર પાઠક



રાશી અને નવલ બજાજે સુંદરકાંડ પાઠનું આયોજન કર્યું

**બ્રામ્પ્ટન**

રાશી અને નવલ બજાજે સુંદરકાંડ પાઠનું આયોજન કરતા ધર્મપ્રેમી શ્રીગુરુજી અશ્વિનકુમાર પાઠક ઉપસ્થિત રહ્યા હતા. આ તકે હજારો ભક્તોને સુંદરકાંડ સાંભળવાનો લહાવો મળ્યો હતો. સુંદરકાંડના વિશ્વ વિખ્યાત વકતા ગુરુજી અશ્વિનકુમાર પાઠક મે મહિનાથી કેનેડાના પ્રવાસે હતા. જે બાદ 4મી જૂન, 2022ના રોજ બ્રામ્પ્ટનમાં પાઠનું આયોજન કરાયું હતુ. રાશી અને નવલ બજાજ દ્વારા હિન્દુ સભા મંદિર ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું હતુ. જેઓ છેલ્લા 8039 દિવસથી દરરોજ સુંદરકાંડ પાઠ કરી રહ્યા છે. 4 જૂન, 2022ના રોજ તેમણે 8197મી વખત સુંદરકાંડ પાઠનું પઠન કર્યું હતુ. આ સાથે તેમણે વિશ્વમાં માનવજાતને સુંદરકાંડમાંથી મળેલી શીખામણનો અમલ કરવા અને તમારું જીવન શાંતિપૂર્ણ રીતે જીવવા અપીલ કરી હતી.

સુંદરકાંડનો પરિચય આપતા ગુરુજી અશ્વિનકુમાર પાઠકે ઉલ્લેખ કર્યો કે, સુંદરકાંડ એ "રામચરિતમાનસ" નું પાંચમું અધ્યાય છે જે આદરણીય કવિ ગોસ્વામી તુલસીદાસ દ્વારા લખવામાં આવ્યું છે. તે રામાયણનું હૃદય બનાવે છે તેમાંથી એક છે મહાકાવ્ય રામાયણની રચનાના સાત કાંડ. નિયમિતપણે સુંદરકાંડ પાઠનો પાઠ કરવાથી દુષ્ટતા દૂર કરવામાં મદદ મળી શકે છે. ઉપરાંત માર્ગમાં આવતા અવરોધો દૂર થતાં વ્યક્તિને સુખ અને સમૃદ્ધિ આપે છે. સુંદરકાંડ પાઠ આવું જ એક લખાણ છે જેમાં ભક્તની જીતનો ઉલ્લેખ છે, તે એક માત્ર પ્રકરણ છે જયાં રામાયણમાં હીરો રામ નથી, બલ્કે હનુમાન છે. આ બાબત કાર્યની મહત્તા દર્શાવે છે. હનુમાનના સાહસો અને તેમની નિઃસ્વાર્થતા રામ પ્રત્યેની ભક્તિનો મહિમા અનેરો છે. ભગવાન હનુમાનજીએ સમુદ્ર પાર કર્યો અને સીતા માને શોધવા માટે લંકા જવા પ્રવાસ ખેડ્યો. આ દરમિયાન અવરોધોમાંથી તેઓ બચી ગયા. આ અધ્યાય ભગવાન હનુમાનની શાણપણ અને જોમનું પણ નિરૂપણ કરે છે. સુંદરકાંડ પાઠ જીવનના કેટલાક મહત્વપૂર્ણ પાઠોનો પણ ઉલ્લેખ કરે છે. આ પ્રસંગે અતિથિ નવલ બજાજે ઉલ્લેખ કહ્યું હતુ કે, આપણે બધા ધન્ય છે. કેમ કે આપણે વિશ્વની સૌથી સુંદર કાઉન્ટીમાં રહીએ છીએ અને આશીર્વાદ આપીએ છીએ. સુંદરકાંડમાંથી શીખો અમલ કરો, તણાવ દૂર કરો. તેમણે સમગ્ર મંદિર સમિતિનો પણ આભાર માન્યો હતો.


**Sri Radha Krishna Temple**
1960 Ellesmere Road Unit 9 Scarborough ON M1H 2V9
srkt2000@gmail.com 416-431-3311 www.sriradhakrishnatemple.ca

**Friday Aug 19, 2022**


**Shree Krishna Janamastami**
6:00pm-12:00am
Aarti followed by Prasad
For Sponsorship please contact 416-431-3311

**Saturday Aug 20, 2022**

**Sunderkand Paath**
6:00pm-7:30pm
Aarti followed by Prasad
For Sponsorship please contact 416-431-3311

**Sunday Aug 21, 2022**


**Amritvani Paath** 5:45pm-6:15pm
**Srimad Bhagvad Gita Pravachan** 6:15pm-7:00pm
Aarti followed by Prasad
For Sponsorship please contact 416-431-3311

**Monday Aug 22, 2022**

**Shiv Aradhana**
6:15pm-7:00pm
**Mahamrityunjaya Havan**
7:00pm-7:30pm
Aarti followed by Prasad
For Sponsorship please contact 416-431-3311

# નીતિશ કુમારે 8મી વાર બિહાર CM તરીકે લીધાં શપથ, તેજસ્વી યાદવ ઉપમુખ્યમંત્રી

## અમે નીતીશ કુમાર સાથે કશું ખોટું કર્યું ન હોવાનું ભાજપી નેતાઓનું રટણ

**નવી દિલ્હી**

મુખ્યમંત્રી નીતિશ કુમારે આઠમી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આ સાથે જ આરજેડી નેતા તેજસ્વી યાદવે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા છે. કેબિનેટ વિસ્તરણ અંગે હજુ સ્થિતિ સ્પષ્ટ નથી. તેઓ સાત પક્ષોના ગઠબંધનનું નેતૃત્વ કરશે. આ જોડાણને એક અપક્ષનું સમર્થન છે. મહાગઠબંધનમાં JDU, RJD, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોનો સમાવેશ થાય છે. સુશીલ મોદીએ કહ્યું કે, ભાજપે ફરિયાદનું નિરાકરણ કરવામાં કોઈ કસર છોડી નથી. બે વાર ધર્મેન્દ્ર પ્રધાન પટના આવ્યા અને નીતિશજીને પૂછ્યું કે શું કોઈ સમસ્યા છે. સરકાર પડવાના એક દિવસ પહેલા અમારી પાર્ટીના એક મોટા નેતાએ દિલ્હીથી ફોન કરીને પૂછ્યું કે નીતીશ તો ઠીક છે ને? તો તેમણે કહ્યું - બધું સારું છે. બાદમાં તે નેતાઓએ



પૂછ્યું કે શું લલન સિંહનું નિવેદન ટીવી પર જોવા મળ્યું છે. તો નીતિશજીએ તેમને જવાબ આપ્યો કે તમારી પાર્ટીમાં ગિરિરાજ છે તો લલન સિંહ પણ છે. જેડીયુને તોડવાનો પ્રયાસ થયો હતો. આ ખોટો આરોપ છે. અમે આજ સુધી કોઈ પક્ષ તોડ્યો નથી. અમે નીતિશજીને પાંચ વખત બિહારના સીએમ બનાવ્યા.

# રાજસ્થાનના એક બિઝનેસ ગ્રુપનું 150 કરોડનું કાળું નાણું પકડાયું

**નવી દિલ્હી**

આવકવેરા વિભાગે જેમ્સ-જ્વેલરી, હોસ્પિટાલિટી અને રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે સંકળાયેલ જયપુર સ્થિત ગ્રુપમાં દરોડા પાડીને આવકવેરા વિભાગે ૧૫૦ કરોડ રૂપિયાનું કાળું નાણું પકડી પાડયું છે તેમ સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

સીબીડીટી દ્વારા આ ગ્રુપનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. આવકવેરા વિભાગ દ્વારા આ બિઝનેસ ગ્રુપના ત્રણ ડઝનથી વધુ સંકુલોમાં દરોડા પાડવામાં આવ્યા હતાં. આ દરોડા જયપુર અને કોટા જિલ્લાઓમાં પાડવામાં આવ્યા હતાં. આવકવેરા વિભાગે અત્યાર સુધીમાં આ ગ્રુપની કુલ ૧૧ કરોડ રૂપિયાથી વધુ સંપત્તિ જપ્ત કરી છે. ઉલ્લેખનીય છે કે સીબીડીટી આવકવેરા વિભાગ માટે નિર્ણય લેતી ઉચ્ચ સંસ્થા છે. આવકવેરા વિભાગે આરોપ મૂક્યો છે કે આ ગ્રુપ ગ્રાહકો પાસેથી રોકડ રકમ લેતું હતું અને તેની નોંધ નાંણાકીય ચોપડામાં કરવામાં આવતી ન હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગ્રુપ દ્વારા ૧૫૦ કરોડ રૂપિયાથી વધુ કાળા નાણાનું સર્જન કર્યુ છે. ગ્રાહકો પાસેથી મળતી રોકડ રકમમાંથી લોકોને રોકડમાં લોન આપવામાં આવતી હતી અને તેના પર ઉંચા દરે વ્યાજ વસુલ કરવામાં આવતું હતું.

# જગદીપ ધનખડે દેશના ૧૪માં ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળના પૂર્વ રાજ્યપાલ જગદીપ ધનખડે આજે દેશના ૧૪મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. તેમને મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

વિદાય લઈ રહેલા ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુના કાર્યકાળનો ગુરૂવારે છેલ્લો દિવસ હતો. ભારતના ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના હોદેદાર અધ્યક્ષ છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ મંગળવારે તેમના નિવાસસ્થાને વેંકૈયા નાયડુ અને તેમના અનુગામી ધનખરની યજમાની કરી હતી. એક નિવેદનમાં, લોકસભા સચિવાલયે કહ્યું કે નાયડુ અને બિરલાએ રાષ્ટ્રીય હિત અને સંસદીય બાબતોના મુદ્દાઓ પર નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર સાથે તેમના પરિપ્રેક્ષ્ય અને અનુભવો શેર કર્યા હતા.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાજપ અને એનડીએના ઉમેદવાર જગદીપ ધનખરે ૭૪.૩૬ ટકા મતો સાથે જોરદાર જીત નોંધાવી છે. છેલ્લી ૬ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધનખરે સૌથી વધુ મતોથી જીત મેળવી છે. જગદીપ ધનખરને ૫૨૮ વોટ મળ્યા જ્યારે તેમના હરીફ માર્ગારેટ આલ્વાને માત્ર ૧૮૨ વોટથી સંતોષ માનવો પડયો હતો.

# ફોન માર્કેટમાં ચીની કંપનીઓ પર પ્રતિબંધની કોઈ વિચારણા નથી

**નવી દિલ્હી**

મોદી સરકાર દેશમાં સ્થાનિક કંપનીઓને પ્રોત્સાહન આપવા માટે તથા ચાઈનીઝ કંપનીઓને સકંજામાં લેવા માટે દેશમાં ૧૨,૦૦૦થી ઓછી કિંમતના સસ્તા ચાઈનીઝ સ્માર્ટફોન્સ પર પ્રતિબંધ મુકી શકે છે તેવા અહેવાલો વચ્ચે એક મહત્વની સ્પષ્ટતા સામે આવી છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીના કહેવા પ્રમાણે સ્માર્ટફોન માર્કેટમાં ચીની કંપનીઓને પ્રતિબંધિત કરવા માટેની કોઈ જ યોજના નથી. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય પાસે આ પ્રકારનો કોઈ જ પ્રસ્તાવ વિચારણામાં નથી.

# કેરળના અનેક જિલ્લામાં આફ્રિકન સ્વાઈન ફ્લુનો હાહાકાર, 700થી વધુ ભૂંડના મોત

## અસરગ્રસ્ત ખેડૂતોને 37 લાખ રૂપિયા વળતર : ફીવર રોકવા કવાયત

**બેંગ્લોર**

કેરળના વાયનાડ અને અન્ય પડોશી જિલ્લાઓમાં આફ્રિકન સ્વાઈનના કેસ નોંધાયા છે. અહીં ભયનું વાતાવરણ છે. ભૂંડમાં ફેલાતા રોગને રોકવા માટે તેને મારી નાખવાના આદેશ આપવામાં આવ્યા છે. આ નિર્દેશ અનુસાર આ વિસ્તારોમાં અત્યાર સુધીમાં 700થી વધુ ભૂંડ માર્યા ગયા છે. આના વળતર તરીકે જિલ્લાના ત્રણ અલગ-અલગ વિસ્તારોમાં સાત ખેડૂતોને રૂ.



37 લાખથી વધુની રકમની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા વહીવટી કચેરી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યના પશુપાલન અને ડેરી વિકાસ મંત્રી જે. ચિંચુરાની માનતવાડી નગરપાલિકા તેમજ થવિંજલ અને નેન્મેની ગ્રામ પંચાયતોમાં અસરગ્રસ્ત ખેડૂતોને વળતર તરીકે રૂ. 37 લાખ આપશે. રાજ્ય સરકાર દ્વારા ગયા અઠવાડિયે કરવામાં આવેલી ઘોષણા પછી વાયનાડ અને કન્નુર જિલ્લાના ખેડૂતો, જેઓ આફ્રિકન સ્વાઈન ફીવરને કારણે નુકસાન સહન કરી રહ્યા છે,

# ડ્રગ્સની તસ્કરી કરી રહેલાં સરકારી શિક્ષક સહિત 4ની પાકિસ્તાન સરહદેથી ધરપકડ

**બાડમેર**

બાડમેર જિલ્લામાં પોલીસને ફરી એકવાર ગેરકાયદે ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપવામાં સફળતા મળી છે. પોલીસે આ મોટી કાર્યવાહી હાથ ધરતા એક સસ્પેન્ડ કરાયેલા સરકારી શિક્ષક સહિત 4 આરોપીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી એક કરોડની કિંમતના મોર્ફિન અને ગેરકાયદેસર હથિયારો મળી આવ્યા છે. પોલીસ આ તમામ આરોપીઓની પૂછપરછ કરી રહી છે. આરોપીઓ વિરુદ્ધ ભૂતકાળમાં પણ ગેરકાયદેસર ડ્રગ્સની દાણચોરીના કેસ નોંધાયેલા છે. પોલીસે આ કાર્યવાહી પાકિસ્તાનની સરહદે આવેલા બાડમેર જિલ્લાની સરહદે ચૌહટન પોલીસ સ્ટેશન વિસ્તારના ધનાઉમાં આ ઘટનાને અંજામ આપ્યો હતો.

# 27 વર્ષ જૂના હત્યાના કેસમાં પૂર્વ સાંસદ ઉમાકાંત યાદવને આજીવન કેદ

**જૌનપુર**

પૂર્વ સાંસદ ઉમાકાંત યાદવને સોમવારે જૌનપુરની કોર્ટમાંથી મોટો આંચકો લાગ્યો છે. ઉમાકાંતને જીઆરપી સિપાહીની હત્યામાં આજીવન કેદની સજા સંભળાવવામાં આવી છે. અપર સેશન્સ જજ (તૃતીય) / વિશેષ ન્યાયમૂર્તિ (એમપી-એમએલએ) કોરટ શરદકુમાર ત્રિપાઠીએ ઉમાકાંતની સાથે જ સાત દોષિતોને આજીવન કેદની સજા સંભળાવી છે. મુખ્ય આરોપી ઉમાકાંતને પાંચ લાખ રૂપિયા અને અન્યને ૨૦-૨૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ કેસ ૨૭ વર્ષ જૂનો છે. ૧૯૯૫માં ડ્રાઈવરને શાહગંજ કંરશન પર રેલવે ચોકીથી છોડાવવા માટે ઉમાકાંત અને તેમના સાથીઓએ ફાયરિંગ કર્યુ હતું.

## પોલિટિકલ સમાચાર

# એક સંગઠન, એક પાર્ટી, એક નેતા બદલાવ ના કરી શકેઃ મોહન ભાગવત

**નવી દિલ્હી :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે કહ્યું કે દેશ સામેના તમામ પડકારોનો એક નેતા એકલા હાથે સામનો કરી શકતા નથી. દેશમાં કોઈ એક સંગઠન કે પક્ષ પરિવર્તન લાવી શકે નહીં. સંઘની વિચારધારાના આધારે તેમણે કહ્યું કે એક નેતા આ દેશ સામેના તમામ પડકારોનો એકલા હાથે સામનો કરી શકે નહીં. તે આ કામ એકલા કરી શકતા નથી પછી ભલે તે ગમે તેટલો મોટા નેતા હોય. મોહન ભાગવત મરાઠી સાહિત્યિક સંસ્થા વિદર્ભ સાહિત્ય સંઘના શતાબ્દી કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

# ભાજપનું દિલ્હી મ્યુનિ. કોર્પોરેશનમાં 6,000 કરોડનું કૌભાંડઃ AAPનો આરોપ

**નવી દિલ્હી :** આમ આદમી પાર્ટીએ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં (MCD) 6,000 કરોડ રૂપિયાનું કૌભાંડ થયું હોવાનો આરોપ લગાવ્યો છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ લગાવેલા આક્ષેપ પ્રમાણે MCDમાં ભાજપના નેતાઓની મિલીભગતના કારણે ટોલટેક્સમાં ભારે મોટું કૌભાંડ થયું છે. ઉપરાંત તેમણે આ મામલે સીબીઆઈ તપાસની પણ માંગણી કરી છે. મનીષ સિસોદિયાએ આ અંગ ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાને પત્ર લખ્યો છે. તેમના કહેવા પ્રમાણે દિલ્હીમાં દરરોજ 10 લાખ કોમર્શિયલ વાહનોની એન્ટ્રી થાય છે અને તેમના પાસેથી પૈસા લેવામાં આવે છે પરંતુ તે પૈસા MCDને નથી મળી રહ્યા.

# નીતીશ કુમાર પર વિશ્વાસઘાતનો BJPનો આરોપ કહ્યું, જનતા પાઠ ભણાવશે

**પટના :** ભારતીય જનતા પાર્ટીએ પોતાના જૂના સહયોગી બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર પર વિશ્વાસઘાતનો આરોપ લગાવ્યો છે. બીજેપીએ કહ્યું કે, ભાજપે કહ્યું કે રાષ્ટ્રીય જનતા દળ સાથેનું તેમનું નવું જોડાણ બિહારને ફરી એકવાર અરાજકતા અને ભ્રષ્ટાચાર તરફ ધકેલી દેશે. બિહારની જનતા તેમને ઓળખી ગઈ છે તે જ તેમને પાઠ ભણાવશે.ભાજપના રાજ્ય મુખ્યાલયમાં પાર્ટીની કોર કમિટીની બેઠક બાદ જાહેર કરાયેલા નિવેદનમાં પાર્ટીએ જાહેરાત કરી કે, બુધવારે બધા જિલ્લામાં જેડીયુ દ્વારા કરવામાં આવેલા વિશ્વાસઘાત વિરુદ્ધ મહાધરણાનું આયોજન કરવામાં કરશે તેના એક દિવસ બાદ પ્રખંડ સ્તરે આંદોલન કરવામાં આવશે.

# મંત્રીઓને કાયદા તોડવાનો હક છે, તમે ફક્ત 'જી સર' કહો : ગડકરી

**મુંબઈ :** કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ મંગળવારના રોજ નાગપુર ખાતે નોકરશાહી પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, મંત્રી તમારા કહ્યા મુજબ નહીં પરંતુ તમારે મંત્રીઓના કહેવા પ્રમાણે કામ કરવાનું છે. નાગપુર ખાતે મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના એક કાર્યક્રમ દરમિયાન ગડકરીએ જણાવ્યું કે, 'હું બ્યુરોક્રેટ્સને હંમેશા કહું છું કે સરકાર તમારા હિસાબથી નહીં ચાલે.' ગડકરીએ જણાવ્યું કે, 'હું હંમેશા ઓફિસર્સને કહું છું કે, સરકાર તમારા કીધા પ્રમાણે કામ નહીં કરે. તમારે ફક્ત 'જી સર' કહેવાનું છે. તમારે એ જ વસ્તુઓ લાગુ કરવાની છે જે અમે (મંત્રીઓ) કહી રહ્યા છીએ.

# પ્રિયંકા ગાંધી ફરી કોરોનાની ચપેટમાં

**નવી દિલ્હી :** કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી ફરી એક વખત કોરોનાની લપેટમાં આવ્યા છે. તેમણે પોતે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, તેઓ ફરી કોરોના સંક્રમિત થયા છે. તેમણે જણાવ્યું કે, તેઓ ઘરે જ આઈસોલેટ થયા છે અને પ્રોટોકોલનું પાલન કરશે. પ્રિયંકા ગાંધી બે મહિનામાં બીજી વખત કોરોના સંક્રમિત થયા છે.

# કોલસાની દાણચોરી કેસમાં ED દ્વારા બંગાળના 8 IPS અધિકારીને સમન્સ

## સમન્સ પાઠવી IPS અધિકારીઓને ચોક્કસ તારીખે હાજર રહેવા તાકીદ

**નવી દિલ્હી**

કોલસાની દાણચોરી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે પૂછપરછ કરવા માટે પશ્ચિમ બંગાળના આઠ IPS અધિકારીઓને સમન્સ પાઠવી દિલ્હી બોલાવ્યા છે.

કેન્દ્ર સરકારની એજન્સીએ ગ્યાવંત સિંહ (એડીજી, સીઆઈડી), કોટેશ્વર રાવ, એસ સેલવામુરુગન, શ્યામ સિંહ, રાજીવ મિશ્રા, સુકેશ કુમાર જૈન અને તથાગત બસુને સમન્સ પાઠવ્યા છે. ઈડી IPS અધિકારીઓને ચોક્કસ તારીખોએ દિલ્હી ખાતે આવેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટની કચેરી સમક્ષ હાજર રહેવાનો સમન્સ પાઠવ્યો છે. ઈડીના અધિકારીએ જણાવ્યું કે કોલસાની દાણચોરી કેસમાં આ IPS અધિકારીઓની મહત્વની ભૂમિકા છે. આ કૌભાંડમાં આ IPS અધિકારીઓને લાભ થયો હોવાના પુરાવવા હોવાનો દાવો કરાય છે. આ તમામ IPS અધિકારીઓની એવા વિસ્તારોમાં તૈનાતી કરવામાં આવી હતી કે જ્યાં દાણચોરી થઈ હતી. આ આઠ IPS અધિકારીઓ પૈકી 7ને ઈડીએ ગયા વર્ષે પણ સમન્સ પાઠવ્યું હતું.







# પુલવામા પાસે મોટી દુર્ઘટના ટળી, સુરક્ષાદળોએ IEDને ડિફ્યુઝ કર્યું

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોએ પુલવામા નજીક આતંકવાદીઓ દ્વારા લગાવવામાં આવેલ આઈઈડીને નિષ્ફળ કરીને મોટા હુમલાને ટાળવામાં સફળતા મેળવી છે. સુરક્ષા દળોએ આ IED પુલવામા જિલ્લાના સર્કુલર રોડ પાસે શોધી કાઢ્યું હતું. આતંકવાદીઓએ સુરક્ષા દળોને નિશાન બનાવવા માટે આ IED લગાવ્યું હતું. IEDને ડિફ્યુઝ કરવા માટે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસનું કહેવું છે કે IEDનું વજન લગભગ 25 થી 30 કિલો છે. IED નિષ્ફળ કરીને સુરક્ષા દળોએ મોટી દુર્ઘટના બનતી અટકાવી છે.



સુરક્ષા આતંકવાદીઓએ લગભગ 25 થી 30 કિલોગ્રામ IED લગાવ્યું હતું. આતંકવાદીઓનો ઉદ્દેશ્ય સુરક્ષા દળોના વાહનને બ્લાસ્ટ કરવાનો હતો. પરંતુ સુરક્ષા દળોની તત્પરતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. પોલીસ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ તરત જ ત્યાં પહોંચી ગઈ હતી અને નિયંત્રિત વિસ્ફોટ દ્વારા IEDનો નાશ કરવામાં આવ્યો હતો.

# બિહારમાં ગંડક-કોસીનું જળસ્તર વધ્યું, છત્તીસગઢમાં હાઇવે ડૂબ્યો

## ભોજપુર, જેહાનાબાદ સહિત 19 જિલ્લામાં એલર્ટ

**પટના**

દેશના ઘણાં રાજ્યોમાં સતત વરસાદને કારણે પરિસ્થિતિ વકરી રહી છે. મુંબઈમાં હાઈટાઈડને કારણે પાણી મરીનડ્રાઈવ સુધી આવી ગયું હતું. જ્યારે છત્તીસગઢમાં સતત વરસાદ બાદ નેશનલ હાઈવે નંબર 30 પાણીમાં ગરકાવ થઈ ગયો છે. તો બિહારમાં કોસી અને ગંડક નદીના જળસ્તરમાં ભારે વધારો થવાથી પૂરની સ્થિતિ સર્જાઈ છે.

કર્ણાટકમાં છેલ્લા બે મહિનામાં વરસાદ સાથે જોડાયેલી ઘટનાઓમાં 73 લોકોના મોત થયા છે. હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પ્રિમ બંગાળ, ગુજરાત, ઓડિશા, કેરળ અને કર્ણાટકના ઘણાં વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. બીજી તરફ દેશના ઘણા રાજ્યોમાં બફારો અને ગરમી જોવા મળી રહી છે. બિહારની વાત કરીએ તો હવામાન વિભાગે ભોજપુર, જેહાનાબાદ સહિત 19 જિલ્લામાં વરસાદનું એલર્ટ આપ્યું છે. સાથે જ પટણા, મુઝફ્ફરપુર સહિત બાકીના 19 જિલ્લામાં પણ વરસાદની સંભાવના દાખવી છે.

# રેવડી કલ્ચર ગંભીર મુદ્દો, અર્થતંત્રને નુકશાન થાય છે : સુપ્રીમની ફરી ટકોર

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે 'રેવડી કલ્ચર'ને ગંભીર મુદ્દો ગણાવ્યો છે. ગુરુવારે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ચૂંટણીની મોસમ દરમિયાન રાજકીય પક્ષો દ્વારા મફત આપવાનું વચન એ 'ગંભીર મુદ્દો' છે, કારણ કે તે અર્થતંત્રને નુકસાન પહોંચાડે છે. સુપ્રીમ કોર્ટમા અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી, જેમાં ચૂંટણી દરમિયાન મતદારોને આકર્ષવા માટે મફત આપવાનું વચન આપતાં રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં ચૂંટણી ઢંઢેરા અને તેમાં આપવામાં આવેલા વચનો માટે રાજકીય પક્ષોને જવાબદાર ઠેરવવા જણાવ્યું છે. ચીફ જસ્ટિસ એન.વી. રમના અને જસ્ટિસ કૃષ્ણ મુરારીની બેન્ચે કહ્યું કે, ચૂંટણી દરમિયાન અતાર્કિક મફત ભેટનું વચન આપનારા રાજકીય પક્ષોને માન્યતા રદ કરવાનો વિચાર અલોકતાંત્રિક છે. બેન્ચ તરફથી ચીફ જસ્ટિસે કહ્યું કે, હું કોઈપણ રાજકીય પક્ષની નોંધણી રદ કરવાના મુદ્દામાં જવા માંગતો નથી, કારણ કે તે એક અલોકતાંત્રિક વિચાર છે, આખરે આપણી પાસે લોકશાહી છે. તેમણે કહ્યું કે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન અતાર્કિક મફત આપવાનું વચન એ ગંભીર મુદ્દો છે, પરંતુ જો આ અંગેની બંધારણીય સ્થિતિ સ્પષ્ટ ન હોય તો પણ તેઓ વિધાનસભાના ક્ષેત્રમાં અતિક્રમણ કરશે નહીં. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એન.વી. રમનાએ કહ્યું કે, કોઈ એવું નથી કહેતું કે, આ કોઈ મુદ્દો નથી. આ એક ગંભીર મુદ્દો છે. કેટલાક લોકો જે મેળવે છે, તે મેળવવાનું ચાલુ રાખવા માંગે છે, કારણ કે આપણી પાસે કલ્યાણકારી રાજ્ય છે.

# યોગી આદિત્યનાથને બોમ્બથી હુમલો કરી ઉડાવી દેવાની ધમકી

**લખનઉ**

સીએમ યોગી આદિત્યનાથને બોમ્બથી હુમલો કરી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ વખતે પણ યુપી-112માં વોટ્સએપ નંબર પર મેસેજ મોકલીને ધમકી આપવામાં આવી હતી. ધમકી આપનાર વ્યક્તિએ તેનું નામ શાહિદ જણાવ્યું હતું અને કહ્યું કે, તેને ત્રણ દિવસમાં બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. સુશાંત ગોલ્ફ સિટી કોતવાલીમાં FIR દાખલ કરવામાં આવી છે. પોલીસ પ્રશાસન અને ગુપ્તચર એજન્સી આ મામલે તપાસ કરી રહી છે. કંટ્રોલ રૂમ યુપી-112ના ઓપરેશન કમાન્ડર સુભાષ કુમારે FIR નોંધાવી છે કે, 2 ઓગસ્ટની સાંજે ઓપરેશન ઈન્ટરનેટ મીડિયાના વોટ્સએપ નંબર પર એક મેસેજ આવ્યો હતો કે, સીએમ યોગીને 3 દિવસમાં ઉડાવી દેવામાં આવશે.



# ભારત-મ્યાનમાર બોર્ડર પર જવાનો- ઉગ્રવાદીઓ વચ્ચે ગોળીબાર

**નવી દિલ્હી**

ભારત-મ્યાનમાર સરહદ પારથી આવેલા ઉગ્રવાદી જૂથોએ આજે પ્રથમ અરુણાચલ પ્રદેશ અને ત્યારબાદ નાગાલેન્ડમાં અસમ રાઈફલ્સના જવાનો ઉપર ગોળીબાર કર્યો હતો. અરૂણાચલમાં આજે વહેલી સવારે તિરાપ ચાંગલાંગ વિસ્તારમાં આ ઘટના બની હતી. નાગાલેન્ડમાં ડેન પંગશામાં પણ આવી ઘટના બની હતી. અરૂણાચલ પ્રદેશમાં થયેલા ગોળીબારમાં આસામરાઈફલ્સના એક JCO ઘાયલ થયા છે. હાલમાં કોઈ અન્ય પ્રકારના નુકસાનના અહેવાલ નથી.

# પોસ્ટ ઓફિસ સ્ટાફે સેવિંગ્સ સ્કીમ હેઠળ કરોડોની ઉચાપત કરી : CAG

## ખોટી રીતે પૈસા ઉપાડી છેતરપિંડી આચરી હતી

**મુંબઈ**

દેશમાં પોસ્ટ ઓફિસોનાં સ્ટાફ દ્વારા સેવિંગ્સ સ્કીમોમાં લોકોનાં જમા રહેલા રૂ. 96 કરોડની ઉચાપત કરવામાં આવી હોવાનાં આક્ષેપો કરવામાં આવ્યા છે. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (CAG) એ કહ્યું હતું કે નવેમ્બર 2002થી સપ્ટેમ્બર 2021 વચ્ચેનાં ગાળામાં રૂ. 95.62 કરોડની ઉચાપત કરાઈ હતી. ઓડિટર્સ રિપોર્ટમાં આક્ષેપ કરાયા હતા કે દેશનાં જુદાજુદા પોસ્ટલ સર્કલમાં સ્ટાફનાં લોકોએ પબ્લિકનાં પરસેવાની કમાણીની ઉચાપત કરીને પૈસા સગેવગે કરવાનું કૌભાંડ આચર્યું હતું. પોસ્ટનાં સ્ટાફ દ્વારા કેટલાક લોકોનાં ખાતામાંથી ખોટી રીતે પૈસા ઉપાડી છેતરપિંડી આચરવામાં આવી હતી. ઉચાપતની આ રકમ ભલે આંકડાની દ્દષ્ટિએ નાની લાગતી હોય પણ આમઆદમી માટે તો તે પરસેવાની કમાણી હતી. લોકો અનેક વર્ષોથી પોસ્ટ ઓફિસ સેવિંગ્સ સ્કીમોમાં તેમની બચતનું રોકાણ કરતા આવ્યા છે.

# મહિલા સાથે ઉદ્ધત વર્તન કરનાર બીજેપી નેતા શ્રીકાંત ત્યાગીની મેરઠથી ધરપકડ

**નોઈડા**

નોઈડાની ગ્રાન્ડ ઓમેક્સ સોસાયટી માં મહિલા સાથે ગેરવર્તણૂક કરનારા કથિત નેતા શ્રીકાંત ત્યાગીની પોલીસે ધરપકડ કરી લીધી છે. ત્યાગી સાથે પોલીસે 3 લોકોની મેરઠથી ધરપકડ કરી છે. શ્રીકાંત નોઈડાની સોસાયટીમાં મહિલા સાથે ગેરવર્તણૂક મામલે ફરાર હતો. આ પહેલા નોઈડા પોલીસે ગેંગસ્ટરની કાર્યવાહી કરી તેના પર 25 હજારનું ઈનામ પણ જાહેર કર્યું હતું. મળતી માહિતી પ્રમાણે શ્રીકાંત ત્યાગી સતત પત્ની અને વકીલ સાથે વાત કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તેના કારણે જ પોલીસને તેના લોકેશનની જાણકારી મળી હતી. ત્યારબાદ પોલીસે મેરઠથી તેની ધરપકડ કરી છે.

**મોંઘવારીને કાબુમાં રાખવા સરકારના મરણિયા પ્રયાસો**

# ઘઉંના લોટ, સોજી, મેંદાની નિકાસ પર 14મીથી પ્રતિબંધ : નોટિફિકેશન જાહેર

**નવી દિલ્હી**

દેશમાં મોંઘવારીને કાબુમાં રાખવા માટે કેન્દ્ર સરકારે ઘઉં અને ખાંડ પછી હવે ઘઉંના લોટ, મેંદા અને સોજીની નિકાસ પર ૧૪મી ઓગસ્ટથી પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)ના પરિપત્ર અનુસાર ઘઉંના લોટ, સોંજી અને મેંદાના નિકાસકારો ક્વોલિટી સર્ટિફિકેટ વગર તેની નિકાસ કરી શકશે અને આ નિકાસ પ્રતિબંધ ૧૪મી ઓગસ્ટથી લાગુ થશે. કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ ૮મીથી ૧૪મી ઓગસ્ટ વચ્ચે મેંદા અને સોજીના માત્ર એ કન્સાઈનમેન્ટની નિકાસને મંજૂરી અપાશે, જે આ નોટિફિકેશન જાહેર થયા પહેલાં જહાજ પર લોડ થયા હશે અથવા તે માલ કસ્ટમને સોંપવામાં આવેલ હોય અને સિસ્ટમમાં નોંધાયેલ હોય તો તેને ૧૪ ઓગસ્ટ પહેલા નિકાસ માટે મોકલી શકાશે. નવી પોલિસી હેઠળ ઘઉંના લોટ, સોજી અને મેંદાની નિકાસ માટે પણ સમિતિની મંજૂરી જરૂરી રહેશે.

# ધર્મના નામે ઢોંગ : મહિલા પર દુષ્કર્મના કેસમાં MPના મિર્ચી બાબાની ધરપકડ

**ભોપાલ**

લોકસભા ચૂંટણી 2022માં દિગ્વિજય સિંહ માટે ચૂંટણી પ્રચાર કરીને ચર્ચામાં આવેલા વૈરાજ્ઞાનંદ ગિરી ઉર્ફે મિર્ચી બાબાની ભોપાલ મહિલા પોલીસે ધરપકડ કરી છે. મિર્ચી બાબા પર એક મહિલાએ દુષ્કર્મનો આરોપ લગાવ્યો છે. પીડિત મહિલાએ આરોપ લગાવ્યો છે કે, તે બાબાને એટલા માટે મળી હતી કારણ કે, તેને સંતાન નહોતા. બાબાએ તેનો જ ફાયદો ઉઠાવીને તેની સાથે દુષ્કર્મની ઘટનાને અંજામ આપ્યો હતો. બાબાએ પીડિતાને ધમકી પણ આપી હતી કે, તે આ ઘટના વિશે કોઈને ન જણાવે. પીડિતાના નિવેદન બાદ કથિત સંત વૈરાજ્ઞાનંદ ગિરી ઉર્ફે મિર્ચી બાબા પર FIR નોંધાતાં તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

# ... અંદરથી એક ગોરી અમેરિકન યુવતી બહાર આવી

**ગતાંકથી શરૂ...**

કેટલાયે દિવસો સુધી એ સાવ સૂનમૂન રહી.

માનસિક મૂર્છામાંથી બહાર આવતાં એને થોડાક દિવસો લાગ્યા. આનલ લાગણીશીલ હતી પરંતુ મનથી એ મક્કમ પણ હતી. એણે મનોમન નિર્ણય કરી લીધો હતો કે, વિક્રમ ગમે ત્યાં એને હું શોધીને જ રહીશ.

બરાબર છ માસ સુધી એ રેખાને ત્યાં રહી અને એમ કરતાં કરતાં તે અમેરિકન રીતભાત શીખી ગઈ. પાશ્ચાત્ય વ્યવહાર અને વાણી પણ એણે શીખી લીધાં. અંગ્રેજી તો એને આવડતું હતું. પણ હવે તે 'પોલિશ્ડ' પણ બની ગઈ. ધીમે ધીમે એણે પતિની શોધ શરૂ કરી. એ અરસામાં મોબાઈલ ફોન નહોતા પરંતુ માત્ર લેન્ડલાઈન ફોન જ હતા. એ સમયગાળામાં અમેરિકામાં કોઈ પણ વ્યક્તિને શોધવી હોય તો ટેલિફોન ડિરેક્ટરી ઉથલાવો એટલે વ્યક્તિ મળી જ જાય, કારણ કે દરેક વ્યક્તિ ટેલિફોન ધરાવે છે. આનલે શિકાગોની ડિરેક્ટરી ફેંદી નાંખી પણ વિક્રમના નામે ક્યાંયે ફોન નંબર નહોતો. શિકાગો અમેરિકાના ઈલીનોય નામના રાજ્યમાં આવેલું છે. એણે ત્યાં આવેલાં શિકાગોની આસપાસનાં નાનાં-નાનાં શહેરોની પણ ડિરેક્ટરી ફેંદવા માંડી. ભારે પરિશ્રમને અંતે આખરે એને વિક્રમનું નામ જડ્યું, એનો ફોન નંબર પણ મળ્યો. સરનામું તો એની પાસે હતું જ. વિક્રમ શિકાગોથી દૂરના એક ટાઉનમાં રહેતો હતો.

બસ આનલને તો આટલું જ જોઈતું હતું. એ પહેલું પ્લેન પકડી શિકાગો ઊપડી. અમેરિકાની સિસ્ટમને એ બરાબર જાણી સમજી ચૂકી હતી. શિકાગો પહોંચી ત્યાંથી કેબ પકડી એ સીધી જ એ ટાઉનમાં પહોંચી અને સીધી જ પતિના ઘેર.

આનલનું હૃદય ફરી ધડકી રહ્યું હતું. એને વિક્રમને જોવો હતો. આટલાં વર્ષો બાદ વિક્રમ કેવો લાગતો હશે? એ પોતાને ઓળખશે કે કેમ એની એને ચિંતા હતી અને ઓળખશે તો પોતાને સ્વીકારશે કે કેમ? લાખ લાખ મથામણો અનુભવી આનલે ડૉરબેલનું બટન દબાવ્યું. બારણું ખૂલ્યું.

અંદરથી એક ગોરી અમેરિકન યુવતી બહાર આવી. એ આશ્ચર્યથી આનલને જોઈ રહી અને આનલ પણ એ ગોરી યુવતીને જોઈ રહી. આનલે પૂછ્યું, 'ઈઝ ઈટ વિક્રમ્સ હાઉસ?' (શું આ વિક્રમનું ઘર છે?)

'યસ' કહીને ગોરી છોકરીએ પૂછ્યું, 'યસ... યુ વૉન્ટ ટુ સી હીમ?" (તમારે એને મળવું છે?)

'હા.'

પછી તો ગોરી યુવતીએ એને અંદર આવવા કહ્યું .

આનલ અંદર પ્રવેશી.

બેઉ જણ બેઠાં. વિક્રમ ઘરમાં નહોતો.

ગૌરી યુવતીએ કહ્યું, 'હું વિક્રમની પત્ની બાર્બરા છું. તમે કોણ છો?

આનલ બોલી, 'હું પણ વિક્રમની પત્ની આનલ છું. હું તેમની ભારતીય પત્ની છું. ઈન્ડિયામાં એમણે મારી સાથે લગ્ન કરેલાં છે.'

આનલે તરત જ એના પર્સમાંથી મેરેજ સર્ટિફિકેટ કાઢીને બાર્બરાને બતાવ્યું. બાર્બરા સ્તબ્ધ થઈ ગઈ, કારણ કે સાત વર્ષથી તે વિક્રમની પત્ની તરીકે વિક્રમની સાથે જ રહેતી




હતી અને વિક્રમ ભારતમાં કોઈને પરણેલો છે એ વાતની એને ખબર નહોતી. બલકે વિક્રમે એ વાત પોતાનાથી છુપાવી હતી. બાર્બરા તો કેટલીયે વાર સુધી શૂન્યમનસ્ક બનીને બેસી રહી. આનલ

એના ચહેરાની ભીતર ચાલી રહેલી ગડમથલને વાંચવા કોશિશ કરી રહી હતી.

વિક્રમ હજી ઘેર આવ્યો નહોતો.

બાર્બરાના ચહેરા પર ભારે વિમાસણ હતી. તે અમેરિકન હતી. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં જન્મેલી ને ઊછરેલી હતી પરંતુ નીતિ અને મૂલ્યોમાં તે માનતી હતી. વિક્રમના પ્રેમમાં પડીને તે પરણી હતી. પણ વિક્રમને આવો જૂઠો એણે કદી ધાર્યો નહોતો. વિક્રમ પોતાનાથી આવું સાત-સાત વર્ષ છુપાવશે એવું એણે કદીયે ધાર્યું નહોતું. એણે મનોમન ખૂબ વિચારી લીધું અને મનમાં કશીક પાકી ગાંઠ વાળી લીધી. આનલને એણે સાંત્વન આપ્યું અને એના માટે ચા-નાસ્તો પણ પીરસ્યાં. બાર્બરા અને આનલે પેટભરીને ખૂબ વાતો કરી. બાર્બરાને હવે ખાતરી થઈ ચૂકી હતી કે વિક્રમ ભારતમાં આનલને પરણેલો જ છે.

બાર્બરાએ કહ્યું, 'આનલ ! હું કાંઈક કરવા માગું છું. તું મને સહકાર આપીશ?'

'હા... પણ શું?'

'એ બધું ના પૂછ, પણ જે કાંઈ હશે તે તારા હિતમાં જ હશે.' 'ભલે, મને વાંધો નથી.'

'તો ચાલ. તૈયાર થઈ જા. આપણે બહાર જઈએ. મારે તને બાર્બરા બનાવી દેવી છે.'

આનલ કશું સમજી નહીં. પણ તે અને બાર્બરા ટાઉનમાં જવા નીકળી પડ્યાં. સડસડાટ દોડતી બાર્બરાની ટોયેટો કાર એક બ્યુટી પાર્લર પાસે જઈને પાર્કિંગ પ્લોટમાં ઊભી રહી. બાર્બરા આનલને પાર્લરમાં લઈ ગઈ અને આનલની હેરસ્ટાઈલ પાશ્ચાત્ય ઢબની કરી નાખવા એણે લેડી હૅકટરને સૂચના આપી. આનલની આઈબ્રોને પણ વિશિષ્ટ વળાંક આપી તેના ચહેરાને બ્લીચ કરી ફેસિયલ દ્વારા ચમકાવી દેવાયો. ઘેર પાછા આવી બાર્બરાએ પોતાના વૉર્ડરોબમાંથી એક સુંદર મજાનો બ્લુ રંગનો સિલ્કી ડ્રેસ બહાર કાઢ્યો. બાર્બરાએ આનલને કહ્યું, 'આનલ ! તારી સાડી ઉતારી નાખ અને મારો ડ્રેસ પહેરી લે. તને બરાબર થઈ રહેશે.'

આનલે બાર્બરાનું મીડી-ફ્રોક પહેરી લીધું.

'મેગ્નિફિસન્ટ', બાર્બરાથી બોલાઈ જવાયું, 'અદ્ભુત ! આનલ. તું ખરેખર સુંદર લાગે છે.'


આનલ તો સાવ બદલાઈ જ ગઈ. એ રૂપાળી તો હતી જ. પરંતુ હતું તે વેસ્ટર્ન લેડીના સ્વાંગમાં ખરેખર સ્વરૂપવાન લાગતી હતી. આનલ થોડી શરમાતી હતી. થોડોક સંકોચ અનુભવતી હતી. પરંતુ બાર્બરાની આ બધી ગડમથલને તે થોડીક પામી શકી હતી. થોડુંક ના પણ સમજી શકી. એક અમેરિકન યુવતી એક ભારતીય સ્ત્રી માટે આટલું બધું શા માટે કરે? વળી સ્ત્રીસહજ ઈર્ષ્યા બાજુએ મૂકીને બાર્બરા પોતાને આ ઘરમાંથી દૂર કરવાને બદલે સાંજે વિક્રમ ઘેર આવે ત્યારે પોતાને આ નવા જ સ્વાંગમાં તે પેશ કરવા માંગતી હતી. એટલું તો તે સમજી ગઈ હતી.

ભારતમાં જ લોકોના ચારિત્ર્ય ઊંચા છે ને અમેરિકાના લોકો બધા ચારિત્ર્યહીન છે એવો દંભી ભારતીય ખ્યાલ અહીં ખોટો પડી રહ્યો હતો. સાંજ પડતાં પહેલાં બાર્બરા નજીકના ફ્લોરિસ્ટની શોપમાં જઈ ફૂલનો ગુચ્છો લઈ આવી અને બેઉ વિક્રમના આવવાનો ઈંતેજાર કરવા લાગ્યાં. સાંજ ઢળી ગઈ. પરંતુ અમેરિકામાં સંધ્યા જેવી કોઈ ચીજ નથી. બલ્કે કોઈએ ભાગ્યે જ બાલ્કનીમાં બેઠાં બેઠાં નમી રહેલા સૂરજને નિહાળ્યો છે. ગગનચુંબી મકાનો પર ચમકતી રોશની રાત પડવા જ દેતી નથી.

(ક્રમશ આવતાં અંકે)

## જાણવા જેવું

### વિટામિન એટલે શું? અને તેનું આપણા શરીરમાં શું કામ?




વિટામિનની ઉણપથી ઘણી શારીરિક તકલીફો અને રોગ પેદા થાય છે. આ વિટામિન શું છે તે જાણો છો? આપણા ખોરાકમાં ચરબી, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ વગેરે દ્રવ્યો હોય છે. ૧૨મી સદીમાં વિજ્ઞાાનીઓએ એક નવું દ્રવ્ય શોધી કાઢયું છે કે જે રોગોથી બચે છે તેને વિટામિન નામ અપાયું છે. ફળો, શાકભાજી, દૂધ, વગેરેમાં થોડા પ્રમાણમાં વિટામિન હોય છે પણ તે કામ મોટું કરે છે. વિજ્ઞાાનીઓએ ઘણા પ્રકારના વિટામીન શોધી તેને એ, બી, સી, ડી, ઇ અને કે જેવા નામ આપ્યા. વિટામીન શરીરમાં જઈ સીધી શક્તિ આપતા નથી પરંતુ પ્રોટીન અને એન્ઝાઇમ સાથે મળીને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. વિટામિનનો શરીરમાં સંગ્રહ થતો નથી એટલે દરરોજ ખાવા પડે. વિવિધ વિટામિન વિવિધકામો કરે વિટામિન સી હાડકાને મજબૂત રાખે. તો વિટામિન એ આંખો માટે ફાયદાકારક છે. માત્ર ખોરાક જ નહીં સૂર્યપ્રકાશ દ્વારા ચામડીમાં પણ વિટામિન ડી તૈયાર થાય છે. વિજ્ઞાાનીઓએ સંશોધનો કરીને કયા કયા ખાદ્યપદાર્થોમાં કયા વિટામિન હોય છે તે શોધી કાઢયું છે.

### સેટેલાઇટ ટીવીમાં કઈ રીતે પ્રસારણ થાય છે?



મહત્ત્વની મેચ અને ઓલિમ્પિક ગેમનું એક જ સ્થળે સમગ્ર વિશ્વમાં જીવંત પ્રસારણ જોવા મળે છે. એક સાથે સમગ્ર દુનિયાના ટી.વી. પ્રસારણના સિગ્નલો કઈ રીતે પહોંચે છે તે જાણો છો ? સેટેલાઇટ ટી.વી. દ્વારા આ શક્ય બન્યું છે. પૃથ્વી ગોળાકાર છે. સિગ્નલો સીધી લીટીમાં ગતિ કરે છે એટલે જમીન પર રહેલા પ્રસારણ કેન્દ્રના સિગ્નલોને પૃથ્વી બહાર અવકાશમાં રહેલા સેટેલાઇટને મોકલવામાં આવે છે. સેટેલાઇટ પૃથ્વી પર બધી જ જગ્યાએ સિગ્નલો મોકલી શકે છે. આ પ્રકારનું કામ જીઓસ્ટેશનરી સેટેલાઇટ કરે છે. જીઓસ્ટેશનરી સેટેલાઇટ અવકાશમાં ફરે છે પરંતુ હંમેશા પૃથ્વીના એક જ વિસ્તાર પર રહે છે કોઈ પણ સ્થળેથી આવેલા સિગ્નલો તે સમગ્ર પૃથ્વી પર મોકલી શકે છે. આથી વિશ્વભરમાં એક જ સ્થળે રખાતી મેચનું જીવંત પ્રસારણ એક સાથે થાય છે.

### ઉત્તરાખંડનું નંદાદેવી નેશનલ પાર્ક અને વેલી ઓફ ફ્લાવર્સ



ઉત્તરાખંડમાં આવેલા નંદાદેવી નેશનલ પાર્ક અને વેલી ઓફ ફ્લાવર્સ હેરિટેજ સાઇટ્સમાં સ્થાન પામ્યા છે. ફૂલોની આ ખીણમાં કુદરતી સૌંદર્યનો ખજાનો છે. હિમાલયના ઢોળાવ પર આવેલી આ ફૂલોની ખીણ ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. ૩૨૦૦ થી ૩૫૦૦ મીટરની ઊંચાઈએ, ૩૫૦૦થી ૩૭૦૦ મીટરની ઊંચાઈએ અને ૩૭૦૦ કરતાં વધુ ઊંચાઈએ એમ ત્રણ સ્તરમાં વિવિધ પ્રકારના વૃક્ષો અને ફૂલછોડ ઊગે છે. કેટલાંક ફૂલો તો વિશ્વમાં ક્યાંય જોવા ન મળે તેવા છે. આ ખીણમાં ૬૦૦ જેટલાં ફૂલો તેના તેજાબી રંગો અને મનમોહક આકાર માટે જાણીતા છે. આ ખીણમાં નવી જાતના ૫૮ ફૂલછોડ પણ મળી આવ્યા છે. વિશ્વભરમાં ભાગ્યે જ જોવા મળતું બ્રહ્મકમળ આ ખીણમાં થાય છે. ફૂલોની ખીણમાં વનસ્પતિના વૈવિધ્યની સાથે ૧૩ જાતના વિશિષ્ટ પ્રાણીઓ, ૧૧૪ જાતના સુંદર પક્ષીઓ માત્ર અહીં જ જોવા મળે છે. વિશ્વભરમાં માત્ર પ્રવાસીઓ જ નહીં પણ વનસ્પતિશાસ્ત્રીઓ, પ્રાણી શાસ્ત્રીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓ પણ આ ખીણની મુલાકાતે આવે છે.

# રશિયાએ હુમલો કરતાં યુરોપના સૌથી વિશાળ પરમાણુ પ્લાન્ટનો કચ્ચરઘાણ

## રશિયાએ 42200 સૈનિકો, 1805 ટેન્ક અને 223 વિમાનોનો ખાત્મો કર્યો

**કીવ**

યુક્રેન પર રશિયાના આક્રમણના લગભગ સાડા પાંચ મહિનામાં આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીએ યુરોપના સૌથી મોટા પરમાણુ પ્લાન્ટને ભારે નુકસાન થયું હોવાનો અને તેનાથી રેડિયેશનનું જોખમ ઊભું થયું હોવાનો દાવો કર્યો છે. આઈએઈએએ ચેતવણી આપતા રવિવારે કહ્યું કે, રશિયાએ શુક્રવારે ઝાપોરિજિયામાં પરમાણુ પ્લાન્ટ પર કરેલો હુમલો આગ સાથે રમવા સમાન છે. આ હુમલામાં પ્લાન્ટને ભારે નુકસાન થયું છે. જોકે, રશિયન સંરક્ષણ મંત્રાલયે યુક્રેને પ્લાન્ટ પર હુમલો કર્યાનો આક્ષેપ કર્યો હતો.

આંતર-રાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (આઈએઈએ) ના પ્રમુખ રાફેલ મારિયાનો ગ્રોસીએ જણાવ્યું છે કે રશિયાએ શુક્રવારે કરેલા હુમલામાં ઝાપોરિજિયા સ્થિત યુરોપના સૌથી



મોટા ન્યુક્લિયર પ્લાન્ટને ભારે નુકસાન થયું છે, જેનાથી આ વિસ્તારમાં રેડિયેશનનો ભય ફેલાયો છે. યુરોપના સૌથી મોટા ન્યુક્લિયર રીએક્ટર ઉપર થયેલી બોમ્બ વર્ષાથી હું ઘણો ચિંતાતુર છું. તેનાં રેડિયેશનથી આસપાસના વિસ્તારનાં જાહેર સ્વાસ્થ્ય અને પર્યાવરણ ઉપર પણ ભય ઉભો થયો છે.

# દક્ષિણ-મધ્ય ઈંગ્લેન્ડમાં લેવલ 3 હીટ હેલ્થ એલર્ટ જારી કરાઇ

**લંડન**

બ્રિટન આ દિવસોમાં આત્યંતિક તાપમાનનો સામનો કરી રહ્યું છે, કારણ કે મેટ ઑફિસે ગુરુવારથી રવિવાર સુધી ઈંગ્લેન્ડ અને વેલ્સના ભાગોમાં ભારે ગરમી માટે ચાર દિવસની એમ્બર ચેતવણી જારી કરી છે.



હવામાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, અમુક સ્થળોએ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસ અથવા 36 ડિગ્રી સુધી પહોંચી શકે છે. હવામાન કચેરીના જણાવ્યા અનુસાર, આ વખતે તાપમાન જુલાઈના તાપમાન જેટલું આત્યંતિક નથી. છેલ્લી વખત ગરમીએ રેકોર્ડ તોડ્યો હતો જ્યારે બ્રિટનના કેટલાક વિસ્તારોમાં ગરમીનો પારો પ્રથમ વખત 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર ચઢ્યો હતો. દુષ્કાળની સ્થિતિ, ગયા મહિનાની વિક્રમજનક ગરમીના મોજા સાથે જોડાયેલી, નદીઓ, જળાશયો અને સુકાઈ ગયેલી જમીન, ખેતી, પાણી પુરવઠા અને વન્યજીવનને અસર કરે છે અને જંગલમાં આગ લાગવાનું જોખમ વધી જાય છે.

# ચાઈના આક્રમણ કરવાની સંપૂર્ણ તૈયારીમાં છેઃ તાઇવાનનો આરોપ

**તાઇપે**

યૂરોપ પછી પૂર્વ એશિયામાં આવેલું તાઈવાન બીજુ યુક્રેન બને તેવી શકયતા ઉભી થઇ છે. રશિયાએ જેમ યુક્રેનને પડાવવા ઇચ્છે છે તેમ ચીનને તાઇવાન પોતાનામાં ભેળવી દેવું છે. યુક્રેનનો જેમ રશિયા સાથે ઇતિહાસ છે તેવી જ રીતે તાઇવાનનો પણ ચીન સાથેનો ઇતિહાસ છે.


છેલ્લા 70 વર્ષથી તાઇવાન ચીનથી અલગ અસ્તિત્વ રાખીને ટકી ગયું છે પરંતુ ચીનનો ડોળો હજુ પણ આર્થિક દ્રષ્ટીએ સમ્પન બનેલા તાઇવાન પર મંડાયેલો છે. છેલ્લા કેટલાક સમયથી બદલાયેલા સમય સંજોગોમાં ચીન તાઇવાનને ધમકી આપી રહયું છે એટલું જ નહી યુધ્ધાભ્યાસ શરુ કર્યો છે. મિસાઇલ પ્રક્ષેપણ, અપપ્રચારથી માંડીને તમામ હથકંડા અપનાવવા લાગ્યું છે. તાઇવાને આરોપ મુકયો હતો કે ચીને આક્રમણની તૈયારીના ભાગરુપે સેના અધિકારીઓને વોરબૂક જોઇ લેવાની પણ સૂચના આપી છે. આમ કરીને તે તાઇવાનનું મનોબળ તોડવા ઇચ્છે છે. તાઇવાનના વિદેશમંત્રી જોસેફ વૂ એ દાવો કર્યો હતો કે સ્વશાસિત દ્વીપ પર આક્રમણ કરવાના હેતુંથી જ ચીન સૈન્યાભ્યાસ કરી રહયું છે. તાઇવાનને પણ જવાબમાં લાઇવ ફાયર અભ્યાસ શરુ કર્યો છે.

# અમેરિકાના પૂર્વ પ્રમુખ ટ્રમ્પના ફલોરિડા સ્થિત મકાનમાં એફબીઆઈના દરોડા

## ગુપ્ત દસ્તાવેજો ઘરમાં છુપાવ્યા છે કે નહીં તેની તપાસ શરૂ થઈ

**વૉશિંગ્ટન**

ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન (એફબીઆઇ)એ અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના માર-એ-લાગો સ્થિત મકાનમાં દરોડા પાડયા હતાં. ટ્રમ્પે જણાવ્યું હતું કે એફબીઆઇ એજન્ટોએ તેમની તિજોરી પણ તોડી નાખી છે. તેમણે જણાવ્યું હતું કે આવા હુમલા ગરીબ અને વિકાસશીલ દેશોમાં જ થાય છે. અમેરિકાના પ્રમુખે એક નિવેદન જારી કરી જણાવ્યું હતું કે ફલોરીડાના તેમના મકાનમાં તપાસ ચાલી રહી છે. તેમણે



જણાવ્યું હતું કે આ આપણા દેશ માટે ખરાબ સમય છે કારણકે ફલોરિડાના પામ બીચમાં માર-એ-લાગોના મારા સુંદર ઘર પર એફબીઆઈ એજન્ટના મોટા જૂથે ઘેરાબંધી કરી છે, દરોડા પાડયા છે અને પોતાના કબજામાં લઇ લીધો છે. અમેરિકાના કોઇ પણ પ્રમુખ સાથે અગાઉ આવું ક્યારેય થયું નથી. તેમણે જણાવ્યું હતું કે તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહકાર આપવા છતાં મારા ઘરમાં મને જાણ કર્યા વગર દરોડા પાડવા યોગ્ય નથી. વાસ્તવમાં અમેરિકાનું ન્યાય મંત્રાલય એ વાતની તપાસ કરી રહ્યું છે કે શું ટ્રમ્પે ૨૦૨૦માં વ્હાઇટ હાઉસ છોડયા પછી પોતાના ઘરમાં કોઇ ગુપ્ત દસ્તાવેજ તો છુપાવ્યા નથી.

# ચીનનમાં વધુ ખતરનાક વાયરસ ઝૂનોટિક લેંગ્યાની એન્ટ્રી, 35 કેસ મળતા અફરાતફરી

**શાંઘાઇ**

દેશભરમાં કોરોના કાળ ફેલાયા બાદ લોકોનું જનજીવન જાણે ઠપ થઇ ગયુ હતુ. ત્યારે તે બાદ એક પછી એક નવા વેરિએન્ટ અને વાયરસ આવતા રહ્યાં છે. ચીનમાં વાયરસ જોવા મળ્યો છે. જેના કારણે લગભગ 35 લોકો પણ સંક્રમિત જોવા મળ્યા છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે, તાઈવાન આ વાયરસના ચેપને ઓળખવા અને મોનિટર કરવા માટે ન્યુક્લિક એસિડ ટેસ્ટિંગ પદ્ધતિ શરૂ કરશે. આ વાયરસ ચીનના શેનડોંગ અને હેનાન પ્રાંતમાં જોવા મળ્યો છે. એક મીડિયાના જણાવ્યા પ્રમાણે આ વાઈરસ પ્રાણીઓથી માણસોમાં ફેલાઈ શકે છે. તાઇવાનના સીડીસીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ચુઆંગ ઝેન-હસિઆંગે રવિવારે જણાવ્યું



હતું કે,સ્ટડીમાં સામે આવ્યુ છે કે,વાયરસ માનવથી માનવમાં સંક્રમિત થતો નથી. સીડીસી એમ નથી કહ્યું કે, વાયરસ વિશે વધુ માહિતી ન આવે ત્યાં સુધી સતર્ક રહેવા જણાવ્યું છે.

# PM શરીફની આલોચના કરવી ભારે પડી, ઈમરાન પ્રવક્તાની ધરપકડ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના એક નજીકના સહયોગીની મંગળવારે એક ખાનગી ટેલિવિઝન ચેનલને આપેલા ઈન્ટરવ્યુ દરમિયાન કથિત રીતે દેશદ્રોહની ટિપ્પણી કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. આ પહેલા ચેનલના પ્રસારણ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.



પાકિસ્તાન PTIના નેતા શહબાઝ ગિલે સોમવારે એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને પૂર્વ વડાપ્રધાનને સેના વિરુદ્ધ દર્શાવવા માટે શહબાઝ શરીફ સરકારની તીખી આલોચના કરી હતી. પાકિસ્તાનની ઈલેક્ટ્રોનિક મીડિયા રેગ્યુલેટરી ઓથોરિટીએ ચેનલ પર પ્રસારિત થતી સામગ્રીને 'ખોટી, નફરત ફેલાવનારી અને રાજદ્રોહ' ગણાવીને તેમને કારણ જણાવો નોટિસ પાઠવી હતી.

# કોરોનાને લીધે ચીનના સાન્યા શહેરમાં લોકડાઉનથી 80,000 પર્યટકો ફસાયાં

**બેઇજિંગ**

કોરોનાના કારણે ફરી એક વખત ચીનની સ્થિતિ કથળી રહી છે. ચીનના 'હવાઈ' તરીકે પ્રખ્યાત એવા સાન્યા શહેરની સ્થિતિ એટલી ગંભીર છે કે, ત્યાં લોકડાઉન લાગુ કરી દેવાયું છે. જેને પગલે 80,000થી પણ વધારે પર્યટકો ત્યાં ફસાઈ ગયા છે. કોરોનાના કેસની સંખ્યા વધી જવાના કારણે સાન્યા શહેરમાં શનિવારે તમામ પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ બંધ કરીને સઘન લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. આ સમય દરમિયાન શહેરમાં સૌથી વધુ સંખ્યામાં પર્યટકો પહોંચતા હોય છે. સાંજે 6:00 કલાક બાદ પરિવહન પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. પ્રતિબંધ ક્યારે દૂર કરાશે તે વિશે કોઈ માહિતી સામે નથી આવી.

**યુદ્ધને પગલે યુરોપ, મધ્ય પૂર્વ, એશિયન દેશોને અસર**

# રશિયા-યુક્રેન, ચાઈના-તાઇવાન વચ્ચેનું ઘર્ષણ USને ફળ્યું, શસ્ત્રોનું વેચાણ વધ્યું

**ન્યૂયોર્ક**

રશિયા-યુક્રેન યુધ્ધ લાંબું ચાલતા યુરોપ, મધ્ય પૂર્વ અને એશિયન દેશોના અર્થતંત્ર પર વિપરીત અસર થઇ છે. ક્રુડ ઓઇલ મોંઘું થવાથી ફયૂઅલના ભાવમાં રોકેટગતિએ વધારો થયો હતો પરંતુ રશિયા-યુક્રેન યુધ્ધ અમેરિકાને ફળ્યું છે એટલું જ નહી ચાઇના-તાઇવાન તણાવમાં પણ ફાયદો થઇ રહયો છે. જાપાન વર્તમાન સીમા સુરક્ષાને ધ્યાનમાં રાખીને એઆઇએમ-120 અમરામ મિસાઇલો કરોડો ડોલરના ખર્ચે ખરીદી રહયું છે. એટલું જ નહી અમેરિકી વિદેશ વિભાગે હવાથી હવામાં પ્રહાર કરતી 150 જેટલી મિસાઇલો અને અમેરિકી એફ 35 પાઇટર પ્લેન પણ સુરક્ષા માટે તૈનાત કરી રહયું છે. જેમાંથી મિસાઇલની એક યૂનિટની કિંમત જ 3 થી 4 લાખ ડોલર અંદાજવામાં આવી છે. જાપાન પછી અમેરિકાએ સિંગાપુરને પણ 630 મિલિયન ડોલરના લેઝર ગાઇડેડ બોંબ અને વિભિન્ન પ્રકારની યુદ્ધ સામગ્રી વેચવાની પણ મંજૂરી આપી છે.

# આર્થિક મંદીને લીધે ચીનમાં અલી બાબાએ 10 હજાર લોકોને નોકરીમાંથી કાઢ્યા

**શાંઘાઇ**

થોડા દિવસો પહેલા સમાચાર આવ્યા હતા કે, ચીનના હેનાન પ્રાંતમાં પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું, કારણ કે બેંકોમાં જમા પૈસા ઉપાડવા પર પ્રતિબંધ છે. ચીનની સડકો પર પોલીસ અને બખ્તરબંધ ટેન્ક પણ ઉતરી આવી હતી. હવે એક નવા સમાચાર આવ્યા છે, જે વધુ સ્પષ્ટ કરે છે કે, ચીન અને ચીની કંપનીઓની આર્થિક સ્થિતિ બગડી રહી છે. ચીનની જાણીતી કંપની અલીબાબાએ તેના 10,000 કર્મચારીઓની છટણી કરી છે. બિઝનેસ સ્ટાન્ડર્ડના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, આ ચીની દિગ્ગજ કંપનીએ ખર્ચમાં કાપના નામે મોટા પાયે કર્મચારીઓની છટણી કરી છે.

THANK YOU BIRMINGHAM | SEE YOU IN VICTORIA

# કોમનવેલ્થ ગેમ્સનું સમાપન : 61 મેડલ સાથે ભારત ચોથા ક્રમાંકે





**બર્મિંગહામ**

બર્મિંગહામ ખાતે યોજાયેલી ૨૨મી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨નું એલેકઝાન્ડર સ્ટેડિયમ ખાતે રંગારંગ કાર્યક્રમો સાથે સમાપન થયું હતું. ક્લોઝિંગ સેરેમનીમાં ગેમ્સની શરૂઆતથી અંત સુધી તથા બર્મિંગહામના ઈતિહાસના અલગ અલગ પાસાઓ દેખાડવામાં આવ્યા હતા. બ્રિટનના પ્રિન્સ એડવર્ડે ૨૨મી ગેમ્સના સમાપનની જાહેરાત કરી હતી. ૧૧ દિવસ સુધી યોજાયેલા રમતોના મહાસાગરમાં ૭૨ દેશના પાંચ હજાર કરતાં વધારે એથ્લેટ્સે ભાગ લીધો હતો.

કોમનવેલ્થ ગેમ્સનો ફ્લેગ ઓસ્ટ્રેલિયાને સોંપવામાં આવ્યો હતો જે બર્મિગહામ ગેમ્સના સમાપનનું પ્રતીક હતું. આગામી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયામાં કરવામાં આવશે. ૨૦૨૬માં ૨૩મી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવામાં આવશે. આ પહેલાં ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટ ખાતે ૨૧મી ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોમનવેલ્થમાં ભારત અને પાકિસ્તાનના મુકાબલા ઉપર તમામની નજર રહી હતી. ભારતે માત્ર ક્રિકેટમાં જ નહીં પરંતુ અન્ય ગેમ્સમાં પણ પાકિસ્તાની એથ્લેટ્સને વિવિધ દસ ગેમ્સમાં હરાવ્યા હતા. બેડમિન્ટન સિંગલ્સમાં આકર્ષી કશ્યપે મહરુર શહજાદને, મેન્સ ડબલ્સમાં સાત્ત્વિક અને ચિરાગની જોડીએ અલી તથા ભટ્ટીની પાકિસ્તાની જોડીને હરાવી હતી. મિક્સ ડબલ્સમાં પણ પાકિસ્તાન સામે ૫-૦થી એકતરફી વિજય મેળવ્યો હતો.

## શરથ કમલ અને નિકહત ઝરીન ધ્વજવાહક બન્યાં

**સમાપન સમારંભમાં ગોલ્ડ મેડલ વિજેતા ટેબલટેનિસ પ્લેયર શરથ કમલ અને બોક્સર નિકહત ઝરીન ભારતીય ટીમના ધ્વજવાહક રહ્યા હતા. ભારતના કેટલાક મેડલ વિનર વતન પરત ફરી ચૂક્યા હોવાના કારણે ભારતીય ટુકડીની સંખ્યા ઓપનિંગ સેરેમની કરતાં ઓછી જણાતી હતી.**

## ૭૭.૪૬ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ, ૧૧૧ વિદેશ પ્રવાસ અને પાંચ વિશેષ કેમ્પ બાદ ભારતને ૬૧ મેડલ્સ મળ્યા

**ટોક્યો ખાતે ૨૦૨૧ની ઓલિમ્પિક પૂરી થયા બાદ ભારત સરકાર અને રમતમંત્રાલયે બર્મિંગહામ ખાતેની ૨૨મી કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. શૂટિંગ ઇવેન્ટની ગેરહાજરી રહી હોવા છતાં ભારત ૬૧ મેડલ્સ સાથે ચોથા ક્રમે રહ્યું છે. ટોક્યો ઓલિમ્પિક બાદ ભારતે દેશના સ્ટાર એથ્લેટ્સને વિશેષ ટ્રેનિંગ આપીને મેડલ્સ જીતે તે માટે ૭૭.૪૬ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કર્યો હતો. આમ જોવા જઇએ તો બર્મિંગહામ ગેમ્સમાં ભારતને એક મેડલ ૧.૨૬ કરોડ રૂપિયામાં પડયો છે. ટોક્યો ગેમ્સ બાદ ભારતીય ખેલાડીઓ માટે કુલ ૧૧૧ વિદેશ પ્રવાસ યોજવામાં આવ્યા છે જેમાં એથ્લેટિક્સના ૧૦, બેડમિન્ટનના ૨૬, બોક્સિંગમાં સાત, હોકીમાં ૧૪, પેરા સ્પોર્ટ્સમાં સાત, સ્ક્વોશમાં ૨૩, ટેબલટેનિસમાં આઠ, વેઇટલિફ્ટિંગમાં છ તથા રેસલિંગમાં ૧૦ વિદેશ પ્રવાસ યોજવામાં આવ્યા હતા.**

### ભારતને 22 ગોલ્ડ અને 16 સિલ્વર મેડલ મળ્યા

| ટીમ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ઓસ્ટ્રેલિયા | ૬૭ | ૫૭ | ૫૪ | ૧૭૮ |
| ઈંગ્લેન્ડ | ૫૭ | ૬૬ | ૫૩ | ૧૭૬ |
| કેનેડા | ૨૬ | ૩૨ | ૩૪ | ૯૨ |
| ભારત | ૨૨ | ૧૬ | ૨૩ | ૬૧ |
| ન્યૂઝીલેન્ડ | ૨૦ | ૧૨ | ૧૭ | ૪૯ |

BIRMINGHAM 2022 commonwealth games

## કોમનવેલ્થ ગેમ્સમાંથી શ્રીલંકાના 10 તથા પાકિસ્તાનના બે એથ્લેટ્સ ગાયબ

**કોમનવેલ્થ ગેમ્સનું સમાપન થઇ ચૂક્યું છે અને ૧૧ દિવસ સુધી રમાયેલી આ ગેમ્સમાં પાંચ હજાર કરતાં વધારે એથ્લેટ્સે ભાગ લીધો હતો. ભારતના પાડોશી દેશ શ્રીલંકાના એથ્લેટ્સે પણ ભાગ લીધો હતો પરંતુ ગેમ્સના સમાપન બાદ ઘટસ્ફોટ થયો છે કે ૧૦ શ્રીલંકન ખેલાડીઓ ગાયબ થઇ ચૂક્યા છે જેમાં નવ એથ્લેટ્સ અને એક અધિકારીનો સમાવેશ થાય છે. શ્રીલંકા બાદ પાકિસ્તાનના પણ બે બોક્સર ગાયબ થઈ ગયા છે. નેશનલ ફેડરેશને આ બાબતની જાણકારી આપી હતી. પાકિસ્તાનની બોક્સર સુલેમાન બલોચ અને નઝીરુલ્લાહ પાકિસ્તાની ટીમ ઇસ્લામાબાદ રવાના થાય તેના કેટલાક કલાકો પહેલાં ગાયબ થઇ ગયા હતા.**



## ટોરન્ટો ઓપન : બેલિન્ડા સામે હાર્યા બાદ સેરેના વિલિયમ્સની ભાવુક વિદાય

**ટોરન્ટો**

અમેરિકાની દિગ્ગજ ખેલાડી સેરેના વિલિયમ્સે ગયા સપ્તાહે સંકેત આપ્યો હતો કે તેની નિવૃત્તિનો સમય પાસે આવી ગયો છે. બેલિન્ડા બેનકિચ સામે ૬-૨, ૬-૪થી હાર્યા બાદ સેરેનાએ ડબ્લ્યૂટીએ ટોરન્ટો માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટમાંથી ભાવુક વિદાય લીધી હતી. આ ટૂર્નામેન્ટમાં તે છેલ્લી વખત રમી હતી. ૪૦ વર્ષીય સેરેના ૨૦૨૨ની સિઝનમાં માત્ર ત્રીજી મેચ રમી હતી. સ્વિટ્ઝર્લેન્ડની બેલિન્ડાએ ધમાકેદાર આઠ એસ ફટકારવા ઉપરાંત પ્રથમ સેટમાં સેરેનાની બે વખત અને બીજામાં એક વખત સર્વિસ તોડી હતી. તેણે મુકાબલો જીતવા માટે ૭૮ મિનિટનો સમય લીધો હતો. યુવા ખેલાડી કોકો ગોફે ઈલેના રિબાકિનાને ભારે સંઘર્ષ કર્યા બાદ બે સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા હોવા છતાં ૬-૪, ૬-૭ (૮-૧૦), ૭-૬ (૭-૩)થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. ચાલુ વર્ષે કોકો ગોફને હરાવીને ફ્રેન્ચ ઓપન વિમેન્સ સિંગલ્સમાં ચેમ્પિયન બનેલી વિશ્વની પ્રથમ ક્રમાંકિત ઈગા સ્વિયાતેકે ઓસ્ટ્રેલિયાની અજલા તામ્લોજાનોવિચને ૫૫ મિનિટમાં ૬-૧, ૬-૨થી હરાવી હતી.

## એશિયા કપ માટે ભારતીય ટીમની ૧૮મીએ ફિટનેસ ટેસ્ટ


**નવી દિલ્હી**

યુએઇ ખાતે ચાલુ વર્ષે એશિયા કપ ટી૨૦ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. એશિયા કપ અગાઉ શ્રીલંકામાં રમાવાનો હતો પરંતુ આર્થિક સંકટના કારણે તેને ગયા મહિને જુલાઈમાં યુએઇ ખાતે શિફ્ટ કરવામાં આવ્યો હતો. શ્રીલંકા અને અફઘાનિસ્તાન વચ્ચે ૨૭મી ઓગસ્ટે રમાનારા મુકાબલા સાથે ટૂર્નામેન્ટનો પ્રારંભ થશે. તેના બીજા દિવસે ગ્રૂપ-એમાં બે પરંપરાગત હરીફ ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે. દુબઇ ખાતે દસ તથા શારજાહમાં ત્રણ મેચો રમાશે અને તમામ મેચ સાંજના ૭:૩૦ કલાકથી શરૂ થશે. એશિયા કપ માટે ભારતીય ટીમ ૨૦મી ઓગસ્ટે દુબઇ રવાના થાય તેવી સંભાવના છે પરંતુ તે પહેલાં ટૂર્નામેન્ટમાં પસંદગી પામેલા ખેલાડીઓએ બેંગ્લોર સ્થિત નેશનલ ક્રિકેટ એકેડેમી ખાતે ફિટનેસ ટેસ્ટ આપવાની રહેશે.

એશિયા કપ માટે પસંદ થયેલા ખેલાડીઓ ૧૮મી ઓગસ્ટે એનસીએ પહોંચશે. ત્યારબાદ તેમની ફિટનેસ ટેસ્ટ લેવાશે અને ૨૦મીએ તેઓ યુએઇ ખાતે રવાના થશે. દુબઇ પહોંચ્યા બાદ ત્રણ દિવસનો ટ્રેનિંગ કેમ્પ યોજાશે જેના કારણે ભારતીય ખેલાડીઓ પાકિસ્તાન સામેની મહત્ત્વપૂર્ણ મેચ પહેલાં સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ થઈ જશે.

## બાઉલ્ટે ન્યૂઝીલેન્ડ બોર્ડ સાથેનો સેન્ટ્રલ કોન્ટ્રાકટ જ તોડી નાખ્યો

**વેલિંગ્ટન**



ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમના પેસ બોલર ટ્રેન્ટ બાઉલ્ટે તેના ક્રિકેટ બોર્ડ સાથેનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ અચાનક તોડી નાખ્યો છે. વર્તમાન સમયમાં સૌથી સફળ બોલર તરીકે ગણાતા બાઉલ્ટે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૫૪૮ વિકેટો ઝડપી છે. તેણે અચાનક સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ તોડવાના કરેલા નિર્ણયથી ન્યૂઝીલેન્ડ બોર્ડ સહિત તેના સાથી ખેલાડીઓ સ્તબ્ધ થયા છે. છેલ્લા કેટલાક વર્ષથી ક્રિકેટના થઈ રહેલા ઓવરડોઝના કારણે તેણે આ નિર્ણય લીધો હોવાનું માનવામાં આવી રહ્યું છે. બાઉલ્ટ હવે પોતાના પરિવાર સાથે સમય પસાર કરવા માગે છે. બાઉલ્ટના નિર્ણય અંગે ન્યૂઝીલેન્ડ ક્રિકેટના સીઈઓ ડેવિડ વ્હાઈટે જણાવ્યું હતું કે બાઉલ્ટ પોતાની રમત પ્રત્યે પ્રામાણિક રહ્યો હતો અને અમે તેના નિર્ણયનો આદર કરીએ છીએ.


## ટી૨૦ રેન્કિંગમાં સૂર્યકુમાર બીજા ક્રમાંકે, શ્રેયસ ઐયરને બે ક્રમાંકનો ફાયદો થયો

**દુબઇ**

ભારતીય બેટ્સમેન સૂર્યકુમાર યાદવ આઈસીસી ટી૨૦ બેટ્સમેનોની યાદીમાં બીજા ક્રમાંકે યથાવત્ રહ્યો છે. શ્રેયસ ઐયર બે ક્રમાંકની આગેકૂચ કરીને ૧૯મા ક્રમાંકે પહોંચ્યો છે. પાકિસ્તાનના બાબર આઝમ પ્રથમ સ્થાને જળવાઈ રહ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે તાજેતરમાં રમાયેલી અંતિમ ટી૨૦માં ૪૦ બોલમાં ૬૪ રનની ઈનિંગ રમનાર ઐયર પ્રથમ ચાર મેચમાં મોટી ઈનિંગ રમી શક્યો નહોતો. બોલર્સમાં સ્પિનર રવિ બિશ્નોઈ અને કુલદીપ યાદવની રેન્કિંગમાં પણ ફેરફાર થયો છે. બિશ્નોઈએ વિન્ડીઝ સામેની બે મેચમાં છ વિકેટ ઝડપી હતી અને તે ૫૦ સ્થાનના ફાયદા સાથે ૪૪મા ક્રમાંકે પહોંચ્યો છે. ચાઈનામેન સ્પિનર કુલદીપે અંતિમ મેચમાં ત્રણ વિકેટ ઝડપી હતી અને તે ૫૮ ક્રમાંકની હરણફાળ ભરીને ટોપ-૧૦૦ બોલર્સમાં પહોંચી ગયો છે. તે હાલમાં ૮૭માં ક્રમાંકે છે. સિનિયર પેસ બોલર ભુવનેશ્વર કુમારે વિન્ડીઝ સામે સારો દેખાવ કર્યો હોવા છતાં તે એક ક્રમાંકની પીછેહઠ કરીને નવમા ક્રમાંકે સરકી ગયો છે. સાઉથ આફ્રિકાના રેઝા હેન્ડ્રિક્સને ઘણો ફાયદો થયો છે. તેણે આયરલેન્ડ સામેની બે મેચમાં ૭૪ અને ૪૨ રનની ઈનિંગ રમી હતી. અને તે ૧૩મા ક્રમે પહોંચ્યો છે.

## સુનીલ છેત્રી સાતમી વખત AIFFનો બેસ્ટ મેન્સ પ્લેયર ઓફ ધ યર બન્યો

**નવી દિલ્હી**



ભારતની નેશનલ ફૂટબોલ ટીમનો સુકાની સુનીલ છેત્રી ૨૦૨૧-૨૨ની સિઝન માટે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એઆઈએફએફ)નો બેસ્ટ પ્લેયર ઓફ ધ યર બન્યો છે. વિમેન્સ કેટેગરીમાં મનીષા કલ્યાણને આ એવોર્ડ મળ્યો છે. છેત્રીએ સાતમી વખત આ એવોર્ડ જીત્યો છે. સુનીલ અને મનીષાને નેશનલ ટીમના કોચ અનુક્રમે ઈગોર સ્ટિમક અને થોમન ડેનર્બીએ વિજેતા તરીકે જાહેર કર્યા હતા. વર્તમાન સમયમાં ફૂટબોલ રમી રહેલા ઈન્ટરનેશનલ ખેલાડીઓની વચ્ચે ત્રીજા સર્વાધિક ગોલ કરવાનો રેકોર્ડ ધરાવતા છેત્રીએ ૨૦૦૭માં પ્રથમ વખત એવોર્ડ જીત્યો હતો. ત્યારબાદ તેણે ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૭ અને ૨૦૧૮-૧૯ની સિઝનમાં પણ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો હતો.

।। સ્વામી શ્રીજી ।।

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# જિંદગી નાની, પણ મજાની છે જો જીવતાં આવડે તો..


શું આપને જીવવું ગમે છે ? આ પ્રશ્ન સાંભળીને તમને થોડું આશ્ચર્ય થયું ને કે આવો તે કાંઈ પ્રશ્ન પુછાતો હશે ? વળી, મનમાં ઘણા જવાબ પણ તરવરવા લાગ્યા હશે કે જીવવું છે એટલે જ તો મન મારીને પણ માસ્ક પહેરીએ છીએ. ગમતું નથી છતાં ઉકાળો અને નાસ લઈએ છીએ. કંટાળો આવે છે છતાં કસરત અને વોકિંગ કરીએ છીએ. અરે ભાઈ ! અત્યારે કોરોના કાળમાં તો જે કરીએ છીએ તે બધું જીવવા માટે જ તો કરીએ છીએ.

આપની વાત કેટલેક અંશે સાચી તો છે જ. પરંતુ જીવવું અને જીવવું ગમે તે, એ બે વચ્ચે ઘણો ફેર છે. કારણ કે, ઘણું ન ગમતું પણ આપણે કરતા જ હોઈએ છીએ ને. ઘણી વાનગી ન ભાવે તોય મૌન રાખીને ખાતા હોઈએ છીએ, ઘણાં કપડાં ન ગમે તોય ચહેરો હસતો રાખીને પહેરતા હોઈએ છીએ અને ઘણાં સંબંધો ન ગમે તોય આપણે કોઈપણ રીતે ટકાવતા હોઈએ છીએ. તેમ ક્યારેક જીવવું ન ગમે તો પણ આપણે દુઃખ-દર્દ ઢાંકીને સુખનો મુખવટો પહેરીને જીવતા હોઈએ છીએ. પણ ક્યારેક આપણી એ છુપી વેદના આપણા જ વચનોથી જગ છતરાઈ થઈ જતી હોય છે.

મને જીવવામાં હવે બિલકુલ રસ નથી રહ્યો. હું એક જીવતી લાશની જેમ જીવું છું. આ સંતાનો ન હોત તો ક્યારનોય મરી ગયો હોત. હું શા માટે જીવું છું તે મને જ સમજાતું નથી. હા ! આ બળાપો છે આપણા પૈકીના જ અનેક હતાશ હૈયાઓનો.

ભગવાન સ્વામિનારાયણના ધામરૂપ સંત અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે: કરોડ રૂપિયા આપતાં પણ મનુષ્ય દેહ મળે નહીં. દેવો પણ જે દેહને ઝંખે તેવું અમૂલ્ય માનવજીવન શા માટે આમ અચાનક ભારરૂપ લાગવા લાગે છે ?

માનવની જીવવાની આશા અને ઈચ્છા મિટાવનારા પરિબળો છે, આર્થિક કટોકટી તો ક્યાંક શારીરિક રોગો, પારિવારિક વિખવાદો તો ક્યાંક ભયંકર ભૂલો, અસહ્ય અપમાનો તો ક્યાંક આઘાતજનક અસફળતાઓ અને પરિણામે હસતી-ગમતી જિંદગી દોઝખ બની જાય છે.



એટલે જ એક કવિએ કહ્યું છે : જિંદગી સાવ નાની છે, તોય મજાની છે. જો આવડે જીવતાં તો, નહિતર પરેશાની છે. **We are born crying, we live complaining and we die disappointed.** આપણે રડતાં જન્મીએ છીએ, ફરિયાદ કરતાં જીવીએ છીએ અને હતાશ થતાં મરીએ છીએ.

જીવનથી હારીને કે કંટાળીને થતાં આપઘાતની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. મોતનો વિચાર આવ્યા પછી પગલું ભરવાની હિંમત ભેગી કરી રહેલાઓના આંકડા તો હજી ક્યાં બહાર આવે જ છે.

દરેકના ઘરમાં રસોઈ બનાવવા માટેનું સીધું-સામાન વગેરે બધું લગભગ સરખું જ હોય છે. આમ છતાં અમુકની રસોઈ વારે-વારે યાદ આવે છે ને અમુકની રસોઈ ફરીયાદ લાવે છે કેમ કે રસોઈ બરાબર કરતાં આવડતી નથી. તેમ ભગવાન પણ બધાને જીવન લગભગ સરખું જ આપે છે. પણ જેને જીવતાં આવડતું નથી તે રડતા રડતા જીવે છે અને જે જીવી જાણે છે તે હસતા હસતા જીવે છે.

એકવાર તળાવમાં ડૂબતા એક બાળકને સજ્જને બચાવ્યો. બાળકે **Thank You** કહ્યું ત્યારે સજ્જને કહ્યું: આભાર શાના માટે ? બાળકે લાગણીભેર કહ્યું: મારુ જીવન બચાવવા માટે. આ સાંભળી સજ્જને મર્મની વાત કરતાં કહ્યું: બેટા ! તું મોટો થાય ત્યારે આ બચાવેલું જીવન સાર્થક થાય તેવું કરજે.

કોરોનામાં આપણે બચી ગયા. અનેકની મદદથી બચી ગયા. આપણને બીમારીમાં દોડી દોડીને ઓક્સિજન, બેડ, વેન્ટીલેટર, રેમડેસીવર કે પૈસાની વ્યવસ્થા કરી બચાવનાર ડોક્ટર, સગા કે મિત્રોને ક્યારેય એવું ન થાય કે આને ન બચાવ્યો હોત તો સારું થાત!!. આપણું જીવવું આપણને અને બીજાને પણ સાર્થક લાગે તે જીવન જીવ્યા કહેવાય.

એકવાર કોઈકે પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે, આપને જીવનમાં ક્યારેય અફસોસ થયો છે ? ૯૫ વર્ષના જીવનમાં અનેક સફળતા અને નિષ્ફળતા, સુખદ અને દુઃખદ પ્રસંગોના સાક્ષી રહેવા છતાં તેઓએ તત્ક્ષણ ઉત્તર આપતાં કહેલું : અફસોસ શાનો ? આનું નામ જીવન જીવ્યા કહેવાય.

આજે આપણી પરિસ્થિતિ કેવી છે ? ઉઠવા-સૂવામાં, ખાવા - પીવામાં, લેવા-દેવામાં, જોવા-બોલવામાં, નોકરી-ધંધામાં વાતે વાતે અને વારે વારે કંટાળો, અકળામણ, થાક, વેઠ અને આવી ફસ્યાની જ અનુભૂતિ થતી હોય છે. શહેર કે ગામડાઓમાં પાદરે કે ઓટલે બેઠેલાં વૃદ્ધોને પૂછો કે શું કરો છો ? તો ઉત્તર મળે છે : બસ સમય પસાર કરીએ છીએ. તેમ કેટલાક લોકો પણ ખાલી વર્ષોને જ વિદાય આપતાં હોય છે. વીતેલા વર્ષનો સંતોષ પણ નહીં અને આવનારા વર્ષનો આનંદ પણ નહીં.

સ્વાદિષ્ટ રસોઈ ખાતી વખતે પણ જો તમને મજા ના આવતી હોય તો વાંક મસાલાનો નહિ આપણાં મનનો છે. તેમ જો તમને જીવવું ગમતું ન હોય તો દોષ પરિસ્થિતિનો નહીં આપણી મનોસ્થિતિનો છે. મોજથી એવું જીવન જીવો કે તમને જોઈને ભગવાન પણ વિચારે કે જે આનંદથી જીવન જીવે છે, તે ભલે પૃથ્વી પર થોડા વર્ષ વધુ રહ્યા, જે ત્રાસી ગયા છે, જે જીવનની ફરીયાદો જ કરે છે તેને જ વહેલા તેડી લો !! પસંદગી તમારા હાથમાં છે !!

**- સાધુ અપૂર્વમુનિદાસ (BAPS RAJKOT)**

# દુબઈમાં ભવ્ય હિન્દુ મંદિર તૈયાર, ભાવિકો માટે દશેરાએ ખુલ્લુ મુકાશે




**દુબઈ**

યુએઈના દુબઈમાં બની રહેલુ ભવ્ય હિન્દુ મંદિર પૂર્ણતાના આરે છે. આ મંદિરમાં દેવી દેવતાઓની 16 મૂર્તિઓની પ્રતિષ્ઠા થવાની છે. દશેરાના દિવસથી આ મંદિર ભાવિકો માટે ખુલ્લુ મુકાશે.

મુસ્લિમ દેશ યુએઈમાં મંદિર બનવાના અહેવાલ બાદ સોશિયલ મીડિયા પર તેને લઈને ઘમાસાણ મચેલુ છે. કટ્ટરવાદીઓ તેનો વિરોધ કરી રહ્યા છે તો હિન્દુ સમુદાયના લોકો યુએઈનો આ માટે આભાર માની રહ્યા છે.

યુએઈના અખબારના અહેવાલ અનુસાર આ મંદિરને દુબઈના જેબેલ અલી વિસ્તારમાં બનાવાઈ રહ્યુ છે.આ વિસ્તારમાં કેટલાક ચર્ચ અને ગુરુદ્વારા પણ છે. મંદિરના લોકાર્પણમાં યુએઈ સરકારના અધિકારીઓ પણ હાજર રહેવાના છે. મંદિરમાં લગ્ન, હવન અને બીજા કાર્યક્રમો યોજી શકાય તે માટેની સગવડો પણ હશે.



દુબઈના હસન સજવાનીએ આ મંદિરના કેટલાક ફોટોગ્રાફ પણ સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. મંદિરમાં એક સાથે 1200 જેટલા ભાવિકો દર્શન કરી શકશે.

હસન સજવાનીના ટ્વિવટને લોકો પસંદ કરી રહ્યા છે પણ કેટલાક કટ્ટરવાદીઓને યુએઈમાં મંદિર બને તે પસંદ આવી રહ્યુ નથી. તેઓ સોશિયલ મીડિયા પર આ બાબતનો વિરોધ કરીને યુએઈ સરકારની ટીકા કરી રહ્યા છે.

# પાક.ના યુધ્ધજહાજને રોકાણની મંજૂરી આપવા શ્રીલંકાનો ઈનકાર

## શ્રીલંકા બાદ બાંગ્લાદેશે પણ ભારત સાથે નિભાવી દોસ્તી

**કોલંબો**

શ્રીલંકાએ તાજેતરમાં ભારત સાથે દોસ્તી નીભાવીને ચીનના જાસૂસી જહાજને પોતાના બંદર પર રોકાવા દેવાનો ઈનકાર કર્યો હતો.

હવે બાંગ્લાદેશે પણ શ્રીલંકાવાળી કરીને ભારત સાથેની મિત્રતા નિભાવી છે. બાંગ્લાદેશ સરકારે ચીનમાં બનેલા પાક નૌસેનાના સૌથી આધુનિક યુધ્ધ જહાજ પીએનએસ તૈમૂરને પોતાના બંદર પર લાંગરવાની પરવાનગી આપવાની ના પાડી દીધી છે. આ જહાજ શક્તિશાળી રેડાર અને ગાઈડેડ મિસાઈલ્સથી સજ્જ છે અને તે શાંઘાઈથી પાક સેનામાં સામેલ થવા માટે કરાંચી જઈ રહ્યુ છે. પાક અને ચીન ઈચ્છતા હતા કે આ જહાજ બાંગ્લાદેશ થઈને પાકિસ્તાન જાય.જેથી બંગાળની ખાડીમાં આંદામાન નિકોબાર પાસેથી પસાર થતી વખતે ભારતીય નૌસેનાની હિલચાલની જાસૂસી કરવાની તેને તક મળે અને પાકના જહાજનુ શક્તિપ્રદર્શન પણ થઈ શકે. સાથે સાથે ચીન બાંગ્લાદેશમાં આ જહાજને રોકાણ કરાવીને ભારતને સંદેશ આપવા માંગતુ હતુ કે, બાંગ્લાદેશ પણ ચીન સાથે છે. બાંગ્લાદેશમાં ચીને પોર્ટ બનાવવામાં મદદ કરી છે. ચીન પાસે બાંગ્લાદેશે મોટા પાયે હથિયાર ખરીદયા છે. આમ ભારતને ઘેરવા માટે ચીન તમામ કોશિશ કરી રહ્યુ છે. જોકે આ વખતે બાંગ્લાદેશે ચીનને ઝટકો આપ્યો છે.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking





TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
**Cell: 647-866-2790**
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings





**MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence**

Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 2017-2021

**COMING UP FOR SALE IN AUG/SEPT 2022**
- Motel near Hamilton Under $4M
- Franchise Hotel 3 Hrs E of GTA Under $7M
- Franchise Hotel 1.5 Hrs E of GTA- Under $6.5M
- Motel near Windsor Under $6M

**URGENT: MOTEL LISTINGS REQUIRED**
Preferably Motels around $3 Million price range & within 4 hours from GTA for some serious and qualified buyers.

**12 TO 45 ROOM MOTEL IN NORTHERN ONTARIO**
Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)

**MOTEL OPERATOR / WORKING PARTNER REQUIRED**
Good Salary + Partnership (20% to 50%)
Minimum $200,000 investment required

**RECENTLY SOLD MOTELS NEAR.....**
Sault Ste. Marie, Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay

**JOB AVAILABLE: FOR MOTELS IN NORTHERN ONTARIO**
- **Housekeeper/Cleaner** For room cleaning and general work, accommodation available for the couple / small family
- **Motel Operator** To run the motel professionally. Front desk + housekeeping work- Good salary &free accommodation.
- **Working Partner** To invest min $200K, stay & operate/manage the motel Partnership % + Salary + accommodation.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100